
કુમાર

૩૬૯

સંસ્થાપક · રવિશંકર રાવળ

આવતી કાલનાં
નાગરિકો માટેનું
આજનું માસિક

વર્ષ ૩૧મું · અંક ૯મો
સપ્ટેમ્બર
૧૯૫૪
તંત્રી
બચુભાઈ રાવત



જબલપુર પાસે
આરસના પહાડો વચ્ચે વહેતી નર્મદા
ચિત્રકાર: અમૃતલાલ વેગડ



બૌદ્ધ ભિખ્ખુ આનંદ અને ચાંડાલિકા   ચિત્રકાર: સોમાલાલ શાહ   કુમાર · સપ્ટેમ્બર ૧૯૫૪

પ્રસંગકથા જાણવા ઇચ્છનારે કવિવર રવીન્દ્રનાથ ઠાકુરનું નાટક 'ચાંડાલિકા' જોવું. ઑક્સફર્ડ યુનિવર્સિટી પ્રેસે બહાર પાડેલી 'ચંપક લાયબ્રેરી'માળામાં તેનો અંગ્રેજી અનુવાદ પ્રકટ થયો છે.

કુમાર — સપ્ટેમ્બર ૧૯૫૪ — અંક ૩૬૯

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂા. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ: બાર આના

અહીં પ્રકટ થતી દરેક વસ્તુ માટે 'કુમાર'માંનું એક ત્રિરંગી ચિત્ર ભેટ મોકલાશે.

વાચકો લખે છે

ઑગસ્ટ અંકમાં 'પંચપલ્લવમાં જાંબુનો કંઇ ઉલ્લેખ મળતો નથી' એ કથનના સમર્થનમાં એક સંસ્કૃત શ્લોકની લીટી વાંચવામાં આવી. એ વિષયમાં લખવાનું કે, 'શબ્દચંદ્રિકા'માં

अश्वत्थोदुम्बरप्लक्षचूतन्यग्रोधपल्लवा:।
पञ्चपल्लवमित्युक्तं सर्वकर्मणि शोभते॥

એમ પાંચ પલ્લવ ગણાવ્યા છે એ વાત સાચી, પરંતુ અન્યત્ર જુદી ગણના જોવામાં આવે છે:

आम्र-जम्बू-कपित्थानां बीज पूरक बिल्वयो:।
गन्ध कर्माण सर्वत्र पत्राणि पंचपल्लवम्॥

આમાં, જાંબુના પાનની પંચપલ્લવોમાં ગણતરી સ્પષ્ટ કરેલી છે. આ ઉપરાંત અન્ય એક ગણના 'તાન્ત્રિકકર્મણિ'માં આવી છે:

'पनसाम्रं तथाश्वत्थं वटं बकुलमेव च।'

(અમદાવાદ) —હરિનારાયણ આચાર્ય

ઑગસ્ટ અંકમાં પૃષ્ઠ ૩૩૮ ઉપર 'ટપાલની ટિકિટોમાં ભૂલ' નામના લેખ માટે જણાવવાનું કે એક આનાની ટિકિટ ઉપર 'નટરાજ'ની મૂર્તિનું નહિ પણ 'બોધિસત્વ'નું ચિત્ર છે.

(નડિયા) —વિનુ વી. જાલનાકર

ઑગસ્ટ અંકમાં છગનભાઇ ભક્તે વીંછીની વેદના દૂર કરવા હરતાલ, હિંગ ને લીંબુરસનો પ્રયોગ બતાવ્યો છે; પણ આંબલીનો કચૂકો શેકેલો કે શેકયા વિનાનો લઇ, થોડાભાગમાંથી તેની છાલ ઉખેડી નાખી પથ્થર ઉપર કોરેકોરો ઘસીને વીંછી કરડ્યો હોય ત્યાં અડકાડવાથી આપોઆપ ચોંટી જશે અને ઝેર ઊતરી ગયા પછી આપમેળે પડી જશે. અનુભવસિદ્ધ છે.

(મુંબાઇ) —જે. જે. ભરડા

આપણા માસિકમાં ગૃહઉદ્યોગને લગતી માહિતી જો આપ આપી શકો તો આજના ભિકારીના વખતમાં આમ જનતાને ઘણી ઉપયોગી થઈ પડે.

(વ્યારા) —શશિકાંત શાહ

કુમારનાં આગળ-પાછળનાં બે-ચાર પાન ફાટી જાય તો નવા વાચકને ખબર ન પડે કે તે શું વાંચી રહ્યો છે. માટે કુમારના દરેક પાન નીચેના પૃષ્ઠાંકમાં 'કુમાર' શબ્દ ઉમેરવો.

(મિંગોયો) —ચી. પ્રા. પંચાલ

વાચકોમાં અત્યંત લોકપ્રિય થએલી, ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી લિખિત 'કાયાની કરામત'ના હપ્તા કદાચ પૂરા થવા આવ્યા લાગે છે. અતિઉચ્ચ કક્ષાના એ હપ્તાઓમાં ટાઇફૉઈડ, કૉલેરા, આર્થ્રાઇટિસ, હૃદયરોગો વગેરે સામાન્ય અને અસામાન્ય રોગોનાં લક્ષણો તથા ચિકિત્સાઓના હપ્તાઓનું અનુસંધાન દરેક વાચકને ઉપયોગી થઈ પડશે.

પુસ્તકરૂપે પ્રસિદ્ધ કરવાનું સૂચન આવકારપાત્ર તો છે જ, પણ જો 'કુમાર' પુસ્તક પ્રસિદ્ધ કરવાનું જ હોય તો રોગોનાં લક્ષણો અને નિદાનો સહિત એ પુસ્તક ગુજરાતી ભાષામાં અત્યંત જરૂરી ને લોકપ્રિય ગણાશે એ નક્કી છે.

(મુંબાઇ) —દેવીદાસ સંપટ

એપ્રિલના 'કુમાર'માં શ્રી જયશંકરભાઇએ પોતાની નાની વયમાં સ્ત્રી તરીકેનો પાઠ કેવી ખૂબીથી ભજવ્યો હતો તેનો આબેહૂબ ચિતાર આવે છે. મોરબી આર્ય સુબોધ નાટક કંપનીનું 'ભરથરી'નું નાટક ભજવવામાં આવી જ ખૂબી અને બાહોશી 'પિંગલા'નો પાઠ ભજવનારા પાત્રે દર્શાવી હતી. એ મોરબી કંપનીની સ્થાપના આશરે ૭૦ અથવા ૭૨ વર્ષ પૂર્વે થઈ હતી. તે વખતે મારી ઉમર ૧૪ કે ૧૫ વર્ષની હતી. (હાલ મારી ઉમર ૮૭ વર્ષની છે.) ભરથરીનું નાટક પહેલી જ વાર સુરતના જાણીતા શહેરી સદ્ગત રા. બા. મુકુન્દરાયજીની વાડીમાં થયું. તે એટલું તો લોકપ્રિય થઈ પડ્યું હતું કે ગુજરાત અને કાઠિયાવાડનાં જુદાં-જુદાં શહેરોમાં ને મુંબાઇમાં પણ એ ભજવી બતાવવામાં આવ્યું હતું. એ કંપનીના સ્થાપક સદ્ગત મૂળજીભાઈ આશારામ 'ભરથરી'નો પાઠ ભજવતા હતા અને પિંગલાનો પાઠ સોળેક વર્ષની વયનો એક યુવક, જેનું નામ મને યાદ નથી, તે ભજવતો હતો. એ યુવકની અભિનયકળા અને ગાવાની મીઠાશ એવાં તો ચિત્તાકર્ષક હતાં કે એ ખરેખર સ્ત્રી જ છે એમ ઘણા પ્રેક્ષકો માનતા. જ્યારે ભરથરી રાજપાટ છોડી ભેખધારણ કરે છે તે વખતે પિંગલા એવી તો કાકલુદીભરેલી આજીજી, રડતી આંખે કરતી કે કેટલાક ઢીલાપોચા પ્રેક્ષકો તો ધ્રુસકેધ્રુસકા મૂકીને રડી પડતા.

(સૂરત) —ચંદ્રવિદ્યાનંદ શ્રીકૃષ્ણાનંદ પંડ્યા

જૂન ૧૯૫૪ના 'કુમાર'માં ભાઈ કાન્તિલાલ પૂ. શાહ 'કાયાની કરામત'ના લેખો માટે જે લખે છે કે 'ગુજરાતી ભાષામાં આવું સમૃદ્ધ વૈજ્ઞાનિક સાહિત્ય લખવાનો આ પ્રથમ પ્રયત્ન છે' એ વિધાન સાચું નથી.

ઈ. ૧૯૪૦ અને ૧૯૪૧માં 'ધી ઑક્ઝિલિયરી નર્સિંઝ, મિડવાઈવ્ઝ ઍન્ડ હેલ્થ વિઝિટર્સ કાઉન્સિલ' તરફથી અનુક્રમે 'માનવશરીરરચનાશાસ્ત્ર' અને 'માનવ-પ્રકૃતિવિજ્ઞાનશાસ્ત્ર' નામનાં બે પુસ્તકો ગુજરાતી ભાષામાં બહાર પાડવામાં આવ્યાં છે. આ બન્ને પુસ્તકોમાં 'કાયાની કરામત'ના વિષયો સારી ભાષામાં ખૂબ જ વિસ્તારપૂર્વક અને ચિત્રો સાથે સમજાવવામાં આવ્યાં છે. આ બન્ને પુસ્તકો આ વિષયમાં રસ ધરાવતા કોઇ પણ માણસને ખૂબ ઉપયોગી થઈ પડે તેમ છે. 'કાયાની કરામત'ના લેખો આ પુસ્તકોના લખાણને મળતાં છે. એટલે 'કાયાની કરામત'ના લેખો એ 'પહેલો પ્રયત્ન' નથી.

(કલકત્તા) —શારદા રામચંદ્ર દેસાઈ

'કુમાર'માં વિદ્યાર્થીઓ માટેનું દરેક જાતનું જે શિષ્ટ સાહિત્ય અપાય છે, તેમાં પ્રસિદ્ધ થતાં પુસ્તકોની નામાવલિ પણ આપવામાં આવે છે. પણ જો પ્રસિદ્ધ થતાં પુસ્તકોમાંથી વર્ષાન્તે અંકના પહેલે કે છેલ્લે પાને શ્રેષ્ઠ પુસ્તકોની યાદી આપવામાં આવે તો વિદ્યાર્થીઓને ઘણી વાર જે હલકા વિચારો તરફ [illegible] વી જાય તેવાં પુસ્તકો હોય છે તે તરફ અણ[illegible]મો થાય અને ઉચ્ચાદર્શોવાળાં પુસ્તકો તરફ તે ખેંચાય. [* ગુજરાતી સાહિત્યમાં બહાર પડતાં બધાં જ પુસ્તકો અમને અવલોકનાર્થે મળતાં ન હોવાથી આ પ્રયત્ન સંપૂર્ણ ન બને અને ગેરસમજ ઊભી થાય એવો ભય રહે છે. —તંત્રી]

પ્રોટીન, કાર્બોહાઇડ્રેટ અને ફૅટના પાચન્ રસો એકસાથે જ માણસની હોજરી તથા આંતરડામાં થઈ ઝરે છે તો પછી તે ત્રણે એક વખતે લેવાથી કશું નુકસાન સંભવિત નથી. ત્રણે વચ્ચે સમતુલા રાખીને માણસ જો પોતાના સ્વાદને પણ સંતોષે તો ખોટું શું?

(મુંબાઇ) —ધીમંત શાહ



પરમધામ પવનારમાં આવેલી ગાંધીસ્મૃતિછત્ર

(સૂરત) —રમણ શેઠ

વરસી ગયા

· ગીત ·

વરસી ગયા રે વાદળમાં વનમાળી;
કહીં હવે પણ ઉરને, નભને ભરતી સૂરત કાળી?

જેઠ લગી તો જલી રહી'તી, કશું ય ન્હોતું કહેણ,
અચિંત્ય આવ્યા, નવનિરખ્યા મેં ભરીભરીને નેણ;
રોમરોમ પર વરસી જઈને બિંદુબિંદુએ બાળી.—વરસી૦

તપ્ત ધરામાં જે શોષાયું, ક્યાંક ઠર્યું વળી કૂપ,
જલધારામાં વહી ગયું એ ઉરને ગમતું રૂપ;
શૂન્ય હતું તે શૂન્ય રહ્યું એ નભને રહે હું ન્યાળી—વરસી૦

પ્રિયકાન્ત મણિયાર

તારો વૈભવ

· પૃથ્વી ·

અહો જલની ઉગ્રતા!
તૂટી મૂશળધાર, તોડી તટકેરી માઝા, ધસી
રચે પ્રલયકાળ; વજ્ર નિજ અદ્રિશૃંગે ઝીકે;
પ્રચંડ બની ધોધ રેત કરી દેતું ગ્રાવા ધસી
ચરાચર સમસ્તનાં કરત સ્તબ્ધ હૈયાં બીકે.

અહો જલનું માર્દવ!
ઊંચેથી ઊતરી ધીમે કુસુમથી ય હળવા બની
હથેલી મહીં પુષ્પની જવું ઝીલાઇ, વા પૃથ્વીની
રજે ભળી જઈ ઊંડે ઊતરી બીજને ભીંજવી
સુકોમલ તૃણોરૂપે પ્રગટવી નવી જિંદગી.

અહો જલની ઉગ્રતા, જલતણું અહો માર્દવ!
વિનષ્ટિ સૃજને કશો પ્રગટ તાહરો વૈભવ!

જયન્ત પાઠક

સૈયર મોરી!

· ગીત ·

હાલી આવતી'તી રાત્ય ધરૂમરઘોરી, રે સૈયર મોરી!
વળી વીસરી ગાગરની તે દોરી, રે સૈયર મોરી;
કે'ને પાણીડાં શેણે ભરાય?
બાંધી ઓઢણી મેં કોરીધાકોરી, રે સૈયર મોરી!
તો યે પ્હોંચે નંઇ જળને બિલોરી, રે સૈયર મોરી;—કે'ને૦
કૂવા કાંઠડે મહુડી કાંઈ મ્હોરી, રે સૈયર મોરી!
માથે બેઠો'તો આહીરનો ઘોરી, રે સૈયર મોરી;—કે'ને૦
કરી આંખે અણસારા ચોરીચોરી, રે સૈયર મોરી!
મુંને બોલાવે આમ ઓરી ઓરી, રે સૈયર મોરી;—કે'ને૦
હું તો નાગરના ઘરની રૈ' ગોરી, રે સૈયર મોરી!
ઝટ નાઠી ગાગર લઇને કોરી, રે સૈયર મોરી.—કે'ને૦

પ્રદ્યુમ્ન તન્ના

પંચ્યાશીમી જયંતીએ



તાત તુજ જ્યોત નિર્મલ જગે ઝળહળે,
મનુજના દિલદિલે દીપ તારો જલે,
જીવનની વેલ નવપલ્લવે પાંગરે,
સર્વ માંગલ્ય તુજ સાધનાના બળે.

તેં પીધાં ગરલ, આપ્યાં જગતને અમી,
સત્ય વિજયી થયું, પાપ-આંધી શમી,
વિસ્તરી આત્મની શાંત નિર્મલ પ્રભા.
માનવી-હૃદયની તપ્ત જે મરૂભૂમિ
ભીંજવી તેં કીધી આર્દ્ર કરૂણાજલે.

તાત તારે પદે નમ્ર હો વંદના,
સ્વપ્ન તારાં, બને એ જ અમ સાધના,
સકલ પુરુષાર્થ અમ તે નિરંતર બનો
તુજ આદેશની મૂક આરાધના.

નાથાલાલ દવે

ગુજરાતમાં નીડર પત્રકારત્વ, શિષ્ટ ગ્રંથપ્રકાશન અને સુરુચિપૂર્ણ મુદ્રણનો

ઇચ્છારામ સૂર્યરામ દેસાઇ

વખતની વણઝાર ચાલી જાય છે ને યુગેયુગે મૂલ્યાંકનો બદલાય છે. વર્તમાનના પ્રકાશમાં ભૂતકાળ હમેશાં ધૂંધળો લાગે છે, એટલે એક કાળના પ્રકાશમાન પુરુષો આજે વીસરાઇ જાય એ સ્વાભાવિક છે. પરંતુ જીવંત રહેવા ઇચ્છતી પ્રજા પોતાના એવા પુરુષોનું સ્મૃતિતર્પણ કર્યા જ કરે છે. નર્મદથી શરૂ થએલા ગુજરાતના નવયુગના એવા એક પુરુષના જન્મદિનની ૧૦૧મી જયંતી ગયા માસમાં આવી ગઈ. ગુજરાતના નીડર પત્રકારત્વ, શિષ્ટ ગ્રંથપ્રકાશન અને સુરુચિપૂર્ણ મુદ્રણના ક્ષેત્રમાં અગ્રયાયી બનીને અવિસ્મરણીય અર્પણ કરી જનાર, નર્મદ પછીના એ એક સાચા 'ગુજરાતી'નું સ્મૃતિતર્પણ, આ નીચે, એમના જ સુપુત્રની કલમે લખાએલાં સ્મરણો તારવીને અમે કરીએ છીએ.

અમારા કુટુંબના મૂળ પુરુષ શા૦ નારણદાસ તાપીદાસ. તેમણે ટોડરમલને જમાબંધીના કામમાં સહાય કરી હતી, તેથી જ્યારે વયમાં વૃદ્ધ થતાં તેઓ પોતાના વતન સુરતમાં પાછા ફર્યા ત્યારે અકબરશાહે તેમને સુરત અને ભરુચ જિલ્લાના મીઠાના મુખ્ય અગરનાં સ્થાનો—પારચોળી, મરોલી, ઓરપાડ, હાંસોટ, ચોરાશી અને બળેશ્વર—ના 'નીમકસારી' તરીકે વંશપરંપરાનો હક્ક આપ્યો.

નારણદાસ પછી સાતમી પેઢીએ થએલા દયારામને કંઇ સંતતિ નહોતી તેથી પોતાની બહેન લક્ષ્મીના પુત્ર સૂરજરામને દત્તક લીધા. એ સૂરજરામનો જન્મ ઇ. ૧૭૯૯માં થએલો. સુરતમાં અંગ્રેજોનું રાજ્ય સ્થપાયા પછી વેપાર-ઉદ્યોગ ભાંગી પડ્યા અને સૂરજરામને ૧૮૧૬માં અંગ્રેજ સરકારના લશ્કરમાં રૂ. ૭)ના પગારે સિપાઈની નોકરી લેવી પડી. તેમણે ઘણી લડાઇઓમાં ભાગ લઇ રીસાલદારની પદવી મેળવેલી. અહમદશા દુરાની સામેની પહેલી અફઘાન લડાઈમાં તેઓ ઠેઠ કાબુલ સુધી ગએલા ને ફારસી—ઉર્દૂ ભાષા સારી જાણતા. અંગ્રેજી સારું બોલી જાણતા, પણ લખી જાણતા નહિ. પહેલી વારનાં પત્ની ગુજર્યાં પછી તેમણે, ૫૧વર્ષની ઉમરે બીજી વાર લગ્ન કર્યાં હતાં. પહેલીવારની પત્નીનાં માબાપ, પોતાની છોકરીનું પલ્લું ગરીબાઇને લીધે પાછું આપી શક્યાં નહિ, તેથી તેમણે બીજી પુત્રી(તે અમારી દાદી પ્રાણકુંવર)ને અગિયારમા વર્ષે અમારા દાદા સાથે પરણાવી.

એ સૂરજરામને ત્યાં બાઈ પ્રાણકુંવરને ઈ. સ. ૧૮૫૩ની ૧૦મી ઑગસ્ટે (સં. ૧૯૧૦ના શ્રાવણ સુદ છઠ્ઠને બુધવારે) ઇચ્છારામનો જન્મ થયો. ગામઠી નિશાળમાં અભ્યાસ કરી ઇચ્છારામ સરકારી નિશાળમાં જોડાયા અને ૧૮૬૬માં અંગ્રેજી નિશાળમાં દાખલ થયા. પણ કુમાર ઇચ્છારામ ઉપર પૂરતી દેખરેખ નહિ હોવાથી અંગ્રેજી શાળામાં તેઓ પૂરો અભ્યાસ કરી ન શક્યા. તેઓને યુક્લિડનો ઘણો કંટાળો હતો. તેથી બાલાજીના મંદિરમાં પુરાણ-કથા-વાર્તા સાંભળવા જતા, જેના સંસ્કાર તેમના આખા જીવન ઉપર રહ્યા.

કૅન્ડીડેટક્લાસસુધીઅંગ્રેજી અભ્યાસ કરીઇચ્છારામે૧૮૭૨-૭૩માં તબિયત ખરાબ થવાથી શાળા છોડી. એ જ અરસામાં સૂરજરામનો પરલોકવાસ થયો ને કુટુંબની મુશ્કેલીઓ વધી. ૧૮૭૫માં ઇચ્છારામે સરકારી ડિપાર્ટમેન્ટલ પરીક્ષા પાસ કરી, પણ ડિસ્ટ્રિક્ટ પ્લીડરની પરીક્ષામાં નાપાસ થયા. પરંતુ આ અભ્યાસ અંગે તેઓમાં શુદ્ધ તર્કાનુસાર લખવાની શક્તિ આવી, અને તેમની લખાવટથી ખુશ થઇને તેમને નાજરની જગ્યાએ લેવાની માગણી થઇ, પણ તે તેમણે ન સ્વીકારી.

નાનપણથી જ ઇચ્છારામને લખવા-વાંચવાનો ભારે શૉખ હતો. પોતાના જમાનાની એક પણ ચોપડી એવી નહિ હોય કે જે તેમણે વાંચી ન હોય. હસ્તલિખિત ગ્રન્થો વાંચવાનો પણ ભારે શૉખ હતો, અને ઠેઠ ૧૮૭૦માં મહાકવિ પ્રેમાનંદ, વલ્લભ અને સુંદર મેવાડા કૃત પદબંધ ભાગવત છાપવાનાં હસ્તપત્રો કઢાવી વહેંચ્યાં હતા. ૧૮૭૨ કે ૭૪માં તેમણે અને તેમના બાલસખા માણેકલાલ જમનાદાસ મ્હલારજીએ મળીને અધિક માસની પુરુષોત્તમ માસની કથા, વ્યાસજી પાસેથી સાંભળીને છપાવી હતી. આ પુસ્તક તે તેમનું પહેલું પ્રકાશન. પુસ્તકો વાંચવા તેઓ બુકસેલર્સ કરસનદાસ નારણદાસની નાણાવટની દુકાને જતા અને એન્ડ્રુસ લાયબ્રેરી સ્થપાઈ ત્યારે તો આખી લાયબ્રેરીનાં પુસ્તકો વાંચી ગયા હતા. એક વખત પાસે પુસ્તક ખરીદવા પૈસા નહોતા, તેથી નવલરામભાઈનું મેઘદૂત કાવ્ય એક મિત્ર પાસેથી મેળવી હાથે નકલ કરી લીધું. આ પ્રમાણે જુવાન ઇચ્છારામે વિદ્યાભ્યાસની ખામી સ્વતંત્રરીતે પુસ્તકો વાંચીને પૂરી કરી હતી.

પણ આમ પુસ્તકો ને છાપાં વાંચવાથી કંઈ કમાણી ન થાય. તેથી માએ ઠપકો દીધો કે 'રામને રળવું નહિ ને સીતાને દળવું નહિ.' એવું ક્યાં સુધી પરવડશે? વહુ મોટી થવા આવી છે, માટે તેના ભરણપોષણનો વિચાર કરો. શૉખ એક બાજુએ તાણે ને નબળી આર્થિક સ્થિતિ બીજી બાજુએભયંકર ચેતવણીઆપે,એમાંથી તોડ કાઢી તેઓ મંછારામ ઘેલાભાઈના 'દેશી મિત્ર' છાપખાનામાં વાંચવા-લખવાનું અને બીબાં ગોઠવવાનું કામ કરવા લાગ્યા. તે વખતે શેક્સપિયરનાં નાટકો ભજવવા તેમણે એક નાટક કંપની કાઢેલી ને તેમાં નટ તરીકે પણ ઊતરેલા.

અંતે ૧૮૭૬માં તેઓ નોકરી શોધવા મુંબાઇ ગયા અને 'આર્ય મિત્ર' સાપ્તાહિક તેના માલિકની નાદુરસ્ત તબિયતને લીધે ચારેક મહિના ચલાવ્યું. તે પછી એક અંગ્રેજી વેપારી પેઢીના ગોડાઉન-કીપર તરીકે રહ્યા. તે કામ સાત મહિને છોડી 'મુંબઇ સમાચાર'માં શેઠ માણેકજીના હાથ નીચે પ્રુફરીડર તરીકે જોડાયા; પણ સ્વતંત્ર મિજાજના હોવાથી ત્યાં ફાવ્યું નહિ ને પાછા ૧૮૭૭માં સુરત આવ્યા. ઘરની સ્થિતિ નબળી હોવાથી તેમના સસરાએ તેમને જણાવ્યું કે, તમે આમ ફાંફાં ન મારો. મારા વાડીફળીઆના ઘરમાં રહો. હું તમને દર માસે ૫૦ રૂ. આપીશ. આ જ વખતે તેમને પોતાનાં નવાં માતુશ્રી સાથે નજીવા કારણસર તકરાર થઇ હતી તેથી રીસમાં ને રીસમાં બાપીકું ઘર છોડી તે વાડીફળીએ પગથીઆ શેરીમાં રહેવા ગયા. ત્યાં મગનલાલ અને છગનલાલ ઠાકોરદાસ મોદી સાથે મિત્રાચારીનાં બીજ રોપાયાં, જે તેમના જીવનકાળમાં મોટા વૃક્ષરૂપે ફાલ્યાં.

સુરતમાં રહ્યા પછી તેમણે દેશીમિત્રવાળા મંછારામ ઘેલાભાઈ, કીકાભાઇ પ્રભુદાસ વગેરે સાથે મળીને એક 'શારદા-પૂજક મંડળી' સ્થાપી અને ૧૮૭૮ના જાન્યુઆરીથી 'સ્વતંત્રતા' નામે માસિક શરૂ કર્યું. આ માસિકે નીકળતાંવાર સારી છાપ પાડી. તેનો પહેલો જ રાજકીય લેખ ઝમઝમાટવાળો હતો. ૧૮૭૮માં સુરતની મ્યુનિસિપાલિટીએ

પાયો નાખનાર અગ્રયાયી

લેખક
શ્રી નટવરલાલ ઇચ્છારામ દેસાઈ



જન્મ
૧૦ ઑગસ્ટ ૧૮૫૩

અવસાન
૫ ડિસેમ્બર ૧૯૧૧

જેમની ૧૦૧મી જયંતી ગયે મહિને આવી ગઈ

ઘરવેરો, દુકાનવેરો વગેરે નાખ્યા. સુરતમાં લવાદ મંડ સ્થાપવા માટે વકીલો અને લોકોના એમ બે પક્ષ બંધાયા. સરકારે મીઠા ઉપર કર બમણો કર્યો તેથી ગરીબ લોકો પણ કકળી ઊઠયા. એટલામાં 'લાઇસન્સ ટૅક્સ'નું નવું લફરું જાગ્યું. આથી ૧૮૭૮ના પહેલા ત્રણ માસમાં સુરતનું રાજકીય, સામાજિક ને આર્થિક વાતાવરણ તોફાની મેઘાડંબર જેવું થઈ ગયું અને ધંધાધાપા વગરના લોકો બહુ અકળાઈ ઊઠયા. એપ્રિલની શરૂઆતમાં હડતાળ પડી. તે હડતાળ ખોલવા સરકાર તરફથી ઘણા પ્રયાસો થયા પણ ખૂલી નહિ, એટલે સરકારે લશ્કર લાવીને ગોઠવ્યું. નવરા કુતૂહલી લોકો જોવા મળ્યા ને બરાનપુરી ભાગળ આગળ મોટું હુલ્લડ થયું. 'સ્વતંત્રતા'ના ત્રીજા અંકમાં ઇચ્છારામે 'અમને રાજકીય સ્વતંત્રતા આપો' એ નામનો એક ઉશ્કેરણીભર્યો આખું લેખ લખ્યો. હડતાળ તોડી પાડવામાં નહિ ફાવેલી પોલીસે સરકારને જણાવ્યું કે હુલ્લડ થવાનાં કારણોમાં એક મોટું કારણ 'સ્વતંત્રતા'નાં લખાણો છે અને આ અગાઉથી રચી રાખેલું સાંકેતિક કાવતરું છે. પોલીસે ઇચ્છારામ અને તેમના મિત્ર જેવા જેવચરામને તાજના સાક્ષી બનાવવા ને 'હુલ્લડ' તે પૂર્વથી ગોઠવી રાખેલું કાવતરું હતુ, તથા 'સ્વતંત્રતા'ના લેખો પોતાના નહિ પણ બીજાઓના હતા, એવી ખોટી જુબાની આપવા માટે બહુ સતાવ્યા. આ બંને જણ તો હિંમતથી પોલીસના ડર રાખ્યા વિના સત્ય પર ઝઝૂમી રહ્યા. કેસ ચાલ્યો, તેમાં ખાસ નિમાએલા સેશન્સ જજ ડૉ. પોલને સઘળા આરોપીઓને નિર્દોષ ઠરાવી મુક્ત કર્યા અને ઇચ્છારામ માટે બહુ ઊંચો મત દર્શાવ્યો. ઇચ્છારામનો બચાવ મહૂમ સર ફિરોઝશાહ મહેતા અને ગીલ બૅરિસ્ટરોએ કર્યો હતો, અને તે જ સમયથી સર ફિરોઝશાહ તેમના રાજકીય વિષયમાં ગુરુ થયા.

'સુરત રાયટ કેસ'માં કીકાભાઇ પ્રભુદાસ ને મંછારામ ઘેલાભાઇ વગેરે પકડાએલા હતા તેથી તેમનાં 'ગુજરાતમિત્ર' અને 'દેશી મિત્ર' એ બે છાપાં જેવચરામ અને ઇચ્છારામે જ ચલાવ્યાં હતાં. આ અનુભવ તેમને આગળ ઉપર 'ગુજરાતી' પત્ર કાઢવામાં ખપ લાગ્યો.

આ પ્રમાણે ગાંઠનું ગોપીચંદન કરી, પૈસાથી ખુવાર થઇ, સસરા તરફથી મળતી રકમમાં માંડમાંડ નિભાવ કરતા જુવાન ઇચ્છારામની સ્થિતિ પાછી કફોડી થઈ પડી. સુજ્ઞ સસરાનું અન્ન ખાઇને જીવન કાઢવું તેમને આકરું લાગતું હતું. તેમાં એકબે વાર માંદા પણ પડી ગયા. એટલામાં ૧૮૮૦માં મુંબાઈમાં સર મંગળદાસ નથુભાઇને એકાદ પત્ર કાઢવાની ઇચ્છા થઈ અને તેમણે આ બાબત એમને ત્યાં એક ટયૂટર તરીકે આવતા સ્વ. ઇચ્છારામ ભગવાનદાસ દલાલને કહી. દલાલે પોતાના મિત્ર ઇચ્છારામ દેસાઇની ભલામણ કરી, ને તેમનાં લખાણ માટે 'સુરત રાયટ કેસ'નો ઇતિહાસ કહી સંભળાવ્યો. મંગળદાસને તે વિચાર પસંદ પડયો અને ઇચ્છારામને સુરતથી તેડાવવા તેમના પરમ મિત્ર મગનલાલ ડા. મોદીને મોકલ્યા. મગનલાલ સુરત ગયા ત્યારે ઇચ્છારામને કાનમાં સખત દુખાવા સાથે તાવ આવતો હતો, તેથી તેઓ મુંબાઈ જવા માટે આનાકાની કરવા લાગ્યા. પણ મગનલાલે ઇચ્છારામને સમજાવી માંદા ને માંદા ગાડીમાં બેસાડયા, અને ત્યારથી જ ઇચ્છારામનો ભાગ્યોદય થયો કહીએ તો ચાલે. આગગાડીમાં જ તેમના કાનનો દુખાવો મટી ગયો ને તાવ પણ ઊતરી ગયો. બીજે દિવસે



ઇચ્છારામ સૂ. દેસાઈ
તેમની કારકિર્દીના મધ્યાહ્નકાળે

સર મંગળદાસનો મેળાપ થયો અને પત્ર કાઢવાનું નક્કી થયું. ગુજરાતના બાયરન કવિ નર્મદાશંકર, રતિરામ દુર્ગારામ દવે, મણિલાલ નભુભાઈ, વૈકુંઠરાય મન્મથરાય વગેરેએ લખાણ આપીને સહાય કરવાની હા પાડી. કવિ નર્મદાશંકરે પત્રનું નામ 'ગુજરાતી' પાડયું. મંગળદાસે નાણાંની સહાય આપવી શરૂ કરી અને 'ગુજરાતી'નો પહેલો શુભાંક તા. ૬ઠ્ઠી જૂન ૧૮૮૦ને દિવસે 'કૈસરે હિંદ પ્રેસ'માં છપાઈ બહાર પડયો.

તે વખતે બધાં વર્તમાનપત્રો પારસીઓને હાથે ચાલતાં. તેથી આ હિંદુ વિચાર દર્શાવનારા પત્રને શરૂમાં વધાવવામાં આવ્યું, પણ તેનો પ્રચાર ઘણો થયો નહિ. પહેલા વર્ષની આખરે માત્ર ૧૪૫ ગ્રાહક થયા. છતાં 'ગુજરાતી' પત્ર ચલાવવાનું ચોક્કસધોરણ ઇચ્છારામે બાંધી રાખ્યું હતું, અને તે જ ધોરણે તેમણે પોતાના અંતકાળ સુધી ચલાવ્યું. ૧૮૮૩ની આખર સુધી આ રગસિયું ગાડું, ચાલ્યા પછી સ્વતંત્ર પ્રેસની જરૂર જણાઇ. ગ્રાહકોની સંખ્યા હવે ૮૫૦ની થઇ હતી. અને પત્ર ધીમેધીમે ગુજરાત-કાઠિયાવાડમાં પગપેસારો કરવા લાગ્યું હતું. તેમાં સામાજિક વિષયોની ચર્ચા કવિ નર્મદાશંકર કરતા, જેમાંના કેટલાક લેખો પાછળથી 'ધર્મવિચાર' નામે પ્રકટ થયા છે.

૧૮૮૪માં 'ગુજરાતી પ્રેસ' સ્થાપવામાં આવ્યું અને તે માટે સર મંગલદાસે રૂ. ૩૦૦૦ની મદદ કરી. ત્યારથી ૮ને બદલે ૧૬ પાનાંનું 'ગુજરાતી' નીકળવા માંડયું. આ 'ગુજરાતી'એ જ રાજકીય વિષયમાં લોકોને રસ લેતા કર્યા. ૧૮૮૫માં રાજકીય મહાસભા કૉંગ્રેસ સ્થપાઈ તેનો 'ગુજરાતી'એ સૌથી પહેલો પક્ષ ખેંચ્યો અને ઇચ્છારામે, પોતાના રાજકીય ગુરુ સર ફિરોઝશાહને પગલે ચાલી, કૉંગ્રેસનું મંતવ્ય તે જ 'ગુજરાતી'નું મંતવ્ય, એ મુજબ રાજકીય ધોરણની રૂપરેખા બાંધી.

અત્યાર સુધી ઇચ્છારામની જિંદગી રાજકીય વાતાવરણમાં પસાર થઇ હતી. પ્રેસ સ્થાપ્યા પછી તેમણે સાહિત્ય અને ધાર્મિક પુસ્તકો છપાવી ગુજરાતી ભાષાની અભિવૃદ્ધિમાં ફાળો આપવા માંડયો.

ઇચ્છારામ પત્રકાર સાથે ગ્રન્થકાર પણ હતા. ૧૮૮૦ પછી મુંબઈમાં આવ્યા ત્યારે તેમને કવિશ્રી સવિતાનારાયણનો સમાગમ થયો. એ સાધુપુરુષ બાળબ્રહ્મચારી હતા. તેઓ પોતાને ખર્ચે 'આર્ય જ્ઞાનવર્ધક' નામનું માસિક ચલાવતા. ઇચ્છારામ તેમાં 'ગંગા-એક ગૂર્જર વાર્તા'નામની સામાજિક કથા કટકેકટકે લખતા. એમાં એક સુરતી ગુજરાતીનું સંપૂર્ણ જીવન આલેખાએલું છે અને તેમાંનું વાતાવરણ ઇચ્છારામના તે સમયના સુરતી ગુજરાતી સમાજનું આબેહૂબ ચિત્ર આ જ છે. પુસ્તકમાં તેમણે એક આડકથા તરીકે 'સુરતની શિવાજીની લૂંટ' નામની ઐતિહાસિક વાર્તા લખી છે. આ બે તેમના પ્રાથમિક પ્રયત્નો છતાં તેમના જીવનકાળમાં સારા વખણાયા ને ગુજરાતી ભાષાના ૧૦૦ શિષ્ટ સ્વતંત્ર ગ્રંથોમાં તેની ગણના થઇ. ૧૮૮૪માં 'ગુજરાતી' પ્રેસની સ્થાપના કર્યા પછી 'આર્ય જ્ઞાનવર્ધક' ઇચ્છારામે રૂ. ૪૦૦માં ખરીદી લીધું, પણ થોડો વખત તંત્રી તરીકે કામ કવિ સવિતાનારાયણ જ કરતા. એમાં ઇચ્છારામના બાળમિત્ર રા. છગનલાલ ઠા. મોદીએ, અકબરના સમયનું સુંદર દર્શન કરાવતી 'ઈરાવતી' નામની મોહક અને રસીલી વાર્તા કટકેકટકે છપાવી.

તે પછી ઈ. ૧૮૭૮માં ઇચ્છારામે 'સ્વતંત્રતા' માસિકમાં લખવા માંડેલી 'હિન્દ અને બ્રિટાનિયા'ની વાર્તા સંપૂર્ણ કરી અને ૧૮૮૬માં લૉર્ડ રીપનને તે અર્પણ કરી પ્રકટ કરી. એ ગ્રન્થમાં ભરતખંડની પ્રજાનું અને રાજસ્થિતિનું બહુ સૂક્ષ્મરીતે સાધકબાધક દૃષ્ટિએ સ્વરૂપ સમજાવ્યું હતું. તેમાં હિન્દનાં દેશી રાજ્યો અને બ્રિટિશ હકૂમત વિષે ગુણદોષ બતાવેલા હોવાથી તેમના ઉપર રાજદ્રોહનો આરોપ મૂકી ઍંગ્લો ઇન્ડિયન પત્રકારોએ તેમની સામે સરકારને ભારે ઉશ્કેરણી કરી હતી. પણ હિન્દનું ખરું હિત હૈડે ધરાવનાર બે અંગ્રેજ ગૃહસ્થોએ આ પુસ્તક વાંચી, તેમાં દોષ જેવું કશું નથી એવું સરકારને ખાનગીમાં જણાવવાર તેમના ઉપર કામ ચલાવવાનું માંડી વળાયું. આ પુસ્તકની ખ્યાતિ તે વખતે ઇગ્લંડ અમેરિકા અને રશિયા સુધી પહોંચી હતી. તેની આ વિખ્યાતિ જોઇને ઇચ્છારામે તેનો લાભ 'ગુજરાતી' પત્રના ગ્રાહકો વધારવા માટે લીધો. ૧૮૮૭માં તે જ પુસ્તક 'ગુજરાતી'નાં જૂનાં ચડી ગએલાં લવાજમ ભરનારાઓને અને નવા ઘરાકોને આપવા જાહેર કર્યું તેથી ગ્રાહકસંખ્યા ૮૫૦-૯૦૦થી એકદમ વધીને ૨૫૦૦ની થઈ. તે વર્ષથી 'ગુજરાતી'એ પોતાનું કદ વધારીને ૨૪ પાનાંનું કર્યું.

૧૮૮૭-૮૮માં તેમણે નારાયણ હેમચન્દ્ર પાસે ઈસ્ટ ઇંડિયા કંપનીનો પ્રારંભ દર્શાવતી 'ગંગા ગોવિંદસિંહ અથવા વૉરન હેસ્ટિંગ્સનો જમણો હાથ' એ નામની ઐતિહાસિક નવલકથા બંગાળીમાંથી ભાષાંતર કરાવીને છપાવી અને 'ગુજરાતી'ના ગ્રાહકોને ભેટ આપી.

૧૮૮૮થી કોટમાં મોદીખાનેથી 'ગુજરાતી' પ્રેસ ટાઉન હૉલ સામે, હાલ જે સાસૂન બિલ્ડિંગ્સમાં છે, ત્યાં ખસ્યું અને તેનું કામકાજ વધારવામાં આવ્યું. પણ તેમ કરતાં દેવાનો બોજો બહુ મોટો ચડી ગયો.

છતાં ૧૮૮૬માં 'બૃહદ્ કાવ્યદોહનનો ભાગ ૧લો' બહાર પાડયો. તે પહેલાં ૧૮૮૫માં મહાકવિ પ્રેમાનંદ કૃત ઓખાહરણ એક જાણીતા વ્યાસ પાસે જૂની પ્રતો મેળવી સુધરાવીને બહાર પાડયું હતું. આ કાવ્યના પ્રકાશનથી જૂનાં ગુજરાતી કાવ્યો છાપવાના તેમના મનોરથનો પાયો નંખાયો. ઘણો લાંબો વખત થયાં (અનુસંધાન પૃ. ૩૭૩મે)

મારું જીવન



ઍન્ટન ચેહૉફની દીર્ઘ કથા

રશિયન વાર્તાકાર ઍન્ટન પાવલોવિચ ચેહૉફની વાર્તાઓમાં 'મારું જીવન' (My Life) સર્વશ્રેષ્ઠ છે, અને એનું કારણ એ છે કે એમાં એનું પોતાનું જ જીવન અમુક અંશે પ્રતિબિંબિત થએલું છે. ઈ. ૧૮૮૩માં એને માત્ર પોતાનાં ભાઈ-બહેનોનાં પોષણ ખાતર ૧૨૦ વાર્તાઓ ને રેખાચિત્રો લખવાં પડેલાં, એ પરથી એની આર્થિક સ્થિતિનો ખયાલ આવી શકે તેમ છે. પોતાના અભ્યાસનું ખર્ચ કાઢવા એ દરજીકામ પણ શીખેલો, પણ એ લાંબું ન ચાલતાં એણે ટ્યૂશનો આપવાનું શરૂ કર્યું. આ મથામણમાં એના અભ્યાસનાં બે વર્ષ બગડેલાં. ચેહૉફના પિતાનો સ્વભાવ અત્યંત કઠોર હતો. બાળકોને મારપીટ તો રોજની થઈ પડી હતી. તેમાં એક દિવસ તો ચેહૉફને એણે કોરડે ને કોરડે ફટકારેલો. ચેહૉફ આ માર જિંદગી સુધી ભૂલ્યો નહોતો. ઈ. ૧૮૮૯માં પોતાના નાના ભાઈ ઉપરના પત્રમાં એણે લખેલું: 'ભાઈ, એ વાત ન ભૂલીશ કે અત્યાચાર તથા અસત્યે આપણી માતાની જુવાની નષ્ટ કરી નાખી, અને અત્યાચાર તથા અસત્યે જ આપણી બાલ્યાવસ્થાને બરબાદ કરી દીધી. કોઈના પર પણ જુલ્મ કરવો એ હદ ઉપરાંતનો અપરાધ છે.'

ગૉર્કીના કહેવા પ્રમાણે, શારીરિક શ્રમ જ સંસ્કૃતિનો મૂળ આધાર હોવાની ચેહૉફને દૃઢ શ્રદ્ધા હતી, એ આ વાર્તામાં એણે નિરૂપી છે. અને સાથે ગર્ભશ્રીમંતાઈના દંભ તથા કુળપરંપરાનાં મિથ્યાભિમાન સામેનો એનો સહૃદય પ્રત્યાઘાત એમાં દેખાય છે. લંડનની કિંગ્સ કૉલેજમાં રશિયન સાહિત્યના વ્યાખ્યાતા તથા લેખક પ્રિન્સ મિર્સ્કીએ ચેહૉફની બે વાર્તાઓને તેની તમામ વાર્તાઓમાં નોખી તરી આવતી ગણાવેલી છે: એક 'My Life' (૧૮૯૫); અને બીજી 'In the Ravine' (૧૯૦૦). તેમાં યે આ વાર્તા વિષે તે લખે છે: 'My Life, especially, is a creation of vast and pregnant significance, with a symbolical grasp that gives it an almost religious character.'

તને અહીં રાખ્યો છે એ ફક્ત તારા બાપના મોંએ, શું સમજ્યો? બાકી તો વહેલો જ કાઢી દીધો હોત.' મારા ઉપરીએ મને સંભળાવ્યું.

'મારામાં ઊડવાની શક્તિનું આરોપણ કરીને તો ખુશામદની હદ કરી દો છો, સાહેબ!' મેં જવાબ વાળ્યો. અને લાગલો જ ઘાંટો સંભળાયો: 'લઈ જાઓ આને. મારું તો માથું પકવી નાખ્યું.'

એ દિવસ રહી મને છૂટો કરવામાં આવ્યો.

ઘેર આવ્યો ત્યારે પિતાજી બેઠા ઘાટની આરામ-ખુરશીમાં મીંચેલી આંખે પડ્યા હતા. મારી વાત સાંભળી એ બોલ્યા, 'તારી માને ઈશ્વરે અકાળે ઉપાડી લીધી એ જ સારું કર્યું. એ જીવતી હોત તો તારો એને હમેશનો સંતાપ રહ્યા કરત. તારું તે હવે કરવું શું? તારા જેટલી ઉમરે તો જુવાનિયાઓ ખાસ્સા પગભર ને સ્થિર થઈ ગયા હોય છે. જ્યારે તું? તારા દીદાર તો જો! લઘરો! ભિખારી! બાપને બોજારૂપ! આવજે કાલે મારી જોડે, અને ઉપરીની માફી માગી લઈ હવેથી બધું કામ કાળજીપૂર્વક કરવાની ખાતરી આપજે. સમાજમાં ચોક્કસ સ્થાન પ્રાપ્ત ન થાય ત્યાં સુધી એકે દિવસ તારે પાડવો ન જોઈએ.'

'પણ સાંભળો તો ખરા!' આમાંથી કશો સાર નીકળવાની આશા વિના જ હું બોલ્યો, 'સમાજમાં સ્થાન મેળવવાનું તમે જે કહ્યું તેનો અધિકાર તો પૈસા અથવા વિદ્યાથી જ પ્રાપ્ત થઈ શકે. જેમની પાસે પૈસા કે વિદ્યા બેમાંનું એકે નથી એ લોકો મજૂરી કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. તો પછી હું પણ એમાં અપવાદરૂપ શા માટે હોઉં?'

'કેવી નાખી દેવા જેવી, વાત કરે છે તું? ઓ મૂરખના સરદાર! આ તગડા શરીરમાં દિવ્ય આત્મા પણ વસે છે જે તને ગધેડા કે ઢોરથી જુદો પાડીને પ્રભુની વધુ નિકટ આણે છે. તારો પરદાદો તો બોરોદીનોનું યુદ્ધ લડનારો એક સેનાની હતો. તારો દાદો પણ કવિ અને વક્તા ઉપરાંત ઉમરાવવર્ગનો યુદ્ધનાયક હતો. તારો કાકો અધ્યાપક છે, અને હું —તારો બાપ, એક સ્થપતિ છું. પોલોઝનેફના વંશવેલાએ જે કંઈ પ્રતિષ્ઠા જમાવી છે તે પર તારે હાથે તો પાણી જ ફરી વળવાનું લાગે છે.'

'ન્યાયી તો બનવું જ જોઈએ.' મેં કહ્યું, 'લાખો લોકો અંગમજૂરી પર નભી જ રહ્યા છે ને?'

'તે છો નભ્યા કરતા! એમનામાં બીજી કશી આવડત નથી બળી માટે ને? અંગમજૂરી તો મૂરખમાં મૂરખ, ગુનેગારમાં ગુનેગાર પણ કરી શકે. ગુલામો ને જંગલીઓના નસીબે એવી મજૂરી જ લખાએલી છે, જ્યારે દિવ્ય પ્રકાશ તો થોડાકને માટે જ નિર્માએલો છે.'

આગળ લંબાવવું નિરર્થક હતું. એમણે તો હું જો મારા ઉપરીની માફી ન માગું તો મને વારસામાંથી બાતલ કરવાની ધમકી સુદ્ધાં આપી.

'મને વારસાનો સવાલ કંઈ બહુ મહત્ત્વનો નથી લાગતો. હું પહેલેથી જ મારો હાથ તે પરથી ઉઠાવી લેવા તૈયાર છું.' મેં જવાબ આપ્યો.

'મારી સામે આટલી લાંબી લૂલી ચલાવવાની હિંમત, પાજી!' બોલતાં એમણે બે તમાચા મારે ગાલે જડી દીધા. નાનપણમાં એ મને મારતા ત્યારે સીધો એમના ચહેરા સામે હું તાકી રહેતો. અત્યારે પણ હું જાણે હજુ યે બાળક હોઉં એમ એમના ચહેરા સામે તાકી રહ્યો. એમનું શરીર તો પાતળું હતું, પણ હાથ બહુ ભારે હતો. હું પાછો હઠતો હતો ત્યાં તો એમણે છત્રી ઉઠાવીને પાછો મને ઝૂડવા માંડ્યો. એટલામાં, આ બધી ધમાલ શાની હતી એ જોવા માટે મારી બહેને દીવાનખાનાનું બારણું ખોલ્યું. જોઈને એ તો ભય ને કરુણામિશ્રિત ચહેરે, મારા બચાવમાં એકે અક્ષર ઉચ્ચાર્યા વિના, પાછી વળી ગઈ.

મજૂરી કરવી, પણ સરકારી કચેરીમાં તો પાછા ન જ જોડાવું એ મારો દૃઢ નિશ્ચય હતો. ત્યાં દિવસનો મોટો ભાગ તો નિષ્ક્રિયતામાં જ વીતતો, જેને એ લોકો બુદ્ધિમત્તાનું કામ ગણાવતા. શારીરિક શ્રમ કરતાં આવી બૌદ્ધિક કામગીરીની કક્ષા મેં હમેશ નીચી માની છે.

સાંજ પડી. એક પછી એક તારા પણ નીકળવા માંડ્યા. મારી બહેનની સાથે ઘર ભણી આવી રહેલા મારા બાપાના હાથમાં બપોરે જેના વડે મને મારેલો એ જ છત્રી હતી. તે વડે બહેનને, આકાશમાં ફૂટતા તારા બતાવતાં એ બોલ્યા: 'આ આકાશ સામે જો. એમાંના ઝીણામાં ઝીણા તારા પણ જુદીજુદી દુનિયાઓ છે. વિશ્વની સરખામણીએ માનવી કેટલો ક્ષુદ્ર લાગે છે!' અને એ શબ્દો તે એવા સ્વરે બોલ્યા કે ક્ષુદ્ર હોવામાં યે પોતે જાણે આત્મશ્લાઘા ન અનુભવતા હોય! ગામમાં એ એકલા જ સ્થપતિ હતા, પણ અફસોસ કે મારી

યાદગીરીનાં પંદરવીસ વર્ષ દરમિયાન ગામમાં સારું ગણાય એવું એકે મકાન બંધાએલું નહોતું. એમને હાથે બંધાએલાં બધાં જ મકાનો એક-સરખાં, અને એમની ઊંચી ટોપી ને અક્કડ ગર્દનની યાદ આપે તેવાં હતાં. ગામલોકોને વખતના વીતવા સાથે મારા પિતાની કલ્પનાદરિદ્રતા સદી ગઈ હતી. એ ઊંડે સુધી પેઠી ગઈ હતી અને ગૃહનિર્માણની એ અમારી સ્થાનિક ચીલાચાલુ પદ્ધતિ બની ચૂકી હતી.

એ જ પદ્ધતિ એમણે મારી બહેનના જીવનમાં અખત્યાર કરી હતી. એનું નામ ફ્લીઓપાત્રા (જેમ મારું નામ મિસાઈલ રાખેલું તેમ) રાખવાથી એમણે શરૂઆત કરેલી. નાનપણથી જ આકાશના તારા, પ્રાચીન કાળના ઋષિમુનિઓ અને અમારા પૂર્વજોની વાતોથી તેમણે એનું મગજ ભરી દીધું હતું. જીવન અને કર્તવ્ય વિષે તેમણે એને ખૂબ-ખૂબ સમજાવેલું. એ એમને ચાહતી પણ એમનાથી શેહ પામતી.

અંધારું થવા આવ્યું હોઈ હું એકઢાળિયામાં પડ્યો હતો. ઘરમાં મારો અલગ ઓરડો હતો, પણ હું એકઢાળિયામાં જ પડી રહેતો, જેમાં છેલ્લાં ત્રીસ વર્ષથી મારા પિતા એમનાં જૂનાં છાપાં ખડકતા આવેલા.

બાપાની નજરે ન પડે તેમ મારી બહેન મારે માટે થોડુંક ખાવાનું લાવી. થાળી ટેબલ પર મૂકીને મારી પથારી પર પડી એ રડવા માંડી: 'મિસાઈલ, આપણા તરફ આ કેવો વર્તાવ!' અને પછી ડૂસકાં ભરતી તે બોલી: 'ફરી પાછી તેં નોકરી છોડી દીધી ને...'

'પણ, બહેન, તું સમજ તો ખરી,—સમજ તો...' પરંતુ એ રડતી જ રહેતાં નિરાશ થઈ મેં મારું બોલવાનું અટકાવી દીધું. જરા સ્વસ્થ થતાં એણે મને નવી બંધાતી રેલવેમાં રહી જવા કહ્યું. પોતે આ વિષે અન્યુતા બ્લાગોવોને વાત કરી હોવાનું પણ તેણે જણાવ્યું. થોડી આનાકાની પછી મેં નમતું મૂક્યું ને આંખમાં આંસુ છતાં એ આનંદથી હસી ઊઠી.

અમારે ત્યાં અવેતન નાટ્યપ્રયોગોને પ્રોત્સાહન આપવામાં આઝોગિન કુટુંબ મુખ્ય હતું. એમને ગામડામાં નવેક હજાર એકર જમીન, મકાન વગેરે હતાં, પરંતુ ગામડાની એમને બહુ પડી નહોતી. કુટુંબમાં એક માતા ને ત્રણ બહેનો હતી, ને એ ખૂબ ગંભીર રહેતી અને હસતી તો કદાપિ નહિ—જાણે હિસાબકિતાબમાં રચ્યોપચ્યો કોઈ હિસાબનીશ!

મને પણ નાટ્યપ્રયોગો ગમતા. હું દશ્યો ચીતરતો, પાઠની નકલો ઉતારતો, પ્રૉમ્પ્ટિંગ કરતો, નટોના ચહેરા મેક-અપ કરતો. વળી જુદી-જુદી સ્ટેઈજ-ઇફેક્ટની કામગીરી પણ મને સોંપવામાં આવતી, જેવી કે ગર્જનાનો અવાજ, બુલબુલના ગાવાનો અવાજ વગેરે.

દશ્યો હું આઝોગિનના આંગણામાં કે પાછળ વાડામાં ચીતરતો. આન્દ્રે ઈવાનોફ નામનો એક મકાનો રંગનારો—અથવા તો, એ પોતે પોતાની જાતને ઓળખાવતો તેમ, 'સર્વ પ્રકારનાં ગૃહસુશોભન-કાર્યનો કૉન્ટ્રૅક્ટર' મને તેમાં મદદ કરતો. પચાસેક વરસના એ ઊંચા, પાતળા, ફિક્કા, વળી ગએલી છાતી, બેસી ગએલાં લમણાં ને આંખો આસપાસ ભૂરાં કુંડાળાંવાળા આન્દ્રેને કશીક આંતરિક વ્યથા સતાવતી રહેતી. દર વસંત ને પાનખરે લોકો એના ખપી જવાની આગાહી કરતા, પરંતુ એ તો ખાટલામાંથી સાજોસમો ઊઠતો અને પછી આશ્ચર્યભાવે કહેતો રહેતો, 'ફરી પાછો એક વાર મોતના મોંમાંથી બચ્યો.'

ગામમાં એ રાદિશના નામે ઓળખાતો અને લોકોના કહેવા પ્રમાણે એ જ એનું સાચું નામ હતું. મારા જેટલો જ એ નાટકોનો શોખીન હતો અને કોઈ નાટક પડવાનું છે એમ સાંભળ્યું કે બધો કામધંધો મૂકી દઈને આઝોગિનને ત્યાં આવી પહોંચતો.

મારી બહેન સાથે વાતચીત થયાના બીજા દિવસે હું આઝોગિનને ત્યાં મારું કામ કરી રહ્યો હતો ત્યાં તો ઓચિંતી મારી બહેને દેખા દીધી.

'મારી સાથે ચાલ તો.' તે બોલી. હું તેની સાથે ગયો. બારણામાં જ અન્યુતા બ્લાગોવો ઊભી હતી. અમારા ગામની સર્કીટ કોર્ટના મદદનીશ પ્રમુખનો હોદ્દો સંભાળી રહેલા અમલદારની તે પુત્રી હતી.

'મારા બાપાએ તમારી ભલામણ કરી છે.' શરમાતી, સંકોચાતી, મારી સામે નજર પણ માંડ્યા વિના તે બોલી: 'ઈજનેર દોલઝીકૉફે રેલવેમાં જગ્યા આપવાનું વચન આપ્યું છે. કાલે જ અરજી કરી દો.'

મેં તેણે ઉઠાવેલી તકલીફ બદલ નીચા નમીને તેનો આભાર માન્યો.

ત્યાંથી મારી બહેન અને એ માદામ આઝોગિન પાસે પહોંચ્યાં અને મારી સામે નજર રાખી બે મિનિટ સુધી એમણે અંદરોઅંદર કંઈક ઘુસપુસ કરી લીધી. 'હા, જરૂર.' મારા ભણી પગલાં માંડતાં માદામ આઝોગિન બોલી: 'જરૂર. તારા કામમાં આથી વિક્ષેપ પડતો હોય તો, આ બીજા કોઇને સોંપી દે; મૂંઝા નહિ, ભલે ઘેર જા.' હું એની વિદાય લઈ ઘેર પહોંચ્યો. બીજા દિવસે દોલઝીકૉફને મળતાં તેણે લાંબી વાતમાં ઊતરવાને બદલે મને દુબેશ્ચાયા જઈ પહોંચવા જ જણાવ્યું.

અમારા ગામથી દુબેશ્ચાયા બારેક માઈલ થતું હોઇને મેં પગે જ ચાલી નાખ્યું. દોલઝીકૉફનો તો પત્તો ન હતો, પરંતુ આન્દ્રે ઈવાનોફ ઊર્ફે રાદિશ મને ત્યાં મળ્યો! એણે એ નવા બંધાતા સ્ટેશનનાં છાપરાં રંગવાનો કૉન્ટ્રૅક્ટ રાખ્યો હતો! હું એની પાસે જ રોજ પર રહી ગયો.

શરૂઆતમાં તો મને બધી જ વસ્તુઓમાં રસ પડવા માંડ્યો. બધું જ મારા માટે નવું હતું, જાણે કે હું નવેસરથી જ જન્મ્યો ન હોઉં! અહીં હું ભોંય પર સૂઈ શકતો ને ઉઘાડે પગે ફરી શકતો હોવાથી ખૂબ આનંદિત બની ઊઠ્યો. લોકો સાથે ગિર્દીમાં ભીંસાતાં અહીં મને કોઈ રોકે તેમ ન હતું. ગાડીમાંનો થોડો પડી જાય તો કપડાં બગડવાનો ડર રાખ્યા વિના હું મદદે દોડી જતો. અને સૌથી ઉત્તમ તો એ હતું કે કોઇને બોજારૂપ બન્યા વિના હું મારી પોતાની જાત પર જીવતો હતો.

રાદિશ જમીન જેટલી જ આસાનીથી છાપરાં પર ચાલી શકતો. માંદો અને મુડદા જેવો ફિક્કો હોવા છતાં એની ચપળતા અસાધારણ હતી. જમીનથી ગજબની ઊંચાઈએ પણ એ જાણે જમીન પર ખડો હોય એમ ટટ્ટાર ઊભો રહી કોઈ અકળ કારણે લવી ઊઠતો: 'કીડા ઘાસને કોરી ખાય છે, કાટ લોખંડને કોરી ખાય છે અને જૂઠ આત્માને કોરી ખાય છે.' અથવા તો મનોમન કશા વિચારમાં પડી જઈ ઉત્તરમાં એ મોટેથી બોલી ઊઠતો, 'કોણ જાણે છે કઈ ઘડીએ શું થવાનું છે?'

હું ઘેર પાછો ફર્યો ત્યારે મને ઓળખતા લોકો મારી સામે મોં મચકોડતા કે મને ટોણાં મારતા જણાયા: 'આ જોયો, અક્કરમી? છેવટે રંગારો બન્યો!' મારી ચારે બાજુ આવાં વેણ સંભળાવા લાગ્યાં. એક બુઢ્ઢા આદમીએ તો મારો માર્ગ આંતરીને ગુસ્સાપૂર્વક સંભળાવ્યું, 'મને તારા માટે તો કંઈ જ નથી લાગતું, મૂરખ! પણ તારા બાપ માટે લાગી આવે છે.' શેરીના નાકે મને ભેટેલી અન્યુતા બ્લાગોવો પણ બે બ્રશ સાથે રંગનું ડબલું મારા હાથમાં જોઇને કઠોર અને કંપિત અવાજે બોલી ઊઠી: 'મને તમે રસ્તા વચ્ચે ન બોલાવતા.' અને હસ્તધૂનન માટે મારી સામે હાથ પણ લાંબો કર્યા વિના આંખમાં આંસુ સાથે એણે કહ્યું, 'તમને આ જ બધું જરૂરી લાગતું હોય તો ભલે એ કર્યા કરો... ભલે. પણ મહેરબાની કરીને મને હવે મળશો નહિ.'

હું પિતાને ત્યાં રહેવાને બદલે મારી વૃદ્ધ આયા કાર્પોવના સાથે પરામાં રહેવા ચાલ્યો ગયો. મારા સામે માથું ધુણાવતી એ પણ ઘણી વાર ખિન્ન બની બોલી ઊઠતી, 'તારી જિંદગી બરબાદ ગઈ, બરબાદ!'

હું રોજ સવારે વહેલો ઊઠતો અને રાતે વહેલો સૂઈ જતો. અમે મકાન રંગનારા લોકો ખાતા ખૂબ અને ઊંઘતા પણ ઘસઘસાટ. મેળ બહારનું કંઈ હોય તો એટલું જ કે રાત્રે મારું હૃદય ખૂબ જોરથી ધબકવા માંડતું. હું મારા સાથીઓ સાથે મુદ્દલ ઝગડતો નહિ. આખો

દિવસ બેફામ ગાળો, આકરા સોગન અને 'તારી આંખો ફૂટે', 'તને કાગળિયું આવે' વગેરે દુરિચ્છાઓ નિરંતરાય ચાલુ રહેતી. આમ છતાં અમે લોકો મિત્રાચારીપૂર્વક રહેતા. મારા માટે એમને સારો અભિપ્રાય હોઇને મારા પ્રત્યે માનપૂર્વક વર્તતા. દારૂ કે તમાકુના વ્યસન વિનાનું મારું શાંત અને નિરુપદ્રવી જીવન એમને ગમતું. કામ પરથી તેલ કે રંગો ચોરી લાવવા એ તો એમના શિરસ્તો જ થઈ પડ્યો હોઈ તેની ગણતરી ચોરીમાં ન થતી. રાદિશ જેવો સીધોસાદો આદમી પણ કામ પરથી ઘેર પાછો ફરતાં થોડાંક તેલ ને રંગ લેતો આવતો. કોઇને છાપું વાંચતું જોયું કે તરત એ લોકો બોલી ઊઠતા: 'ભાઈસાહેબ છાપું વાંચતા બેઠા છે, પણ ઘેર તો હાંલ્લાં કુસ્તી કરતાં હશે.'

મારા પિતાને ઘેર જવાનું તો મેં બંધ જ કરી દીધેલું. અવારનવાર મારી બહેનની ચિઠ્ઠીઓ મને મળ્યા કરતી, જેમાં બાપાની તબિયતના સમાચાર મને મળતા રહેતા. રવિવારે તે જાતે આંટો મારી જતી, પણ એવી રીતે કે જાણે મને નહિ પણ આયાને મળવા આવી ન હોય! મને મળતી વખતે એની આંખમાંથી દડદડ આંસુ નીકળતાં અને એ બોલતી, 'બાપાને ભગવાન લાંબી આવરદા આપે, પણ એમને કંઈ થશે તો તને આખી જિંદગીનો પસ્તાવો રહી જશે, મિસાઈલ. હું તને વીનવું છું કે આપણી માને ખાતર પણ તું તારી રીતભાત સુધાર.'

'મારા અંતરના આદેશ મુજબ જ હું જ્યાં ચાલતો હોઉં ત્યાં પછી હું શું સુધારું, બહેન, તું જ કહેને?' હું એને જવાબ આપતો.

અન્યુતાનો ભાઇ ડૉ. બ્લાગોવો એક રવિવારે ઓચિંતો મારા મુકામે આવી ચડ્યો ને એકાદ વિદ્યાર્થીની જેમ મારો હાથ ખૂબ જોરથી હલાવતો બોલ્યો: 'રોજ તારી વાતો થતી સાંભળીને મને ક્યારનું તારી સાથે દિલ ખોલીને વાત કરવાનું મન થયા કરતું. શહેરની જિંદગી એવી તો ત્રાસદાયક છેને! કોઈમાં જાણે નૂર જ ન મળે. શી ગરમી છે!' અને કોટ ઉતારતો તે બોલ્યો: 'ચલ દોસ્ત, આપણે વાતો કરીએ.'

હું પોતે ય કંટાળી ગયો હતો અને મકાનો રંગનારા સિવાય બીજા કોઇની સોબત હું ઝંખતો હતો. એને મળતાં મને ખરેખર ખુશી ઊપજી.

'હું તો કહું છું—' મારી પથારી પર જ બેસી જતો તે બોલ્યો, 'તારા તરફ મને ખરા દિલની લાગણી છે અને તું જે જિંદગી જીવે છે તે પ્રત્યે મને ઊંડું માન છે. અહીં આ શહેરમાં તને કોઇ સમજતું નથી—સમજે એવું જ કોઈ નથી; કેમકે તું જાણે છે તેમ ગૉગૉલે આલેખેલા બધા ડુક્કરો જ અહીં ભરાયા છે. પણ તું શું છે એ મેં તરત પેલી ઉજાણી વખતે પારખી લીધું. તું ઉમદા દિલનો, નેક અને ઉદાર મનનો માણસ છો. મને તારા માટે માન છે.' તે ઉત્સાહભેર બોલતો રહ્યો:

સુભાષિત

अधमा धनमिच्छन्ति धनमानौ च मध्यमाः।
उत्तमा मानमिच्छन्ति मानो हि महतां धनम्॥

(અનુવાદ)

અધમો ધનને ઈચ્છે, મધ્યમો માન ને ધન,
ઉત્તમ તો ચહે માન, મોટાનું ધન માન છે.

[વિવરણ: માન કોને પ્રિય નથી હોતું? શીત-ઉષ્ણ, સુખ-દુઃખ, માનાપમાન વગેરે દ્વંદ્વોને સમાન ગણવં એ બ્રહ્મજ્ઞાનીનું લક્ષણ ખરું, પણ એવા પુરુષો તો લોકની નજરે ચડે એમ બહાર આવતા જ નથી. દુનિયામાં સાધુપુરુષ ગણાતા પણ માન ઇચ્છે છે અને માન ન મળે તો શાપ દીધાના દાખલા પણ પુરાણોમાં મળે છે. મહેશ્વર સુદ્ધાં જેટલા જેટલાને 'મહા' શબ્દ લાગી શકે તે બધાને માન પ્રિય છે. એક કવિએ તો માનનો મહિમા એટલો ગાયો છે કે એક શ્લોકમાં છેવટે કહે છે કે **सतां माने म्लाने मरणमथवा दूर गमनम्॥** અર્થાત્ કે સત્પુરુષનું માન જો મ્લાન કે ઓછું થાય, તો તેણે એ સ્થળથી દૂર ચાલ્યા જવું કે મરણનું શરણ લેવું! પણ આ તો મોટાનો સવાલ થયો. પૈસાને માટે માન મૂકનારો બીજો વર્ગ પણ નાનો નથી. બજારોમાં ફરવાથી એનો અનુભવ થશે. આમ આ અધમ અને ઉત્તમની વાત થઈ. પરંતુ દુનિયાનો ખરો માણસ તો 'મધ્ય' છે, જે ધન અને માન બંનેને ઇચ્છે છે. માનથી ધન મળે તે માટે પણ તે પ્રયત્ન કરે છે. આ બધા વિષે ઘણું લખી શકાય, પણ અહીં વિસ્તારને સ્થાન નથી. —**ર. ભી.**]

'જિંદગીમાં આમ એકી ધડાકે ધરમૂળથી ફેરફાર કરી નાખતાં તેં જબરું હૃદયમંથન અનુભવ્યું હશે અને અત્યારે પણ તારી પોતાની પ્રતીતિને સતત વળગી રહીને આવું જીવન ચાલુ રાખવામાં તારાં હૃદય અને મનને કેટલું યે વેઠવું પડતું હશે. ખેર. હવે આપણે મુદ્દાની વાત પર આવીએ. તને નથી લાગતું કે તારું સઘળું આત્મબળ આ કષ્ટદાયી પ્રવૃત્તિ પાછળ ખરચવાને બદલે બીજા કશાક પાછળ દાખલા તરીકે મહાન વિજ્ઞાની કે કલાકાર થવા પાછળ ખર્ચ્યું હોત તો તારું જીવન વધુ વિશાળ, વધુ ઊંડું અને વધુ સર્જનશીલ નીવડ્યું હોત?'

અમે વાતો કરતા રહ્યા. શારીરિક મજૂરીની વાત નીકળતાં મેં કહ્યું, 'જે જરૂરી છે તે એ કે બળવાનોએ નિર્બળને ગુલામ ન બનાવવા જોઈએ. જીવનસંઘર્ષમાં સબળ કે નિર્બળ, ગરીબ કે તવંગર સૌએ સરખો હિસ્સો લેવો જોઇએ અને એ રીતનું સામ્ય સ્થાપવા માટે શરીરશ્રમ કરતાં બહેતર બીજો કોઈ માર્ગ નથી. એ સર્વને લાગુ પડતો હોવો જોઈએ, સૌને માટે ફરજિયાત હોવો જોઈએ.'

'તને નથી લાગતું કે દરેક જણ—ચિંતકો ને મહાન વિજ્ઞાનીઓ સુદ્ધાં બધા જ જો જીવનસંઘર્ષમાં કેવળ પોતાનો જ ખયાલ રાખે અને પથરા તોડવામાં કે છાપરાં રંગવામાં જ પોતાના સમયનો વ્યય કરે તો પ્રગતિ સામે એક ગંભીર ભય ઊભો થવા પામે?'

મેં કહ્યું, 'પ્રગતિ તો પ્રેમપૂર્ણ કાર્યો કરવામાં, નૈતિક કાનૂનોનું પાલન કરવામાં રહેલી છે. તમે કોઈને ગુલામ ન બનાવતા હો, કોઇને પીડતા ન હો, એથી વધુ બીજી કઈ પ્રગતિ તમે ઇચ્છો?'

અમારી વાતો ચાલતી હતી એ દરમિયાન જ મારી બહેન આવી ચડી. પરંતુ ડૉક્ટરને જોતાં તે ખચકાઈ અને પછી ઘેર બાપા પાસે પહોંચવાનો વખત થઈ ગયો હોવાનું કહી પાછી જવા માંડી.

'ક્લીઓપાત્રા એલેક્સયેવના!' બ્લાગોવો હૃદય પર સહજ રીતે પોતાના બંને હાથ દબાવતો બોલ્યો, 'અરધોએક કલાક તારા ભાઇની ને મારી પાસે બેસીશ તો તારા બાપાને શું થઈ જવાનું છે?'

ક્ષણેક વિચારમાં પડી મારી બહેન હસી પડી અને જાણે એકાદ ઉજાણીએ આવી હોય એમ આનંદિત બની ઊઠી. અમે બહાર ખુલ્લામાં નીકળીને ઘાસ પર પડ્યાં પડ્યાં વાતો કર્યે રાખી.

ત્યાર બાદ જ્યારે પણ મારી બહેન મને મળવા આવતી ત્યારે બ્લાગોવો પણ આવી પહોંચતો અને બંને એકબીજાને એવી રીતે મળતાં કે જાણે તેમનું એ મિલન આકસ્મિક ન હોય! હું અને ડૉક્ટર એકબીજા સાથે દલીલોમાં ઊતરતા ત્યારે મારી બહેનના મુખભાવ આનંદોત્સાહપૂર્ણ બની રહેતા અને એમાં કુમાશ અને કુતૂહલ તરી નીકળતાં. એવું લાગતું, જાણે એણે સ્વપ્નેય ન જોઈ હોય એવી નવી

દુનિયા એની આંખો આગળ ઊઘડી રહી હતી. ડૉકટર ન હોય તો તે ખિન્ન અને ખામોશ બની જતી અને મારી પથારી પર બેઠે કયારેક આંસુ સારતી તો પણ તેનું કારણ મને ન જણાવતી.

ઑગસ્ટમાં રાદિશે અમને રેલવે-લાઇન પર જવા તૈયાર રહેવા જણાવ્યું. અમે શહેરમાંથી ચાલી નીકળ્યા તેના બે દિવસ પહેલાં મારા બાપા મને મળવા આવેલા. મારી સામે પણ જોયા વિના પોતાનો લાલ ચહેરો લૂછતા આરામથી એ બેઠા અને પછી ખિસ્સા-માંથી હેતુપૂર્વક છાપું કાઢીને તેનો એકેક શબ્દ ભાર દઇને વાંચવા મંડયા. રાજ્યની બૅન્કની શાખાના વ્યવસ્થાપકનો પુત્ર નાણાંખાતાના એક વિભાગના વડા તરીકે નિયુક્ત થયો હોવાના એ સમાચાર હતા.

'અને તું જો!' છાપાની પાછી ગડી વાળતા એ બોલ્યા, 'ભિખારી! ચીંથરેહાલ! કશા કામનો નહિ! અરે, મજૂરો ને ખેડૂતોનાં છોકરાં સુદ્ધાં ભણીગણીને મોટે દરજ્જે પહોંચવાની મહત્ત્વાકાંક્ષા રાખતાં હોય છે; જ્યારે તું? નામચીન પૂર્વજોનું ફરઝંદ, એક પોલોઝનેફ ગટર ચૂંથવાની મહત્ત્વાકાંક્ષા રાખે છે! પણ હું કંઈ અહીં લાંબીચોડી વાત કરવા નથી આવ્યો. તારાથી તો મેં હાથ ધોઈ નાખ્યા છે.' ને ઊભા થતાં સખ્ત અવાજે એ બોલ્યા, 'હું તો આવ્યો છું આઠ વાગ્યાની નીકળેલી તારી બહેનની તપાસ માટે. મને કહ્યા વગર જ તે હવે વાર-વાર ચાલી જવા માંડી છે. હમણાં કામકાજમાં પણ એનું દિલ નથી ચોંટતું–અને એ તારી સાથેના કુસંગનું જ પરિણામ છે. કયાં છે એ?'

હું મૂગો જ રહ્યો. મને તો થયું કે હમણાં એમના હાથમાંની છત્રી મને ચોડી દેશે. પરંતુ એ તો 'તારી મરજી પડે તેમ કર્યા કર, મને તારી કંઈ પડી નથી.' એટલું બોલી ચાલી નીકળ્યા.

અમે રેલવે-લાઈન પર કામ કરતા, પણ અમને રેલવેનાં મકાનોમાં રહેવા કે સૂવા દેવામાં આવતા નહોતા, એટલે ગંદાં ને ભેજવાળાં ઝૂંપડાંમાં જ પડયા રહેતા. અમે કામ કરતા ત્યારે સાંજે નૌકાદળના ખલાસીઓ ટોળે વળીને માત્ર રંગકામ કરનારાઓને પીટવા માટે જ ત્યાં આવતા—તેમને માટે એ એક પ્રકારની રમત થઈ પડી હતી!

એક તો આ લોકો અમને હેરાન કરતા અને બીજી બાજુ રાદિશ અમને મજૂરી પણ અનિયમિતરીતે ચૂકવતો. લાઈન પરનું રંગનું સઘળું કામ એક કૉન્ટ્રૅક્ટરને સોંપવામાં આવેલું. તેણે એક પેટા-કૉન્ટ્રૅક્ટરને એ કામ સોંપેલું. તેણે પોતાના વીસ ટકા કાપી લઈને એ કામ રાદિશને સોંપેલું. એક તો કામમાં ખાસ વળતર જેવું ન હતું, તેમાં વરસાદ પાછો એ વધુ બગાડતો. ભૂખ્યા મજૂરો જીવ પર આવી જઈ રાદિશને 'ઠગ', 'લોહી-ચૂસણિયો', 'જુડાસ' વગેરે વિશેષણોથી નવાજતા.

વર્ષાઋતુ બેસી ગઈ! મેહ, કીચડ ને અંધારું: બેકારીની મોસમ શરૂ થઈ. ત્રણત્રણ દિવસ હું ઘેર બેકાર બેસી રહેતો કે પરચૂરણ કામ કરતો. ડૉ. બ્લાગોવો પીટર્સબર્ગ ઊપડી ગયો હતો અને મારી બહેન મને મળવા આવતી બંધ થઇ હતી. રાદિશ બીમાર પડી ગમે તે ઘડીએ મોતની પ્રતીક્ષા કરતો પથારીમાં પડચો હતો.

મેં એક ક્લબના વાચનખંડ તથા બીજા બે ખંડમાં કાગળ ચોંટાડી આપેલા જેનો દર મને તાવદીઠ સવા પેની આપવામાં આવ્યો, જ્યારે પહોંચ અઢી પેન્સ લેખે આપવાનું કહેવામાં આવ્યું! મેં ના પાડતાં પરગજુ દેખાવના અને સોનાની દાંડીનાં ચશ્માંવાળા એ ક્લબના જ સભ્ય એવા એક સર્જને મને કહ્યું, 'હવે વધુ ગરબડ કરીશ તો માથાનો છૂંદો જ કરી નાખીશ, પાજી!' હું પોલોઝનેફ સ્થપતિનો છોકરો હતો એવું કોઈએ કહેતાં તે થોડોક મૂંઝાયો પણ પછી પાછો પૂર્વવત્ બની જઈ તે બોલ્યો, 'જા, તારું કાળું કર!'

અમને મજૂરી કરનારાઓને દુકાનવાળા પડતર માલ વળગાડતા, હૉટલવાળા એક વાર વપરાઇને સૂકવી દેવામાં આવેલી ચા ધાબડતા, પોલીસ દેવળમાં યે અમારો પીછો ન છોડતી, ઇસ્પિતાલોમાં દાકતરો ને નર્સો અમને લૂંટતાં, ટપાલ-કચેરીનો અદનામાં અદનો અધિકારી પણ અમે જાણે જનાવર હોઈએ એમ અમારી પ્રત્યે વર્તતો અને પાળેલા કૂતરા સુદ્ધાં અમને દુશ્મન ગણી અમારા પર ખાસ કભાવપૂર્વક તૂટી પડતા. પરંતુ મારી આ નવી સ્થિતિમાં મને સૌથી વધુ કોઇ વાતનું લાગ્યું હોય તો તે ન્યાયનો સદંતર અભાવ હતો, જે ખેડૂતોની જીભે આ રીતે વ્યક્ત થતો: 'એ લોકો ભગવાનને પણ ભૂલી ગયા છે.'

શિયાળો આવતાં કામ વધ્યું. રાદિશ હવે સાજો થઈ ગયો હતો. ડૉ. બ્લાગોવો પણ પાછો આવી ગયો અને અમારી દલીલબાજી શરૂ થઇ. ડૉકટરે વાતવાતમાં મને રેલવે-ઈજનેર દોલઝીકૉફની પુત્રી મારિયા વિક્ટોરોવનાને મળવા કહ્યું. મેં એના બાપની વાત કરતાં તે હસીને બોલ્યો, 'તદ્દન વાહિયાત! ઈજનેર એ એક ચીજ છે અને એની પુત્રી એ જુદી ચીજ છે. આપણે કાલે જ સાંજે એને મળવા ઊપડીએ. બોલ, શું કહે છે?' એણે મને સમજાવ્યો, અને બીજી સાંજે કંઈક ક્ષુબ્ધ મને હું કુમારી દોલઝીકૉફને મળવા ઊપડચો.

મારા વિષે ડૉકટરે એને ઘણી વાતો કરેલી. હું મળતાં એણે સૌ પહેલો તો ડૉકટરનો આભાર માન્યો. પોતાના પિતા બહારગામ ગયા હોઈને ઘરમાં પોતે એકલી જ હોવાનું જણાવ્યું, અને હું કયાં રહેતો હતો, શું કમાતો હતો વગેરે પૂછયા પછી પ્રશ્ન કર્યો, 'તમે જે પૈસા ખરચો છો તે જાતકમાઈના જ ખર્ચો છો?'

'હા!' મેં જવાબ આપ્યો.

'સુખી છો તમે!' તે નિઃશ્વાસપૂર્વક બોલી. 'મને લાગે છે કે જિંદ-ગીમાં સઘળું અનિષ્ટ આળસ, કંટાળો ને આધ્યાત્મિક શૂન્યતામાંથી જ ઉદ્ભવે છે અને બીજાઓને ભોગે જીવવા ટેવાએલાને માટે એ બધું અનિવાર્ય છે. હું ડોળ કરું છું એમ ન માનશો. શ્રીમંત થવામાં કશું સુખ નથી, કશો આનંદ નથી. સુખ સૌને ફાળે સરખું આવવું જોઈએ, એ પર કોઈને કશો વિશિષ્ટ અધિકાર હોવો ન જોઈએ.' ત્યાં તો ડૉકટર બ્લાગોવો પણ આવી પહોંચ્યો. અને અમે ત્રણે સાથે જ જમ્યાં.

ત્યાર બાદ અમે ત્રણ અવારનવાર મળવા લાગ્યાં. મારિયાને અમારા બે સિવાય ત્રીજો કોઈ મિત્ર નહોતો એ એનું કહેવું સાચું હતું. ડૉકટર પાછો પીટર્સબર્ગ ઊપડયા પછી પણ હું તેને મળતો રહેતો.


એક સાંજે તેને મળીને પાછા આવતાં એક પોલીસ મારી રાહ જોતો બેઠેલો જણાયો. ગવર્નર બોલાવે છે એમ તેણે કહ્યું.

ગવર્નરને મળતાં તેણે જણાવ્યું કે, 'હું ગવર્નર તરીકે નહિ પણ તારા બાપ પ્રત્યેની ખરેખરી લાગણીથી તને વીનવું છું કે તું કાં તો તારું વર્તન સુધારીને તારા ખાનદાનને છાજે એવું કામ સ્વીકાર અથવા તો ખરાબ દાખલો બેસાડવાને બદલે તું બીજા પ્રાંતમાં ચાલ્યો જા, જ્યાં તને કોઈ ઓળખતું ન હોઇ ને ચાહે તે ધંધો કરી શકે. એમ નહિ થાય તો મારે કડક હાથે કામ લેવું પડશે.' અરધીએક મિનિટ સુધી એ મારી સામે ડાચું વકાસીને શાંત ઊભો રહ્યો. પછી એણે કંઈ કાગળિયાં હાથમાં લીધાં અને હું ત્યાંથી ચાલી નીકળ્યો.

મારા નાનપણમાં બનેલો એક ધનિકના પોપટનો દાખલો મને યાદ હતો. પાંજરામાંથી છૂટી નીકળ્યા પછી એ સુંદર પક્ષી મહિનાક સુધી તો શહેરમાં જ એક બગીચેથી બીજે બગીચે એકાકી ને આશ્રમ-હીન ઊડતો રહેતો. મારિયા વિક્ટોરોવના મને એ પક્ષીની યાદ આપતી. એક વાર તો હસતાંહસતાં એણે મને કહેલું, 'મારે જવા માટે કબ્રસ્તાન સિવાય બીજું કયું સ્થળ છે? શહેર તો મને ખાવા ધાય છે. આઝોગિન પરિવાર હજુ એવું ને એવું ગાતું ને નાચતું રહ્યું છે, (અનુ. પૃ. ૩૭૫મે)

કલાકારોનું
બહુમાન

કલાવાર્તા



ગુજરાતના કલાગુરુ શ્રી રવિશંકર રાવળ

આપણા બે અગ્રણી કલાકારોની સરકારે કરેલી કદરની નોંધ લેતાં આનંદ થાય છે. ભારતીય કલાના પુનરુત્થાનના અગ્રણી કલાચાર્ય અવનીન્દ્રનાથ ઠાકુરના પ્રિય ને પટ્ટ શિષ્ય, તેમજ તેમની પછી ભારતીય કલાલક્ષ્મીના અનન્ય આવિષ્કારક શ્રી નંદલાલ વસુ(બોઝ)ને, ગયા સ્વાતંત્ર્યદિને ભારત સરકારે જાહેર કરેલા માનઅકરામમાં પદ્મવિભૂષણ(પ્રથમ કક્ષા)ના ઇલ્કાબથી નવાજવામાં આવ્યા છે એ સમાચારથી પ્રત્યેક કલારસિકને આનંદ થશે. વિપુલતા ને વૈવિધ્યની દૃષ્ટિએ એમનું સર્જન એટલું સમૃદ્ધ ને ગુણવિશેષવાળું છે કે ગુરુ કરતાં શિષ્ય સવાયા હોવાનો ભાસ થાય. એમની તૂલિકાના સામર્થ્ય અને સૌજન્યની સુવાસને કારણે એ અભિજાત કલાકારની ભારતવ્યાપી કીર્તિ આ દેશની ચતુર્દિશામાંથી ઊભરાઇને વિદેશો સુધી વ્યાપ્ત છે. આ ધન્ય પ્રસંગે અમારી એમને વંદના છે.

શ્રી રવિશંકર રાવળનો ‘કુમાર’ સાથેનો સંબંધ તો એટલો આત્મીય છે કે દેશની મધ્યસ્થ ‘લલિતકલા અકાદમી’માં સૌરાષ્ટ્રના પ્રતિનિધિ તરીકેની એમની નિમણૂક વિષેનાં અમારાં હર્ષાભિવાદનની અભિવ્યક્તિ કરતાં પણ સાહજિકરીતે સંકોચ થાય. પણ પોતાના કલાગુરુના આવા સર્વથા સમુચિત બહુમાનથી ગુજરાતને થએલા ગૌરવનો પ્રતિશબ્દ પાડયા વિના અમે રહી શકતા નથી. ‘કુમાર’ને પોતાને માટે તો એ સુભગ હર્ષનો વિરલ પ્રસંગ છે જ. લલિતકલા અકાદમીનો એમણે આપેલો પરિચય તારવીને અમે અહીં ઉતારીએ છીએ:

લલિતકલા અકાદમી

“૧૯૪૯ની ૨૯મી ઑગસ્ટે કલકત્તામાં યોજાએલી ‘સમસ્ત ભારત કલા પરિષદ’માં મધ્યસ્થ સરકારે ત્રણ અકાદમી સ્થાપવાનો નિર્ણય કરેલો. તે પૈકી ‘સંગીત-નૃત્ય-નાટક અકાદમી’ ૧૯૫૩માં તથા ‘સાહિત્ય અકાદમી’ આ વર્ષના માર્ચમાં અસ્તિત્વમાં આવી; અને ‘લલિત કલા અકાદમી’ ગયા માસ(ઑગસ્ટ)ની પાંચમી તારીખે ખુલ્લી મુકાઈ.

કલકત્તાની પરિષદ પછી વચ્ચેના સમયમાં મધ્યસ્થ સરકારને કલાવિષયક નિર્ણયોમાં સલાહ આપવાને એક ‘ભારત કલા સમિતિ’ સ્થપાએલી. તેણે (૧) ભારતીય કલાનો એક સવિસ્તર ઇતિહાસ તેમજ મુઘલ તથા સમકાલીન કલાકારોની શ્રેષ્ઠ કૃતિઓના સંપુટો પ્રગટ કરવાનો નિર્ણય કર્યો હતો, જે આ વર્ષની આખરે બહાર પડવાની વકી છે. (૨) છેલ્લા વર્ષમાં મધ્યસ્થ સરકારે આઠેક શ્રેષ્ઠ તરુણ કલાકારોને ઉચ્ચ કલા-અભ્યાસ માટે દરેકને રૂ. બે હજારની મદદ કરી હતી; તેમજ (૩) જુદાજુદા આઠેક વિદ્યાર્થીઓને ગામડાંમાં જઈ લોકસંપર્ક અને કલાનિયોજન કરવાને દરેકને રૂ. બે હજાર આપ્યા હતા. (૪) મદ્રાસ, મુંબઈ, પશ્ચિમ બંગાળ, ઓરિસ્સા, જમ્મુ અને કાશ્મીર રાજ્યોને દરેકને રૂ. ૩૫૦૦)ની એવી પાંચ સ્કૉલરશિપો, રાજ્યના મૂળ કલાત્મક ઉદ્યોગોની તપાસ અને સંશોધન કરવા આપી હતી. ઉપરાંત મોટું નૅશનલ આર્ટ ટ્રેઝર ફંડ (રાષ્ટ્રીય કલાનિધિ) સ્થાપવામાં આવેલું છે, જેમાંથી ભારતશ્રેષ્ઠ કલાત્મક વસ્તુઓ, ચિત્રો, શિલ્પ, પદાર્થો, કારીગરી વગેરે ખરીદી લેવામાં આવે છે. આ સાથે રાષ્ટ્રપતિ ભવનમાં ‘રાષ્ટ્રીય કલાનું કાયમી સંગ્રહસ્થાન’ રચવામાં આવ્યું છે તથા નવી દિલ્હીના જયપુરહાઉસમાં મૉડર્ન આર્ટ(નવતર કલાઓ)નું એક દર્શનસ્થાન કર્યું છે.



કલાકાર નંદલાલ બોઝ (વુડકટ : બિહારીલાલ બારૈયા)

વિશેષમાં કલા અને બીજા સાંસ્કારિક પ્રકારોમાં યુવાન કાર્યકર્તાઓને સવિશેષ પ્રોત્સાહન આપવા સ્કૉલરશિપ આપવાની પ્રથા શરૂ

કબિયર (બેઠું નૃત્ય) : એક નવો નૃત્યપ્રકાર

(સ્કેચ : કલાકાર શ્યાવક્ષ ચાવડા)



કલાક્ષેત્રમાં લાલિત્ય માટે દુનિયામાં જાણીતા બાલી ટાપુઓમાં છેલ્લા ત્રણેક દસકાથી એક નવો નૃત્યપ્રકાર યોજાયો છે. એનું નામ 'કબિયર'. ઈ. ૧૯૨૫માં 'મારીઓ' નામના નૃત્યકારે યોજેલો આ નવીન પ્રકાર પુરુષો માટે જ છે, જેમાં નૃત્યકાર કદી ઊભો થતો નથી, પણ બેઠાંબેઠાં જ માત્ર કમ્મર ઉપરના ધડના ભાગ અને હાથના હલનચલન તથા મુદ્રાઓ દ્વારા નૃત્ય કરે છે. ક્વચિત તે પંખો પણ વાપરે છે. ચહેરા પરના વિવિધ રસ દર્શાવતા મુખભાવનો આ નૃત્યમાં મુખ્ય ભાગ હોય છે. કલાકાર શ્રી શ્યાવક્ષ ચાવડાએ 'બાલી' ટાપુઓની પોતાની મુલાકાત વેળા કરેલો એ નૃત્યનો ઝડપી સ્કેચ અહીં આપ્યો છે.

કરી છે. વળી દેશપરદેશનાં રાજ્યો સાથે ચિત્રપ્રદર્શનો મોકલવા તથા લાવવાનો વ્યવહાર ચાલુ કર્યો છે. છેવટમાં કલાકારીગરીને સક્રિય પ્રકારે આગળ વધારવાને લોકસભામાં એવો ધારો આવવાનો છે કે જેથી દરેક સરકારી મકાન માટે થનારા ખર્ચના બે ટકા જેટલી રકમ ચિત્ર-કોતરણી, શિલ્પ કે સુશોભન માટે અલગ ખર્ચાશે. ભારત પાસે પ્રજાજીવનમાં કલાનો વારસો નિરવધિ પડેલો છે. તેની કદર કરતાં શીખવી તથા તેમાં પ્રગતિ ને સંવૃદ્ધિ કરવી એ આ અકાદમીનો હેતુ છે.

અકાદમીનું તંત્રનિર્માણ નીચે મુજબ થયું છે : પ્રમુખ : મૌલાના આઝાદ; અધ્યક્ષ : શ્રી દેવીપ્રસાદ રાયચૌધરી; ઉપાધ્યક્ષ : શ્રી કાર્લ ખંડાલાવાળા; મંત્રીઓ : શ્રી વરદા ઉકીલ તથા શ્રી એસ. એસ. ભટનાગર. જનરલ કાઉન્સિલમાં સરકાર નિયુક્ત પાંચ સભાસદો, એ. બી. અને સી. દરેક રાજ્યનો એક પ્રતિનિધિ, ચૅરમૅન, ટ્રેઝરર, નૅશનલ મ્યૂઝિયમના ડિરેકટર, નૅશનલ ગૅલેરી ઑવ આર્ટ-મ્યૂઝિયમના ક્યુરેટર અને ૧૫ જુદીજુદી કલાસંસ્થાઓએ નિયુક્ત કરેલા સભ્યો છે. એમાં સરકાર નિયુક્ત સભ્યો છે : પ્રો. હુમાયૂં કબીર, ડૉ. જેમ્સકઝિન્સ, શ્રી કાર્લખંડાલાવાળા, શ્રી ઓ. સી. ગાંગુલી, શ્રી રાયકૃષ્ણદાસ. પ્રસિદ્ધ કલાકારોમાં શ્રીનંદલાલ બોઝ, શ્રીશ્યાવક્ષ ચાવડા, શ્રી કે. કે. હેબર, શ્રી રામકિંકર, શ્રી એન. એસ. બેન્દ્રે, શ્રી એમ. એફ. હુસેન, શ્રી આર. એન. ચક્રવર્તી, શ્રી કે. સી. જી. પણીકર, અને શ્રી કે. શંકર પીલ્લૈ છે.

આ જનરલ કાઉન્સિલે મધ્યસ્થ કાર્યસભા નીમીને સેક્રેટરીનો માસિક પગાર રૂ.૧૫૦૦) ઉપરાંત, લગભગ બે લાખ રૂપિયાનું અંદાજખર્ચ મંજૂર કર્યું છે. મધ્યસ્થ કાર્યસભામાં શ્રી કે. કે. હેબર, શ્રી બેન્દ્રે, શ્રી ચક્રવર્તી, શ્રી પણીકર, શ્રી રંધાવા, શ્રી સેન, શ્રી રવિશંકર રાવળ, શ્રી ગ્યુ, શ્રી સન્યાલ અને મુખ્ય હોદ્દેદારોનો સમાવેશ થાય છે.

જૂની ઈંડિયા સોસાએટી

અંગ્રેજ અમલ નીચે ભારતીય કલાઓને લગતી જે સંસ્થા 'ઇન્ડિયા સોસાએટી'ના નામથી ઓળખાતી તે હવે રાષ્ટ્રસમૂહની સ્થાપના પછી 'રૉયલ ઇંડિયા-પાકિસ્તાન સિલોન સોસાએટી' (આર. આઈ. પી. સી. એસ.)ના નામથી ઓળખાય છે. ઈ. ૧૯૧૦માં વિદ્વાન સંશોધકો ને કલાકારોએ સ્થાપેલા આ મંડળના શરૂના સભ્યોમાં કવિ યીટ્સ, રવીન્દ્રનાથ ઠાકુર, ભારતીય કલાના વિદ્વાન મીમાંસક આનંદકુમારસ્વામી વગેરે હતા, ને રવીન્દ્રનાથની કીર્તિદા 'ગીતાંજલિ'ની પહેલી આવૃત્તિ પણ આ સંસ્થાએ જ છાપીને પ્રગટ કરી હતી. ઇંગ્લંડના કોઈ પીઢ રાજવંશી તેના પેટ્રન બને એ પ્રણાલિકાને પરિણામે સ્વ. રાજ્યમાતા મેરીના અવસાનથી ખાલી પડેલી જગ્યાએ ઇંગ્લંડનાં હાલનાં રાજ્યમાતા મેરી તેનાં આશ્રયદાતા બન્યાં છે.

ભારતીય કલાનો સંપર્ક

અન્ય રાજ્યો સાથેના સાંસ્કૃતિક સંપર્ક વિકસાવવાના પોતાના કાર્યક્રમની રૂએ ભારત સરકારે સિંગાપોર(મલાયા)ના રાષ્ટ્રીય મ્યૂઝિયમ (પ્રદર્શનગૃહ) માટે કલાત્મક દૃષ્ટિએ મૂલ્યવાન એવી બાર કલાકૃતિઓ મોકલી છે, જેની ચૂંટણી પ્રાચીન ભારતીય સંસ્કૃતિના વિકાસના મુખ્ય મુખ્ય ઐતિહાસિક તબક્કાઓ દર્શાવે એ રીતે કરવામાં આવી છે. આર્યોના આગમનની યે પહેલાં, ઈ. સ. પૂર્વે ૩૦૦૦ વર્ષે (એટલેકે આજથી પાંચ હજાર વરસ પહેલાં) ભારતમાં જે આદિ સંસ્કૃતિ હતી તેના અવશેષો સિંધમાં મોહેં-જો-ડેરો તથા પંજાબના હરપ્પામાંથી મળેલા, તેના ત્રણ નમૂનાથી એ કૃતિઓ શરૂ થાય છે.

તે પછી ઈ. સ.ની બીજી સદીની આસરની કૃતિઓમાં બોધિવૃક્ષને બુદ્ધ ભગવાનના દર્શને જતા રાજા પ્રસન્નજિતની સવારીનાં શિલ્પો છે.

પછીની કૃતિઓ છે 'અહિચ્છત્ર'ની ત્રણ નારીમૂર્તિઓ. ગંગાના ખીણપ્રદેશમાં આવેલી ઉત્તર પાંચાલની એ રાજધાની ઈ. સ. પૂર્વેથી બારમી સદી સુધી એક બીકતું નગર હતું. બનારસ પાસે આવેલા વિખ્યાત બૌદ્ધધામ સારનાથની એક બુદ્ધમૂર્તિ તથા બૌદ્ધદેવી 'તારા'ની મોટી મૂર્તિઓ એ આ સમૂહના આકર્ષક નમૂનાઓ છે. ઈ. પૂર્વે ૩૦૦ થી ૧૨૦૦ સુધીનાં દોઢ હજાર વર્ષના વિશાળ ગાળાનાં જે સંખ્યાબંધ શિલ્પો ત્યાંથી મળી આવ્યાં છે તે ભારતીય શિલ્પલક્ષ્મીના ઉત્તમોત્તમ રત્નો ગણાયાં છે. એ તારાની મૂર્તિનું ચિત્ર સામે આપ્યું છે.

એવાં જ મૂલ્યવાન શિલ્પરત્નો, મધ્યહિંદમાં આવેલા બુંદેલખંડના પ્રાચીન ચંદેલ રાજ્યવંશમાં ખજુરાહો મુકામે બંધાએલા ભવ્યમંદિરના ગણાય છે. ત્યાંની અઢળક કલાલક્ષ્મીના સુંદરતમ નમૂના અવારનવાર પ્રકટ થતા રહ્યા છે. આ સામે આપેલી ત્યાંની 'શિવપાર્વતી'-ની મૂર્તિ એ આ ૧૨ કૃતિઓનો છેલ્લો અને શિરટોચ જેવો નમૂનો છે.

બાયેન્નેઇલ : આંતરરાષ્ટ્રીય દ્વિવાર્ષિક કલાપ્રદર્શન

રમતગમતના ક્ષેત્રમાં જે સ્થાન 'ઑલિમ્પિકરમતો'નું છે એવું સ્થાન આંતરરાષ્ટ્રીય કલાસંપર્કના ક્ષેત્રમાં ધરાવતું એક કલાપ્રદર્શન દર બે વર્ષે ઈટાલીના વેનીસ નગરમાં ભરાય છે. આ વર્ષે ભારતે તેમાં પહેલવહેલો ભાગ લીધો. અને તેની કળાએ ખૂબ આકર્ષણ કરેલું. અન્ય કલાકારો ઉપરાંત શ્રી નંદલાલ વસુ અને જામિની રાયની કૃતિઓ પણ તેમાં હતી.





સિંગાપુરના પ્રદર્શનગૃહ માટે મોકલાએલી, ભારતના સાંસ્કૃતિક વિકાસની પરંપરા દાખવતી બાર શિલ્પમૂર્તિઓ પૈકીની બે (જુઓ સામેનો લેખ)

સારનાથમાંથી મળેલી ૮મી સદીની બૌદ્ધદેવી તારાની પ્રસન્નમનોહર મૂર્તિ

શિવ-પાર્વતી: ખજૂરાહોના ભવ્ય મંદિરમાંનો ૧૦મી સદીનો સુયોજિત મૂર્તિસમૂહ

ભારતના ટિકિટનો શતાબ્દી-ઉત્સવ

ભારતે પહેલવહેલી ટપાલની ટિકિટ કાઢ્યાને આ વર્ષ ૧૦૦ વરસ પૂરાં થાય છે, તે નિમિત્તે આવતા માસ(ઑક્ટોબર)ની પહેલી તારીખથી પાટનગર નવી દિલ્હીમાં (૧) એક આંતરરાષ્ટ્રીય ટિકિટ-પ્રદર્શન, (૨) દુનિયાભરનાં ટપાલખાતાંની કામગીરીઓ દર્શાવતું આંતરરાષ્ટ્રીય પ્રદર્શન, (૩) બાળકોએ જ ચીતરેલી ટિકિટો માટેની આકૃતિઓની આંતરરાષ્ટ્રીય હરીફાઈ તથા (૪) ટિકિટ-સંગ્રાહકોની પરિષદ એમ ચાર પ્રસંગો યોજનાર છે. એશિયા આખામાં આ પ્રકારનો આ પ્રથમ જ ઉત્સવ થશે. ગયા મહાયુદ્ધ પછી દસ દેશોએ આવા ઉત્સવો ઊજવ્યા છે, પણ ટપાલખાતાની કામગીરીનું પ્રદર્શન યોજનાર તો સૌ પહેલું ભારત જ છે.

આ પ્રદર્શન માટે દુનિયાના દેશેદેશના અગ્રણી સંગ્રાહકો પાસેથી જે અબજો રૂપિયાની કિંમતની વિરલ ટિકિટો આવનાર છે તે માટે, આંતરરાષ્ટ્રીય માન્ય ધોરણો ઉપર એક કાયમી મજબૂત મકાન બંધાયું છે, જેમાં ૧૦,૦૦૦ ચોરસ ફૂટની જગ્યા રોકતો એક વિશાળ 'ફાયર-પ્રૂફ' અને 'ઍર-કૂલ્ડ' હૉલ તેમજ પ્રદર્શન માટે ટિકિટોને ફ્રેમોમાં ગોઠવવા માટે ખાસ ઍર-કન્ડિશન્ડ 'બિન-રૂમ' તૈયાર થશે.

સંસારના નામી સંગ્રાહકો ઉપરાંત જગતના શ્રેષ્ઠ ટિકિટમુદ્રક ટૉમસ દ-લા રૂ, સ્વિટ્ઝર્લૅન્ડના 'કુર્વોઝીએ' સર કેનેથ લૉક, ટિકિટ-સંગ્રહ ને ટપાલખાતાંનો જાણીતો ઇતિહાસકાર રૉબસન લો આદિ ઉપરાંત ભારતના શ્રી અમરનાથ અતલ, મિ. સ્ટોની વગેરે પોતાના મોઘા સંગ્રહો સાથે એ પ્રદર્શનમાં ભાગ લેનાર છે.


ટપાલખાતાની કામગીરીઓનું પ્રદર્શન પણ લાક્ષણિક બનશે. એમાં આદિકાળથી તે આજ સુધી ટપાલ લઈ જવાના યોજાએલા પ્રકારો, દુનિયા આખીનાં ટપાલખાતાંઓ તરફથી પ્રજાને અપાતી તરેહતરેહની સગવડો, તે માટે વપરાતી નાના પ્રકારની યાંત્રિક યુક્તિઓ, આપણા ટપાલખાતાની પંચવર્ષીય યોજનાનું ચાક્ષુષ નિદર્શન વગેરે હશે, જેની સાથે, ભારતનાં એક કાળનાં વિવિધ દેશી રાજ્યો જે ટિકિટો વગેરે કાઢતાં તેની પણ સંપૂર્ણ રજૂઆત થશે. માણસ પોતાના હસ્તાક્ષરમાં જ વીજળિક ફોટોગ્રાફીથી તાર મોકલી શકે છે એનું પ્રથમ દર્શન હિંદમાં આ પ્રસંગે થશે. પરિષદમાં દુનિયાના દેશેદેશના જાણીતા ટિકિટ-સંગ્રાહકો આ વિષયને લગતા વિવિધ નિબંધો વાંચશે.



આ પ્રસંગના સ્મરણમાં આવતી પહેલી તારીખે, જે ચાર નવી ટિકિટો—૧ આનાવાળી (રતાશ પડતી જાંબલી), ૨ આનાવાળી (લાલ), ૪ આનાવાળી (આછી તપખીરીઆ) અને ૧૪ આનાવાળી (ગ્રેરી આસમાની)—બહાર પડનાર છે તેનાં ચિત્રો આ સાથે આપ્યાં છે. તેમાં એક આનાવાળી પર હલકારો, સાંઢણી-સવાર ને બળદગાડી, એ ટપાલ લઈ જવાના ત્રણ મૂળ પ્રકારો દર્શાવ્યા છે. ચાર આનાની ટિકિટ પર સાઈકલ, ટ્રેન, સ્ટીમર અને વિમાન એ ચાર આધુનિક ટપાલ-વહન કરનારાં સાધનો નિર્દેશ્યાં છે. બે આના અને ચૌદ આનાવાળી પર કર્ણરેખાથી ત્રાંસા પાડેલા બે ભાગમાં સંદેશવાહક કબૂતર અને ઍરોપ્લેન, એમ બે હવાઈ પ્રકારો નિરૂપ્યા છે. દરેક ઉપર તેની કિંમતો ઉપરાંત 'ડાક-ટિકટ-શતાબ્દી' ઇંડિયા પોસ્ટેજ ૧૮૫૪-૧૯૫૪' એ લખાણ છે. નાસિકખાતેના ભારતસરકારના સિક્યુરિટી પ્રેસમાં ફોટોગ્રેવર પદ્ધતિથી છપાએલી આ ટિકિટો ૧૪ પરફોરેશનની અને તેનો કાગળ પાંચ ખૂણિયાવાળા તારકોથી છવાએલા વૉટરમાર્કવાળો હશે.

આ ઉપરાંત આ પ્રસંગને માટે ટપાલની રોજિંદી સ્ટેશનરી (કાર્ડ, કવર, ઍરલેટર, આંતરદેશીય પત્ર, રજિસ્ટર્ડ કવર) પણ ખાસ 'ભારત-ડાક-ટિકટ-શતાબ્દી' એવી છાપ સાથે નવી કાઢવામાં આવનાર છે. તેમાં ત્રણ પૈસાવાળું કાર્ડ ત્રિમૂર્તિની લીલીને બદલે ગુલાબી શાહીથી છાપેલું હશે. દોઢ આનાવાળા આંતરદેશીય પત્ર અને ૧૪ આનાવાળા વિમાની પરબીડિયા પર ઉપર વર્ણવેલી અનુક્રમે ૧ અને ૧૪ આનાની કિંમતની નવી ટિકિટો જેવી છાપ તે તે રંગોમાં હશે. વિશેષમાં કબૂતર-ઍરોપ્લેનના ચિત્રવાળી ટિકિટ લાલ શાહીથી છાપેલાં ખાસ સફેદ કવરો (પરબીડિયાં) પણ આ પ્રસંગે બહાર પડશે. એ નવાં પરબીડિયાં તથા વિમાની પરબીડિયાં સાથે એક એક લેટરપેપર પણ ટપાલખાતા તરફથી આપવામાં આવશે.

પણ આ ઉત્સવપ્રસંગની ખાસ વિશેષતા તો આ નિમિત્તે થનારાં પોસ્ટ ઑફિસનાં કેટલાંક પ્રકાશનોની છે. તેમાં સૌથી અગ્રણી એક ઊંચી કિંમતનું ખૂબ સુંદર આલ્બમ હશે જેમાં ટપાલ-ઇતિહાસનાં આ ૧૦૦ વર્ષમાં ભારતે બહાર પાડેલી બધી જ ટિકિટો તેના સંપૂર્ણ રંગોમાં છાપેલી હશે. વળી જાણીતા લેખક શ્રી મુલ્કરાજ આનંદ પાસે લખાવેલા આદિકાળથી તે ૧૯૫૪ની સાલ સુધીની આપણી ટપાલ-વ્યવસ્થાના સિલસિલાબંધ ઇતિહાસનું પુસ્તક પણ પ્રકટ થશે, જેમાં પાંચ પાનાં ભરીને રંગીન ટિકિટો તથા અન્ય ચિત્રો પણ છપાએલા હશે. આ ઉપરાંત પોસ્ટ ઍન્ડ ટેલિગ્રાફ ગાઈડનો એક ખાસ જયંતી-અંક પણ પ્રકટ થશે.



ગઈ ૨૯મી ઑગસ્ટે, ઝાંઝીબારે, ત્યાંના સુલતાનની ૭૫મી વર્ષગાંઠના સ્મરણમાં તેમની નવી છબિવાળી જુદાજુદા રંગની પાંચ ટિકિટો બહાર પાડી છે. ૧૫ સેન્ટ-લીલી, ૨૦ સેન્ટ-લાલ, ૩૦ સેન્ટ-બ્લુ, ૫૦ સેન્ટ-જાંબલી ને ૧ શિ. ૨૫ સેન્ટ-કેસરી. ભાઈ રમણિક દવેએ ત્યાંથી મોકલેલા ફર્સ્ટ-ડે કવર ઉપરની છેલ્લી કિંમતની ટિકિટ આ સાથે છાપી છે. (જુઓ ચિત્ર ડાબી બાજુ)

રંગદેવતાનું તીર્થધામ

ચન્દ્રવદન ચીમનલાલ મહેતાની આત્મકથા [૫૭



ચાદ છે આપણે સ્વિત્ઝરલૅન્ડમાં સિમ્ફૉનિક સંગીત સાંભળ્યું હતું તે? અહીં હૈયાંને ધબાક ધબાક ધમધમાવે એવું વેગીલું, તેજીલું, વીરત્વભર્યું સૂરસંયોજન સંભળાઈ રહ્યું છે. દગોનના દેવળમાં ફિલિસ્તાઇનો ને ઇઝરાઇલો પાસે મારીમારીને કામ કરાવે છે. આખરે જુલ્મગારોને ડરાવવા જગજાણીતો વીફરેલો સૅમસન આવ્યો. એણે તલવાર વીંઝી ને જીત્યો. ત્યાં ખૂબસૂરતીના ભંડાર જેવી દલાઇલા થનગનતી આવી, દુશ્મન વિજેતાને સૌન્દર્યથી ડારવા. વર્ષો પહેલાં મળ્યાં હતાં. પ્રણયલ્હાવા લીધા હતા. સો સો સૂર ઝબકી ઊઠે એમ જૂનાં સંસ્મરણો ભભૂકી ઊઠ્યાં. પરંતુ અહીં તો સૂર્યશતકને પણ આંટી જાય એવી કોટિકોટિ સૂરજની એકઠી કરેલી વેરની આગ દલાઇલાના હૈયામાં સતતની ભભૂકતી હતી. સૅમસન પોતીકા દેશનો દુશ્મન, એને દલાઈલા ચાહે? બને જ કેમ! બહુનામી સૅમસને તલવારથી પોતાના દેશને ગુલામ બનાવ્યો છે. દલાઇલા સૌન્દર્યના તીણા ભાલાથી સૅમસનનો વધ કરવા નીકળી છે. સો સો વાદિત્રો બંનેના જિગરની તડજોડ હાંસલ કરે છે. સૅમસનનું બળ એની વિચિત્ર કેશાવલિમાં છે. એ કેમ હાથ આવે? આખરે પ્રણય-ખુમારીમાં સૅમસનના કેશ દલાઈલાના હાથમાં આવે છે. દલાઇલા વિજયની ચિચિયારી ચિત્કારે છે અને હારેલા ફિલિસ્તિનો કીનો લેવા ધસી પડે છે. કેશ વિનાનો, આંધળો, એક વારનો મહાબળવાન ગણાતો સૅમસન ભોંયરે પટકાએલો પડ્યો છે. દગોનના દેવળમાં ઉન્માદી ફિલિસ્તિનો વિજયની આરતી કરવા આનંદોત્સવે મચી પડ્યા છે, ત્યાં સૅમસનને પણ લાવે છે. વડો ધર્મગુરુ એને ચીડવે છે: 'ગા, ગા, હવે દલાઈલાને ઉદ્દેશીને તારું પ્રણયગીત ગા!' આંખ વિનાના આ નિર્બલ ઉપર દલાઇલા પણ હસીહસી ઠાઠાઠીઠીથી મજાકોના ટોપલા ઠાલવે છે. ઉન્માદ આવેશમય થઇ શતગણો વધે છે. આજ વિજયનો દિન છેને? ખેરસલ્લાહ! સૅમસન દેવળને ટેકવનારા બે મજબૂત થાંભલા પાસે જઈ પ્રભુ પાસે પોતાની પુરાણી તાકાત પાછી મેળવવા બંદગી કરે છે, અને થાંભલાને બાથ ભેરવી હચમચાવે છે. કકડભૂસ બંને થાંભલા ઉચ્છેદે છે, ને નશામાં ચકચૂર ફિલિસ્તિનો, એમનો વિજેતા સૅમસન અને દલાઇલા દેવળના ભંગાર નીચે દટાઈ જાય છે. (આ કથાનાં બે સુંદર ચિત્રો આ અંકમાં અન્યત્ર જુઓ.)

મંસ્યુ સેશાંના આ સંગીત નાટક(ઑપેરા)માં અનેક સૂરાવલિઓ આપણા સંગીતની જ જાણે ન હોય એમ લાગ્યા વિના રહેતું નથી. એમાં એનાં નૃત્યોની તરજો તો અત્યંત દિલચસ્પ છે. ઑપેરાલેખકોની મશહૂર નામાવલિઓમાં ગ્લુક, મોત્સાર્ત, બીથોવન, વાગનર ને વર્દી જેવાઓ સાથે તો સેશાંને નહિ મુકાય, છતાં, આ ફ્રેન્ચ અખતરાખોરે અત્યંત સંવેદનશીલ સંગીત જમાવ્યું છે એ નિઃશંક છે.

હજી તો સાંજ નમવાની હતી ત્યાં મેદાલીનના દેવળ આગળથી ચાલી, એક રોનકદાર રેસ્તોરાંમાં ચટાકો મારી પાએક કલાક પહેલાં અમે એક કાળી ને જરા થોથવાએલી જેવી દેખાતી ઇમારત આગળ આવી પહોંચ્યા. ડૉ. ઇન્દુભાઇ અમીન આગલા દિવસે જ ચાર ટિકિટ લઈ આવ્યા હતા, અને અમે એ મશહૂર 'ઑપેરા દ પારી'ના આલીશાં, કલાત્મક, બેનમૂન મકાનમાં દાખલ થયા. બહારથી જ, જરા દૂરથી જેમ તાજ જોઇને છક થઈ જવાય છે એમ, ઑપેરાની ભીતરનું કામ



પ્લેસ દ ઑપેરા-ઑપેરા દ પારીનું આલીશાં કલાત્મક મકાન. સાડા ત્રણ કરોડ ફ્રાંકને ખર્ચે પંદર વર્ષે બંધાઇ રહેલું રંગભૂમિના રસિયાઓનું યાત્રાધામ. કૈંક અભિનયપટુ કલાકારોએ અહીં જીવનને ધબકાવ્યું છે; કૈંક બાલેરિનાઓએ અહીં નૃત્યની સુરેખ આકૃતિઓ રચી છે; કૈંક સૂરોના ઉસ્તાદોએ અહીં સૂરોની રંગીલી આતશબાજી ઉડાવી છે. ઑપેરા દ પારીના ભીતરમાં એની મધુરપ જીવંત છે ને રહેશે.



↑ પારીનું 'થીએટર ફ્રાંસ્વા': ફ્રાન્સના વિચક્ષણ ને મસ્તમદારી નાટ્યકાર મૉલીઍરે બધા જ અદાકારોને એકઠા કરી એક નટમંડળ ઊભું કરેલું અને તેમના સંઘબળે ઈ. ૧૬૮૦માં ૧૪મા લૂઈ પાસે એ સંઘનું અસ્તિત્વ કબુલાવી આ થીએટર બંધાવડાવ્યું હતું. ૧૮૧૨માં નેપોલિયન મૉસ્કો પહોંચ્યો તેની ખુશાલીમાં સરકારે આપેલી ગ્રાંટમાંથી આજે પણ અહીં પગારે બંધાએલાં નટનટીઓ કામ કરે છે.

જોઈ તબાક થઇ જવાય છે. કેમ ન થવાય? જેને થીએટરની લત છે, રંગભૂમિ કેવી હોય એનો જેને આછોઅધૂરો પણ ખયાલ છે, એ આ જોઇ કુદરતીરીતે જ દંગ થઈ જાય એમાં શી નવાઈ? ચાર્લ્સ ગાર્નીઅરે આ ઇમારતનો નકશો દોર્યો, અને એના બાંધકામ પાછળ પંદર વર્ષ થયાં. તાજને બાંધતાં ત્રીસ વર્ષ થયાં હતાં, આ નાટકશાળા બાંધતાં પંદર વર્ષ થયાં અને ખર્ચ તો, ઇ. ૧૮૬૦-૭૦માં—એટલે કે આજથી એંશી નેવું વર્ષ પહેલાંના ફ્રેન્ચ ફ્રાંકની કિંમતે અડસટ્ટો પણ શી રીતે કાઢવો? સાડા ત્રણ કરોડ ફ્રાંક ખરચી, દુનિયાના અમૂલ્યમાં અમૂલ્ય પથ્થરો એકઠા કરી આ ઇમારતની બાંધણી કરવામાં આવી! જાતજાતના રંગબેરંગી આરસો ત્યાં વાપરવામાં આવ્યા છે. દાદરનો કઠેરો અલજીરિયાના જાણીતા ઑનિક્સ પથ્થરોનો બનાવેલો છે. હાથ મૂકતાં જ આંગળીઓ સરી જાય! રંગભૂમિ ઉપરનું મિલેનું દોરેલું 'ઍપોલો'નું સ્તબ્ધ કરે એવું વિશાળ ચિત્ર જોશો, કે ફરતી રવાલમાં કોતરી મૂકેલાં નામાંકિત નાટકકારોનાં પૂતળાં જોશો? પેલો સોનેરી રંગે ચીતર્યો ઍપોલોનો મુકુટ જોશો કે પંદરસો પ્રેક્ષકો બેસી શકે એવી કલાત્મક રીતે ગોઠવાએલી લાલ મખમલની ગાદીવાળી ખુરશીઓ જોશો?



મશહૂર નટી સરા બર્નહાર્ટના નામે બંધાએલું 'થીએટર સરા બર્નહાર્ટ.'

નાંદીગીત—ઓવર્ચર સંગીત—પૂરું થતાં, હું રસસમાધિમાંથી જાગ્યો, કંઈક સ્તબ્ધ રહ્યો, ઊભો થયો, પાસે બેઠેલા ઈન્દુભાઇને ભેટી પડ્યો! દડદડ આંસુ વહી રહ્યાં હતાં. કોઇ કહેશે કે આ શી ઘેલછા? કોઈ સુંદર સ્થળે આપણાં આપ્તજનો સમીપમાં હોય તો કેવું સારું એવી ભાવના થતાં ઘણાં સાંભરી આવ્યાં. નજીકમાં ઈન્દુભાઇ હતા. હું ગળગળો થઇ ઊર્મિલ થઇ ગયો. કોઈ કહેશે ફ્રાન્સના દિમાગની મારા પર અસર થઈ. હા; કેશવચન્દ્ર પણ ગળગળા થઈ ગયા હતા. ઇન્દુભાઈ અને અનસૂયા બહેન પણ આફરીન આફરીન ગણગણી રહ્યાં હતાં. અમે સૌએ શાંત ચિત્તે એ અલૌકિક પળનો લહાવો લીધો.

આ તે થીએટર! નાટકશાળા! ત્રણ દિવસમાં ખપાટિયાં લઈ ઊભાં કરેલાં નાટક કરવાનાં ઠોઠાં ક્યાં, અને કાળજીપૂર્વક, કુનેહથી, થીએટર માટેની ઝીણામાં ઝીણી બાબતોને ધ્યાનમાં રાખી સરકારે પ્રજા માટે બાંધેલું આ રંગભવન ક્યાં!

આપણો દેશ ગરીબ: બરાબર છે. ખજુરાહોમાં સેંકડો હજારો સુંદર મૂર્તિઓથી ભરચક મંદિરો છે. ગુજરાતના નામને ગૌરવ અર્પતાં દેલવાડા અને મંદિર-માંડણીમાં ભારતભરમાં અલૌકિક ગણાતાં રાણકપુર વગેરે સ્થળોમાં બેનમૂન કોતરકામવાળી અનેક શિલ્પકૃતિઓ છે. હા, દેવને આરાધવા ધનસંપત્તિ મળી રહી, કિસબીઓ મળી રહ્યા, કારીગરો મળ્યા,—અરે, હજી ગઈ કાલે જ રાણકપુરને સમરાવવા એક લાખ ખર્ચ્યાં—માત્ર એક જ દેવ બીચારો ગરીબ, તે કોઈ રાજા મહારાજાએ એને ન સંભાર્યો; એ રંગદેવતા માટે અનુપમ એવો એકે રંગમહાલય, અદ્દભુત અને અનન્ય, કોઇએ ન બંધાવ્યો!

ગરીબ ભારતમાં ઠેરઠેર શિલ્પસમૃદ્ધ દેવસ્થાનો છે. ઘણાં વેરવિખેર પડ્યાં છે. યાત્રાળુ પગપાળો જ જઈ શકે—હા, શ્રદ્ધા હોય તો; નહિ તો ત્યાં જવા માટે આજે પણ પૂરતી સગવડો નથી (દાખલા તરીકે મોઢેરા). એવી કંઈક સુંદર કૃતિઓ વાધૂળે ઝપેટાય છે. પણ રોજબરોજ પ્રેક્ષક નાટક કે સંગીતની રસલ્હાણ લઇ પ્રેરણા મેળવી શકે એવું રંગાલય

જ્યારે દેશ સમૃદ્ધ હતો ત્યારે પણ કોઈ ન બાંધી ગયું?

અહીં સૅમસન-દલાઈલાનો ઑપેરા હતો. ઑારકેસ્ટ્રા સાથે ગાનારનાં ગળાં પણ સાફ, કેળવાએલાં ને સૂરીલાં હતાં. સ્વચ્છ અવાજ, માઈક-ફાઈકનાં કશાં કૃત્રિમ સાધન વિના, સ્પષ્ટ સંભળાતા હતા. પાવલોવા જોયા પછી જે મદ ચડચો હતો, એવો ખુમાર આ ઑપેરા સાંભળી ચડચો, અને એથી વધુ જીવનભરનો આહ્લાદ આ ઇમારત જોઈ થયો.

અહીં એક નાનકડું સંગ્રહસ્થાન છે. એમાં અહીં ભજવાએલી દરેક કૃતિની નકલો ઉપરાંત પોષાક, ઘરેણાં ને એવો નાટકોને લગતો ઐતિહાસિક અસબાબ પણ રાખવામાં આવ્યો છે.

ઑપેરા દ પારી! રંગભૂમિના રસિયાઓનું એ યાત્રાધામ છે, અને રહેશે. બાલેરિનાઓએ અહીં નૃત્યની સુરેખ આકૃતિઓ રચી છે, કંઈક સંગીતના ઉસ્તાદોએ સૂરોની રંગીલી આતશબાજી ઉડાવી છે. ઑપેરા દ પારીના ભીતરમાં એની મધુરપ જીવંત છે અને રહેશે.

એના રંગમંચની વિલક્ષણ યોજના ફરીફરીને જોઈ. તખ્તા ઉપર વિશાળ આકાશના ચંદરવાથી માંડી ધીર ગંભીર સાગરને ખડો કરી દેવાની હિકમતો જોઈ. અડીખમ ને ભવ્ય જણાતું, જાણે પાકી બાંધણીનું બાંધેલું દાગોનનું દેવળ, તે પણ પલવારમાં સૅમસનના ખભા અડતાં, કડડડ ધમ દઈને ભોંય પડતું જોયું. એમાં નીચે દટાતી માનવ મેદની જોઈ, એની કાન ફાડી નાખે એવી ચિચિયારીઓ સાંભળી, હૈયાં ચીરી નાખે એવી સંવેદનાશીલ સ્વરોની રચના અનુભવી. આ એ ઑપેરા દ પારી!

રંગદેવતાના ભક્તોનું તું તીર્થધામ છે અને રહેશે. ફ્રાન્સમાં નાટ્યશાસ્ત્રનો કોઈ પ્રખર રચનાર પાકચો જાણ્યો નથી. આપણા ભરતે વિધવિધ પ્રકારનાં નાટ્યગૃહોની યોજના ઝીણવટ અને વિસ્તારથી આલેખી છે. એ ભરત પછી તો અઢળક દોલતના કંઈક સ્વામીઓ ભારતમાં જન્મ્યા ને ચિતાએ ચડચા, પણ કોઈએ એમાંનાં નાટ્યગૃહો જેવાંમાંથી એકે ન બંધાવ્યું? કે બંધાવ્યું હશે, પરંતુ સૅમસને દાગોનના દેવળની હસ્તી નાબૂદ કરી એમ કાળબળે એને પણ ધૂળભેગું કર્યું હશે! અને હવે તો આપણો ગરીબ દેશ આવી નવતર રચનાવાળી નાટકશાળા બાંધી પણ કેમ શકે?



ફ્રાન્સના ચાર મહાન સાહિત્યકારો–મથાળેથી ડાબી બાજુથી: ઝ્યાં-બૅપ્ટિસ્ટ પાકેલીન મૉલીઍર (ઈ. ૧૬૨૨–૭૩); ફ્રાંસ્વા મારી આરૂત દ વૉલ્તેર (૧૬૯૪–૧૭૭૮); ઑનૉરે દ બાલ્ઝાક (૧૭૯૯-૧૮૫૦); વિક્ટર મારી હ્યુગો (૧૮૦૨–૮૫).

ચાલો, આગળ ચાલીએ, એમ નિરાશ થઈ ભોંય નહિ બેસીએ. ઍવન્યુ દ લા ઑપેરાને જ રસ્તે, આ વચગાળાનો વૅંદોમનો વિજય સ્તંભ નેપોલિયનની જીતોની યાદમાં રોમના ત્રાજાન સ્તંભ જેવો લાગે છે, તે ફ્રાન્સના કોરબે નામના ચિત્રકારે સિત્તેરેક વર્ષ પછી લોકોના ટોળાને ઉશ્કેરી તોડાવી પાડચો હતો. દેશદેશ વચ્ચે બંધુત્વની ભાવનામાં—લીબર્તી, ઈક્વાલીતી, ને ફ્રેતરનિતીમાં માનનારી પ્રજા આવા વિજયના સ્તંભો ચણાવે એ અઘટિત છે, એમ માની ૧૮૭૧માં કલારસિકોના એક મંડળના નેતા તરીકે એણે એ ચબૂતરા પર હલ્લો કરી તોડાવી નાખ્યો! અલબત્ત, એ માટે એને સજા થઈ, અને મોટે ભાગે એને સ્વિત્ઝર્લૅન્ડમાં રહેવું પડ્યું. ત્યાં જ એ ચિત્રો ચીતરતો અને ૧૮૭૫માં પાછો એ સ્તંભ અસલ હતો એવો ચણી લેવામાં પણ આવ્યો.

વચ્ચે એક પ્રખ્યાત સાહિત્યકારના ઘરમાં જઈ અંજલિ આપી આવીએ? સાહિત્યકારની સ્મૃતિ સજીવન રાખવા યોજેલું સંગ્રહસ્થાન કેવું હોય એ જોવું હોય તો મ્યુસે હ્યુગો જોવા જવું. ફ્રાન્સની અઢારમી સદી વોલ્તેરે જેમ ઝળકાવી, તેમ ઓગણીસમી સદી હ્યુગોએ ચમકાવી. ઈ. ૧૮૨૦માં એ જન્મ્યો અને બાર વર્ષે કવિતાઓ લખતો થયો. નોત્રેદામના દેવળની એણે જ દુનિયાને ઓળખ આપી. જબરો માણસ, ભારેની કલ્પના, અને અથાગની અહંવૃત્તિ! જીવતાં એ કહેતો કે પારીસનું નામ 'વિકટર હ્યૂગો નગર' રાખવું જોઈએ! નાનપણથી મોટો થયો ત્યાં સુધીની એની સૅંકડો છબિઓ, એનાં કરાએલાં અસંખ્ય ઠઠ્ઠાચિત્રો, એના વિવિધ પત્રો, લખાણો, ચિતરામણો, લપેડાઓ, નાટકો, નાટકો વેચાએલાં તેની પાવતીઓ, એનાં પુસ્તકોની કિસમકિસમની આવૃત્તિઓ, પથ્થરનાં પૂતળાંઓ, એના બચ્ચાં ને બચ્ચાંનાં બચ્ચાંઓનાં પૂતળાંઓ, એના હસ્તાક્ષરો, અને જન્માક્ષરો તો હોય નહિ એટલે એની કલમો, ખડિયાઓ, ટેબલો, પથારી, એણે એકઠી કરેલી અનેક વસ્તુઓ, એનાં પુસ્તકો, એની લાકડી, એની ટોપી, એની ટાઈ, જુદાજુદા ચિતારાઓએ આજ સુધી ચીતરેલી, કોતરેલી મૂર્તિઓ—હ્યૂગો, હ્યૂગો, હ્યૂગો, બસ ચારે બાજુ, બીજે ને ત્રીજે મજલે હ્યૂગો, ચોગરદમ હ્યૂગો; 'જ્યાં જ્યાં નજર મારી ઠરે યાદી ભરી હ્યૂગો તણી.' કલાપી યાદ આવે છે, નહિ? અઢારસોની સાલમાં જન્મેલા આપણા કવિઓ યાદ આવે છે, નહિ? ઓગણીસસોની શરૂમાં જન્મેલા આપણા લેખકો...સમજી ગયા ને

↑ ડાબી બાજુ: ઑપેરા–દ–પારીનો અંદરનો એક ભાગ; જમણી બાજુ: રવીન્દ્રનાથ ઠાકુરના નાટક 'ડાક-ઘર'નું ત્યાં ભજવાએલું એક દૃશ્ય.

હું શું કહેવા માગું છું તે? હં, ચાલો એમ નિસાસા ન મૂકી .. આ ક્ષર દેહ ખરી ગયા પછી શું રહેવાનું છે તે? સંસાર છે; ચાલ્યા કરે. નાશવંત વસ્તુઓનો આ સંઘરો અને એની ઉપર ઠાઠઠેરો શો? જગત મિથ્યા છે, સંઘરો જંજાળ છે; એથી જ તો પુરાણા વેરવિખેર પડેલા પથરાઓ આપણે મન ફાવે તેમ હજી આજે લૂંટાવા દઇએ છીએ. એ પથરામાં ભલે પછી કોતરાએલી કોઈ અનુપમ શિલ્પમૂર્તિ હો, આખરે તો પથરો જ ને?! મને લાગે છે કે 'સંસાર અસાર છે' એનું સરવાળે સરાસરી સારામાં સારું ભાન આપણને જ છે, એ વાતમાં કોઇને શંકા નહિ આવે!

પણ આટલામાં તો આપણે એક બીજા થીએટર આગળ આવી પહોંચ્યા. પેલું પૂતળું તે કવિ મ્યુસેનું, અને આ થીએટર તે ફ્રાંસ્વા. મૉલીઍરે એક નટમંડળ ઊભું કરેલું, અને બધા જ અદાકારોને એમાં એકઠા કરી, એના સંઘબળે ઇ. ૧૬૮૦માં ૧૪મા લૂઈ પાસે એ સંઘનું અસ્તિત્વ કબૂલ કરાવી, અને આ થીએટર બંધાવડાવ્યું હતું. નાટકશાળા પૂરેપૂરી તો જોકે મૉલીઍરના મૃત્યુ પછી સાત વર્ષે બંધાઈ રહી, પણ એમાં નાટક કરનારાઓની ટોળીને મૉલીઍરની વિધવા માર્ગદર્શન આપતી. ઈ. ૧૮૧૨માં નેપોલીઅન મૉસ્કો પહોંચ્યો એની ખુશાલીમાં સરકારે આ થીએટર નભાવવાની ગ્રાંટ આપી, અને આજે નટનટીઓ એ મદદની રકમમાંથી પગારે બંધાએલાં કામ કરે છે!

અહીં વોલ્તેરનું હુદોએ બનાવેલું અનુપમ પૂતળું છે, ફરતા રવેશામાં ચિત્રો, પૂતળાં અને ઐતિહાસિક વસ્તુઓનો જોવા જેવો ભંડાર છે અને નજીકમાં ફ્રાન્સના પેલા જબરદસ્ત નટ, દિગ્દર્શક અને નાટકકાર મૉલીઍરના પૂતળા સાથે સંકળાએલો મસ્ત ફુવારો છે.

થીએટર લિબ્ર–આઝાદ થીએટર, કે મશહૂર નટી સરા બર્નહાર્ટના નામે બંધાએલું સરા થીએટર, કે થીએટર આંત્વા જોવા બેસીશું તો પાર નહિ આવે; પણ જરા થીએટરોનો ઇતિહાસ તો જાણી લઇએ.

સોળમી સદીમાં પારીસમાં થીએટર બંધાયું ત્યાં ઇટાલીથી નટો આવ્યા. ઈ. ૧૬૩૦માં નાટકના બાદશાહ કોરનીલે નાટકોને સ્વરૂપ આપવા પ્રયાસ કર્યો. પછી આવ્યો રેસીન, અને પછી આવ્યો ભારેનો નટખટ, વિલક્ષણ અને વિચક્ષણ, મસ્તમદારી મૉલીઍર. ઈ. ૧૭૯૦-માં ત્યાંની રાષ્ટ્રસભાએ થીએટરોને સ્વાતંત્ર્ય આપ્યું. ઈ. ૧૮૧૨માં નાટકોના રસિયા નેપાલીઅને 'થીએટર ફ્રાંસ્વા'ને સરકારી મહોરો બક્ષ્યો. દરમ્યાન વોલ્તેર, દીદેરો, બોમાર્કવાં, હ્યૂગો વગેરે નિજનિજની કલમો ડે નાટકનાં લખાણોને બાહલાવતા હતા. ઈ. સ. ૧૮૮૭માં ઍંતોઇન-આંત્વાએ 'સ્વતંત્ર થીએટર'ની ઝુંબેશ ઉપાડી, ટૉલ્સ્ટૉય ઇબસન વગેરેનાં નાટકો થીએટર લિબ્રમાં રજૂ કર્યાં. પછી તો કોર્તલીન, જૅક કૉપ્વા, ગાસ્તન બેતી, ઝ્યાં ગીરદોં, કોદેલ, કોલેત, આંદ્રેજીદ, બ્રીઆ, સાર્ત્રે, રૅસેં વગેરે જાતજાતના કલાકારોએ તરેહતરેહનાં નાટકો લખ્યાં, અને ભાતભાતનાં થીએટરો બંધાવા માંડ્યાં.

પારીસમાં અસંખ્ય થીએટરો છે, એમાંનાં ઘણાં વિશિષ્ટ છે, અમુક પ્રકારના રંજનાર્થે ખાસ બંધાએલાં છે, પણ એ સૌમાં શ્રેષ્ઠ, ત્યાં જઇ અર્ઘ્ય અર્પવા યાત્રા કરી પુણ્ય મેળવવા રંગદેવતાને પ્રણિપાત કરવા માટે તો 'ઑપેરા દ પારી' એક જ છે, અનન્ય છે. (ચાલુ)

અમદાવાદ શહેર પુસ્તકાલય મંડળ તરફથી શિષ્ટ વાચન-પરીક્ષા

જનતામાં શિષ્ટ વાચનની અભિરુચિ પ્રગટે, ઉચ્ચ વિચારોનો ફેલાવો થાય, સ્વશિક્ષણની વૃત્તિ કેળવાય ને પુસ્તકાલયો તરફ અભિમુખતા આવે એ હેતુથી અમદાવાદ શહેર પુસ્તકાલય મંડળે વાર્ષિક શિષ્ટ વાચન-પરીક્ષા યોજી છે. તેમાં પાસ થનારને પ્રમાણપત્રો ઉપરાંત સૌથી વધુ ગુણ મેળવનારને ઇનામો અપાશે. ઑક્ટોબર વેકેશન પછી પ્રથમ સપ્તાહમાં આ પરીક્ષા થશે. તેને માટે ગાંધીજીનું 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' પુસ્તક નક્કી થયું છે. તેને માટેના ઉદ્દેશો, નિયમો તથા પ્રવેશ-ફી 'માણેકલાલ જેઠાભાઈ પુસ્તકાલય'માં આવેલ શહેર પુસ્તકાલય મંડળના કાર્યાલયમાંથી મેળવી શકાશે. પરીક્ષાર્થીએ મેળવેલી પ્રવેશ ફીની પહોંચ બતાવીને નવજીવન કાર્યાલયની રીલીફ રોડ ઉપર કૃષ્ણ સિનેમા સામે આવેલી દુકાનેથી રૂા. ૦–૪–૦ વળતરથી પુસ્તક મેળવી શકાશે.

સેન્ટ્રલ ફૂડ ટેકનૉલૉજિકલ રીસર્ચ ઈન્સ્ટીટયૂટ



આપણા દેશના એક મુખ્ય પ્રાણપ્રશ્નનાં અનેક અંગોને હલ કરતી ખાદ્ય પદાર્થોના ઉદ્યોગ-વિજ્ઞાનની સંશોધન-સંસ્થા

મ્હૈસૂર

સુજલામ, સુફલામ' ગણાતી આ ભૂમિમાં ખોરાકના પ્રશ્નો ઊભા થાય એ શું બેહૂદું નથી લાગતું? આપણા દેશમાં તે વળી ખોરાકની તંગી નિવારવા માટે ઉદ્યોગ-વિજ્ઞાન-(ટેકનૉલૉજી)ની જરૂર? આ અમુક અંશે વિરોધાભાસી છે, પરંતુ ગત વિશ્વયુદ્ધના કપરા કાળમાં ખોરાકની ટેકનૉલૉજીની અગત્ય અને તેની મદદ વડે બનાવેલા 'પ્રોસેસ્ડ' ખોરાકની કિંમત આપણો દેશ સમજ્યો. ઈ. ૧૯૪૩નો બંગાળનો ભીષણ દુષ્કાળ અને ૧૯૪૬માં દક્ષિણ હિંદમાં ઊભી થએલી ખોરાકની તંગીએ સૌને ખોરાકના વિષયમાં રસ લેતા કર્યા. પુષ્કળ પુરાવાને આધારે C. S. I. Rની 'ઔદ્યોગિક સંશોધન આયોજન સમિતિ'એ ખોરાકના ઉદ્યોગ-વિજ્ઞાન અંગે સંશોધન માટે એક મધ્યસ્થ પ્રયોગશાળા કાઢવાની ભલામણ કરી, અને તેની સગવડ કરવા અંગે જુદાંજુદાં રાજ્યોને પૂછવામાં આવ્યું. મ્હૈસુરે ચેલુવલ્લાનો મોટો મહેલ અને તેની લગભગ ૧૫૦ એકર જમીન આ ઈન્સ્ટીટયૂટ માટે માત્ર નામના ભાડાથી આપવાનું બીડું ઝડપ્યું. ઈ. ૧૯૪૮માં મહેલનો કબજો મળ્યો અને ૧૯૪૯માં કામ શરૂ થયું. દિલ્હીનું 'ફળ ઉદ્યોગ-વિજ્ઞાન ઈન્સ્ટીટયૂટ' (ઈન્ડિયન ઇન્સ્ટીટયૂટ ઓવ ફૂટ ટેકનૉલૉજી) આ સંસ્થા સાથે ઈ. ૧૯૫૦માં જોડી દેવાયું.

હિંદ જેવા કૃષિપ્રધાન દેશને આર્થિક દૃષ્ટિએ પણ ખોરાકની ટેકનૉલૉજી અંગેનું સંશોધન અતિ મહત્ત્વનું છે, કેમકે દેશની વસતિમાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે ને અનાજની અછત રહે છે, જેને પરિણામે ભૂખમરો રહે છે. ખોરાકની ટેકનૉલૉજીના વિષયમાં સંશોધન માટે વિશાળ ક્ષેત્ર પડયું છે. થતો બગાડ અને નુકસાન રોકી શકાય તે માટે બગડી જાય એવાં ફળ, શાકભાજી, દૂધ તેમજ અનાજનો સંગ્રહ કરવાની રીતો ખીલવવાની અને નવી શોધી કાઢવાની ખૂબ જરૂર છે. ખોરાકની ચીજોમાં હલકી જાતના ખાદ્ય પદાર્થોને સુધારી સ્વાદિષ્ટ અને મઝેદાર બનાવવા એ પણ અગત્યનું છે. વળી દેશમાં પેદા થતી અનેક બિનઉપયોગી ખાદ્ય વસ્તુઓની બાબતમાં સંશોધન હાથ ધરી આ ઇન્સ્ટીટયૂટ પ્રજાને પૂરતું ખાવાનું મળે એવી ઉપયોગી શોધો બહાર પાડે એવી પણ આશા છે. એથી એની સ્થાપના સાર્થક ગણાશે.

ખોરાકની ટેક્નૉલૉજીનો વિષય ખૂબ વિશાળ છે. તેને અંગે અનેક પ્રશ્નો તપાસ માગે છે. દેશમાં લોટની મિલો, ચોખાની મિલો, બ્રેડ અને બિસ્કિટનાં કારખાનાં, ફળ-શાકભાજીને પ્રોસેસિંગ કરવાનાં કારખાનાં, વનસ્પતિ ઘી, કોકોજેમ અને અન્ય તેલનાં કારખાનાં,—આમ ખોરાકી વસ્તુઓને લગતાં અનેક કારખાનાં ચાલે છે. આ બધાં કુલ ૧૩૧ કરોડ રૂપિયાની ચીજો બનાવે છે. આ ઉપરાંત આપણે ત્યાં પીણાં, મચ્છી (ડબામાં રાખેલી), મસાલા વગેરે ચીજો પણ પુષ્કળ જથ્થામાં બનાવાય છે અને તેનો મોટો વેપાર ચાલે છે.

આ ઈન્સ્ટીટયૂટમાં સંશોધનના ક્ષેત્રમાં જે કાર્ય હાથ ધરવામાં આવ્યું છે તેમજ જે પ્રશ્નોપર અન્વેષણ ચાલે છે, તેનો નિર્દેશ નીચે કર્યો છે:

(૧) વિવિધ ખોરાકી પદાર્થોનો સંઘરો; તેની સાચવણી; બગાડ થતો રોકવો; થોડા બગડેલા અનાજના ઉપયોગ અંગે શોધ.

(૨) ખોરાકની ચીજોને વધુ વખત સુધી બગાડ વિના રાખી શકાય અને તેનો સહેલાઈથી ઉપયોગ કરી શકાય એવી ક્રિયાઓ: રેફ્રીજરેશન, ઠારણ, વાયુઓની મદદ વડે સંઘરો, પાણીનું પ્રમાણ ઓછું કરવું, ફળોનું કૅનિંગ ઇત્યાદિ ક્રિયાઓનો અભ્યાસ ને અન્વેષણ.

(૩) જરઠ અનાજને સ્વાદિષ્ટ અને સુપાચ્ય બનાવવાં તથા ખોરાક તરીકેની તેમની ઉપયોગિતામાં વૃદ્ધિ કરવી; તેમાંથી નુકસાનકારક અને બિનસ્વાદુ અંશો કાઢી નાખવા.

(૪) ખોરાક માટે ઉપયોગી થાય એવા નવા અને અદ્યાપિ અજાણ્યા એવા પદાર્થોનો અભ્યાસ; તેમના પર ક્રિયાઓ કરી, તેમાં ખૂટતાં પોષક તત્ત્વો ઉમેરીને તેમને ઉપયોગી બનાવવા; દુષ્કાળમાં વાપરી શકાય એવા ખોરાકોનો અભ્યાસ અને અન્વેષણ.

(૫) કૉન્સેન્ટ્રેટેડ-ઘનીભૂત કરેલા ખોરાકો, વિટામિનો ને બીજા પૂરક પદાર્થોની બનાવટ; એક જ ચીજ અનેક ઉપયોગમાં આવે એવા ખોરાકો; સીધા પીરસી શકાય એવા ખોરાકો; ચાલુ ખોરાકી ચીજોને બદલે ચાલે એવા અવેજી ખોરાકો વગેરેનો અભ્યાસ અને બનાવટ.

(૬) ફળ તથા શાકભાજી જેવી બગડી જાય એવી ચીજોને સાચવી રાખવાની રીતોની શોધ; જૅમ, મુરબ્બા, અથાણાં, ચટણી વગેરે ચીજોની બનાવટની રીતો અને એ કામ માટેની તાલીમ.

(૭) પ્રજાની આર્થિક સ્થિતિને અનુકૂળ સમતોલ ખોરાકની રચના; આપણી રાંધવાની રીતમાં સુધારણા; ખોરાકના ઉદ્યોગો અંગેના પ્રશ્નોનો અભ્યાસ; નવી ઔદ્યોગિક પદ્ધતિઓ દાખલ કરવા અંગે સંશોધન.

(૮) ખોરાકના ઉદ્યોગોમાં વપરાતી ચીજોની સાફસૂફી ને સ્વચ્છતા અંગે સંશોધન તથા કારખાનાંવાળાઓને તે અંગે સલાહ; ઉદ્યોગમાં નકામા નીકળતા વ્યયદ્રવ્યો=કચરા-પદાર્થોના ઉપયોગ વિષે સંશોધન.

(૯) ખોરાકી ચીજોની ગુણવત્તા તપાસવાની તાત્કાલિક રીતો અને તેમાં કરવાના સુધારા; ખોરાકમાં ભેળસેળની તપાસ અને અન્વેષણ.

(૧૦) ખોરાક અંગે જનતાને ઉપયોગી માહિતી; આહારશાસ્ત્રના પ્રશ્નો પર પત્રિકાઓ દ્વારા લોકશિક્ષણ; સફળ થએલી નવી રીતોની નકશા, ચિત્રો વગેરે દ્વારા જનતાને અને ઉદ્યોગને ખબર આપવી.

આ ઈન્સ્ટીટયૂટમાં થતું સંશોધન આમ આપણા જીવનની પ્રાથમિક જરૂરિયાતને લગતું છે. એથી દેશને ખૂબ લાભ થવાનો. આ સંસ્થાના નિયામક ડૉ. વી. સુબ્રહ્મણ્યન્ છે. તેમણે મકાઈ ને ટાપીઓકાના સ્ટાર્ચમાંથી બનાવટી ચોખા તૈયાર કર્યા છે, જે રીત જાપાન ઇત્યાદિ ચોખાખાઉ દેશોમાં પણ અપનાવવામાં આવી છે, એ આનંદની વાત છે.

નરસિંહ મૂ. શાહ

આપણું શરીર

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીની માહિતીપ્રચુર લોકપ્રિય લેખમાળા

આદિ કાળથી વિચારકો માનવ-શરીર વિષે વિચારતા આવ્યા છે. શાસ્ત્રજ્ઞોએ એને પંચમહાભૂતોનું બનેલું માળખું માન્યું છે, તો ધર્મવેત્તાઓએ એને દૈવી અંશ ગણાવ્યું છે. વળી કોઈ એને કાળ ભગવાનની લીલા લેખાવે છે. સાંખ્ય સિદ્ધાંત પ્રમાણે માનવ-દેહ એ "મહત્તત્વ, અહંકાર, અગિયાર ઇન્દ્રિયો (પાંચ કર્મેન્દ્રિયો પાંચ જ્ઞાનેન્દ્રિયો તથા મન), પાંચ તન્માત્રાઓ, અને પાંચ મહાભૂતો,–આ ત્રેવીસ જડ તત્ત્વો સાથે ચેતન જીવાત્માનો સંયોગ" છે. મહર્ષિ ચરક કહે છે **षड्धातवः समुदिता पुरुष इति शब्दं लभन्ते** "છ ધાતુઓ (પૃથ્વી, જલ, તેજ, વાયુ, આકાશ ને અવ્યક્ત બ્રહ્મ) મળીને પુરુષ (માનવદેહ) કહેવાય છે. શરીર પૃથ્વીતત્ત્વ છે, ક્લેદ જળતત્ત્વ છે, શરીરની ગરમી એ તેજ ને અગ્નિ છે, પ્રાણ વાયુ છે, છિદ્રો આકાશ છે અને અંતરાત્મા એ બ્રહ્મ છે. સાધનભૂત પાંચ મહાભૂતોથી કે બીજી ધાતુઓથી સ્વયં દેહ ઉત્પન્ન થતો નથી; જ્યારે અદૃષ્ટ આત્માની પ્રેરણા મળે ત્યારે તે થાય છે. કુહાડી કાંઈ જાતે લાકડાં ફાડતી નથી; માનવીની પ્રેરણા મુજબ તે કામ કરે છે. જે કર્તા વિના સ્વયં ઉત્પાદન માને છે એને મૂર્ખ ગણવો જોઇએ. (શા૦ ૧-૪૪). **पुरुषोऽयंलोकसम्मित** (શા૦ ૫-૨) પુરુષ (માનવદેહ) જગતતુલ્ય છે, આમ માનવ-શરીર એઆ મહાન સૃષ્ટિનું નાનું પ્રતીક છે."

આધુનિક વિજ્ઞાનનું કહેવું છે કે પૃથ્વી પરનું જીવન એ સાદી ભૌતિક ક્રિયા છે. પૃથ્વીના વાતાવરણનાં તત્ત્વોમાંથી પહેલો સેન્દ્રિય પદાર્થ ઉદ્ભવ્યો, જેમાંથી પ્રારંભિક જીવન પ્રગટ્યું; અને એનો વિકાસ થતાં થતાં છેવટે માનવ-દેહ થયો છે.

પૃથ્વી પર જીવનનો ઉદ્ભવ જાણવા આપણે કરોડો વર્ષના ભૂતકાળમાં ડોકિયું કરવું પડશે. અબજો માઇલોના વિસ્તારવાળી ધૂમરી ખાતી એક નિહારિકા ઉત્પાતથી તેના નાના-મોટા ટુકડાઓ છૂટા પડયા, જે સૂર્યો અને તારાઓ બન્યા. એવા એક સૂર્યમાંથી નાના નાના ટુકડાઓ છૂટા પડી એની આસપાસ લંબગોળ કક્ષામાં ઘૂમવા લાગ્યા, એ ટુકડાઓ સૂર્યના ગ્રહો બન્યા. આમાંનો એક ટુકડો તે આપણી પૃથ્વી બની. શરૂઆતમાં તો તે તપ્ત વાયુઓનો ધખધખતો ગોળો હતી. કાલાનુક્રમે તે ઠરવા માંડી. એનામાં આવેલી ચુંબકશક્તિના પ્રતાપે એની આસપાસ વાતાવરણ જામ્યું. એની સપાટી ઉપર પરિવર્તન થવા માંડયાં. ધરતીના પેટાળનાં જબરદસ્ત બળોએ તેના પર પોલાણો ઊભાં કર્યાં. વાતાવરણમાંથી જળધોધ વરસવા માંડયા અને પરિણામે પોલાણોમાં મહાસાગરનાં નીર ઊભરાવા માંડયાં. આ પછી વાતાવરણ જીવનને અનુકૂળ થવા માંડતાં એમાંથી પ્રાણવાયુ (ઑક્સિજન), નાઇટ્રોજન, હાઇડ્રોજન, કાર્બન, ગંધક અને ફૉસ્ફરસમાંથી સૌપ્રથમ જીવનચેતન રસ (protoplasm) ઉદ્ભવ્યો. આમાંથી જળ વિષે લીલ જેવી વનસ્પતિ પેદા થઈ. ભૂવિદ્યાના વિજ્ઞાનીઓ આ સમય આજથી પચાસ કરોડ વર્ષો પૂર્વેનો કહે છે. પછી તો સમુદ્રના નાના જીવો, માછલીઓ, પેટે ચાલતાં (સરિસૃપ) પ્રાણીઓ ને પક્ષીઓ અનુક્રમે પેદા થયાં. આ સમય વીસ કરોડ વર્ષો પૂર્વેનો છે. આ પછી છ કરોડ વર્ષો અગાઉ આંચળવાળાં પ્રાણીઓનો વંશ અસ્તિત્વમાં આવ્યો. આમાંના વા–નર વંશમાંથી આદિમાનવ અને માનવ પેદા થયો છે. આની કાળગણના દસ લાખ વર્ષોથી માંડી ત્રણ લાખ વર્ષો પૂર્વેની ગણવામાં આવે છે. આ જ હકીકતને આબેહૂબ મળતી આવતી આપણાં પુરાણોની કલ્પના છે કે ભગવાનના દસ અવતારોમાં પહેલો મત્સ્યાવતાર, બીજો કાચબાનો અવતાર, પછી ભૂંડ જેવા પ્રાણીનો વરાહ અવતાર, એમ કરતાં અર્ધ માનવ અને અર્ધ પશુ જેવો નૃસિંહાવતાર ને પછી માનવ જેવો રામાવતાર થયો છે. આમ, અગ્નિના ગોળામાંથી પ્રાપ્ત જીવરસ(protoplasm)માંથી સકળ પ્રાણીસૃષ્ટિનો ઉદ્ભવ થયો છે. દરેકમાં એ જીવરસ તો સરખો જ આવેલો છે. આપણા ઋષિમુનિઓનું સૂત્ર **एकम् खलु ब्रह्म** પણ આ જ અર્થવાળું છે ને? પશ્ચિમના ઉત્ક્રાન્તિવાદની માન્યતા છે કે એક જ તદ્દન સાદા આદિ રૂપમાંથી પૃથ્વીપટના દરેક વંશનાં પ્રાણીઓની જાતિઓ (ને વનસ્પતિ સુદ્ધાં) ધીમા પણ સતત ફેરફારો ધારણ કરતાં કરતાં વિકાસ પામતી આવી છે.

હવે માનવ-જીવન વિષે બાઈબલની ગાથા જુઓ: છ દિવસ પર્યંત પરમેશ્વરે માનવી માટે જગત રચ્યું. પહેલા દિવસે પ્રકાશ પેદા કર્યો. બીજા દિવસે જલાશયો, ત્રીજા દિવસે સુગંધિત પુષ્પોવાળા છોડ ને વૃક્ષો, પાંચમા દિવસે સૂર્ય ચંદ્ર ને તારા અને છઠ્ઠા દિવસે માછલીઓ, મધુરકંઠવાળાં પંખીઓ અને પ્રાણીઓની રચના બાદ માનવી ઉત્પન્ન કર્યો.

શ્રીમદ્ ભાગવતમાં 'અમોઘ સંકલ્પવાળા પરમાત્માએ પોતામાંથી જગતને ઉત્પન્ન કર્યાં'નો ઉલ્લેખ છે. (**सृजत्यमोघसंकल्प आत्मैवात्मानमात्मना**) એમાં પણ બ્રહ્મદેવે રચેલી દસ પ્રકારની સૃષ્ટિઓમાં સાતમી વનસ્પતિની, આઠમી પશુપક્ષીઓની અને નવમી મનુષ્યોની કહી છે.

આમ, માનવજીવનની ઉત્પત્તિ ને વિકાસની કથા ફાવે તે હો, પણ ટટ્ટાર ચાલ, છુટ્ટા હાથ અને વિકસેલા મગજને લીધે આપણે સકલ પ્રાણીસૃષ્ટિમાં અગ્રસ્થાને છીએ. આપણને વિચાર કરવાની શક્તિ હોઈ વિશ્વના પદાર્થો જોઇને તે પરત્વે 'કેમ?' 'શું?' વગેરે પ્રશ્નો થયા કરવાના જ, તર્કશક્તિ વતી આપણે અનુમાન બાંધવાના જ, અને બુદ્ધિશક્તિના પ્રતાપે સત્ય શોધ્યા વિના નહિ જ રહેવાના.


આમ અનેક બાબતો વિષે વિચારતા માનવીએ પોતાના શરીર વિષે ન વિચાર્યું હોય એમ તો બને જ નહિ. શિકારમાં હણાએલા પશુઓની શરીરરચના જોઈ એણે પોતાના શરીરની રચનાના ખયાલ બાંધ્યા હશે. વળી માંદગી અને પીડા વખતે ઉપચારનાં સાધનો સ્વીકારતી વખતે એણે શરીરના વ્યાપાર-ધર્મોનો ખયાલ તો કર્યો જ હશે. રોગો તો માનવના પોતાના જેટલા જ જૂના છે, એટલે માનવીને પોતાના શરીરનું જ્ઞાન પણ એટલું જ જૂનું હોવું જોઇએ. હા, એમાં ખોટાપણું વિશેષ હોવાનો સંભવ ખરો, પણ જેમજેમ માનવીની બુદ્ધિશક્તિનો વિકાસ સધાતો ગયો તેમતેમ એમાં ઘણું સત્ય ઉમેરાતું ગયું છે. લાંબા ગાળાની એ સતત શોધખોળો અને ઝીવણટભર્યાં અભ્યાસના પરિણામે અત્યારના ઍનૅટમી (શરીરરચના-શાસ્ત્ર) અને જીઑલૉજી (શરીરવ્યાપાર-વિદ્યા)ના વિજ્ઞાને આજે શરીરના સૂક્ષ્માતિસૂક્ષ્મ કોષોની રચના તથા કામગીરી જાણી લઈ માનવ-શરીરનું અટપટું અને ઝીણામાં ઝીણું રહસ્ય પણ ખુલ્લું કર્યું છે.

શસ્ત્રક્રિયા અને ઔષધિગુણશાસ્ત્ર(Materia Medica)માં પરાપૂર્વથી હિંદ મોખરે હોવાની ઇતિહાસ સાક્ષી પૂરે છે. આઠમા સૈકાની આસપાસ આ જ્ઞાન અરબો દ્વારા કૉન્સ્ટૅન્ટિનોપલ, ગ્રીસ અને

૨૦૦,૦૦,૦૦,૦૦૦ વર્ષ પહેલાં

ઉત્ક્રાન્તિનાં સોપાન





અબજો માઈલોના વિસ્તારવાળી ઘૂમરી ખાતી કોઈ નિહારિકાના આંતરિક ઉત્પાતથી બનેલા નાનામોટા અનેક સૂર્યોમાંના એક સૂર્યથી લગભગ બે અબજ વર્ષ પહેલાં આપણી પૃથ્વી છૂટી પડી ત્યારે તો એ કેવળ તપ્ત વાયુઓનો ધખધખતો ગોળો માત્ર હતી.



કાલાનુક્રમે તે ઠરતી જઈ એનું બંધારણ ઘટ્ટ થવા લાગ્યું. એમાં આવેલી ચુંબકશક્તિના પ્રતાપે

૧૫૦,૦૦,૦૦,૦૦૦ વર્ષો પૂર્વે



એની આસપાસ વાતાવ અને સમગ્ર પૃથ્વી વાદળાંઓથી ઢંકાઇ સૂર્યનો પ્રકાશ પડતો પણ બંધ થયો. વાદળાંના આ અતિ ઘટ્ટ આવરણમાંથી સતત વરસાદ પડતો રહેતો હતો, પણ હજી પૂરેપૂરી નહિ ઠરેલી પૃથ્વી પર પથરાએલા જાગૃત જ્વાળામુખીઓ અને ઘટ્ટ પ્રવાહી રૂપ તપ્ત લાવારસ પર એ પડતાં જ તેની વરાળ થઈ જતી. આખરે ધીરેધીરે આ લાવા પણ ઠર્યો અને પૃથ્વીની સપાટી પર અનેક પરિવર્તનો થવા માંડ્યાં.

૧૦૦,૦૦,૦૦,૦૦૦ વર્ષો પૂર્વે

૧૦૦,૦૦,૦૦,૦૦૦ વર્ષો પૂર્વે



ધરતીના પેટાળનાં જબરદસ્ત બળોએ તેના પર ઊભાં કરેલાં પોલાણો પર વાતાવરણમાંથી સતત ધોધમાર વરસાદ વરસવા લાગ્યો ને એ પોલાણોમાં મહાસાગરો ઊભરાવા માંડ્યા. વાદળો દૂર થઈ પૃથ્વી પર સૂર્યપ્રકાશ પડવો શરૂ થયો હોઈ વાતાવરણ જીવનને અનુકૂળ થવા માંડતાં પ્રાણવાયુ તથા અન્ય વાયુઓમાંથી સૌ પ્રથમ



૫૦,૦૦,૦૦,૦૦૦ વર્ષો પૂર્વે

જીવનચેતન રસ ઉદ્‌ભવ્યો. આમાંથી જળમાં પ્રથમ લીલ જેવી વનસ્પતિથી શરૂ થઈ અનેક પ્રકારની વનસ્પતિ ઊગી.



તે પછી પાણીમાં એમીબાથી શરૂ થઈ હાડકાં વિનાના અનેક જીવો ઉત્પન્ન થયા.



જે વિકસીને કાલાનુક્રમે માછલીઓ, → તે પછી જળસ્થળચારી પ્રાણીઓ →



ઉત્પન્ન થયાં. એમનો પણ સ્થળ ને સંજોગોને અનુકૂળ વિકાસ થતો જઈ તેમાંથી વિશાળકાય સરિસૃપ →



પ્રાણીઓ ઉદ્‌ભવ્યાં. જીવનની રહેણીકરણીને અનુકૂળ શારીરિક વિકાસ થતો જઈ એ કાળે પીછાં વિનાનાં પંખીઓએ પણ પ્રથમ દેખા દીધી. →




આના પછી પ્રથમ સસ્તન પ્રાણીઓનો → વંશ અસ્તિત્વમાં આવ્યો. ઉત્તરોત્તર એનો વિકાસ થતો રહી વાનર અને એમાંથી આદિમાનવ ઉત્પન્ન થઈ એમાંથી આખરે માનવ થયો.





૫,૦૦,૦૦૦ વર્ષો પૂર્વે





↑ ગ્રીક વૈદકશાસ્ત્રનો પિતા મનાતો હિપોક્રેટિસ (અવસાન ઈ. પૂર્વે ૩૭૭) અને ↑ વૈદકના પ્રથમ ગ્રંથો લખનાર ગૅલન (ઈ. ૧૨૯થી ૨૦૧)

પશ્ચિમના દેશોમાં ફેલાયું હોવાની માન્યતા છે. સિકંદર હિંદ પર ચડી આવ્યો ત્યારે (ઈ. સ. પૂર્વે ૩૨૭માં) અહીંના વૈદોનાં જ્ઞાન તથા નિપુણતાની શ્રેષ્ઠતાને લીધે તેણે પોતાના સૈનિકોની સારવાર માટે હિંદુ વૈદોને રોક્યા હતા. શસ્ત્રક્રિયામાં પણ ભારતે પ્રાચીનકાળમાં પ્રાપ્ત કરેલી નિપુણતા અને કૌશલ્ય દુનિયાભરમાં અપ્રતિમ અને અગ્રણી હતાં. એ કાળમાં આપણા મહાન સર્જ્યન સુશ્રુત અને પ્રખર ભિષગ્વર મહર્ષિ ચરક થઈ ગયા. મહર્ષિ સુશ્રુતે શસ્ત્રક્રિયા હાથ ધરતાં અગાઉ શરીરના વિધવિધ ભાગોનું નિરીક્ષણ કરવાની અગત્ય ઉપર ભાર મૂકી શબછેદન(dissection)ના નિયમો કહ્યા છે: 'શબને સાત દિવસ નદીના પ્રવાહમાં રાખી, તે સારી પેઠે ફૂલી જાય તે પછી તેને સંપૂર્ણ રીતે તોડીફોડી बाह्याभ्यन्तराङ्गप्रत्यङ्गविशेशान्यथोक्तान् लक्ष्ये चक्षुषा= બહારનાં તથા અંદરનાં સઘળાં અંગો તથા પ્રત્યંગોના વિભાગોને અને વિશેષોને નેત્રો વડે જોવાં' (સુશ્રુત. શા૦ અ૦ ૫-૪૯). આમ, ઘણા જૂના કાળથી શરીરરચનાનું જ્ઞાન આપણને વારસામાં મળેલું છે. પણ પછી વૈજ્ઞાનિક દૃષ્ટિથી એનો વિકાસ ન સધાયો એ ખેદની બીના છે.

જૂના કાળમાં પશ્ચિમના દેશોમાં વૈદકના ત્રણ પ્રવાહો હતા: યહૂદી, ગ્રીક અને રોમન. આમાં ગ્રીક લોકો વહેમ અને જાદુની શૃંખલાઓ તોડી વિજ્ઞાનદૃષ્ટિથી રોગોનું રહસ્ય ઉકેલતા હતા. ઇસ્ક્યુલેપિયસ હિપોક્રેટીસ, હૅરોફિલિસ અને ગૅલન એ ગ્રીક વૈદકશાસ્ત્રના પિતા લેખાય છે. ઈસુની પહેલાં ત્રણથી ચાર સદી પર થએલા હિપોક્રેટીસના રોગોનાં નિદાન ને વર્ણન વૈજ્ઞાનિક નિરીક્ષણ તથા ચોકસાઇભરેલાં છે. ઍરિસ્ટોટલ (ઈ. સ. પૂર્વે ૩૮૪-૩૨૨) પ્રથમ જીવશાસ્ત્રી ગણાય છે. એનાં બધાં વર્ણનો પ્રાણીશરીરની રચના જોઇને લખાએલાં છે. માનવશરીરશાસ્ત્રી તો હિરોફિલિસ થઈ ગયો. એણે મગજ અને જ્ઞાનરજ્જુ વિષે લખ્યું છે, ધમની તથા શિરાઓના ભેદ વર્ણવ્યા છે. હૃદયને માંસપેશીનો પમ્પ ગણી નાડીનું વર્ણન કર્યું છે. એ હિરોફિલિસની પેઠે ઇરેસિસ્ટ્રાસ ફીઝિયૉલૉજીનો પિતા ગણાય છે. એણે હૃદયના પડદા ને એમની કામગીરી વર્ણવી છે. આ પછી ઍનૅટમી ઉપર સોળ પુસ્તકો લખનાર ગૅલન થઈ ગયો. ઈસુની બીજી સદીમાં તે એશિયામાઇનોરમાં જન્મ્યો હતો. એનું શરીરજ્ઞાન ઘેટાં ને ભૂંડનાં શરીરમાંથી અને ઘવાએલા ગ્લૅડીએટરો(gladiators)ની સારવારમાંથી પ્રાપ્ત થએલું હતું. એનું લખાણ સોળ સદી પર્યંત એકાકી ને પ્રમાણભૂત ગણાયું.

યુરોપમાં ૧૬મી સદી નવયુગ(renaissance)નો કાળ હતો. સાગરખેડુઓના સાહસથી સધાએલો પૂર્વ ને પશ્ચિમનો વ્યાપાર, છાપકળાની શોધ અને બીજી દૂરગામી અસરોને લીધે કળા, શિક્ષણ ને વિજ્ઞાનનું ત્યાં પુનરુત્થાન થયું. ઇ. ૧૫૪૩માં કૉપરનિકસે (એ પોતે દાક્તર હતો) આકાશનો ઊંડો અભ્યાસ કરીને આ દુનિયા અનંત વિશ્વનો એક ભાગ હોવાનું સાબિત કર્યું. તે જ વરસે વેસાલિયસે 'ફૅબ્રિકા'નો ગ્રંથ પ્રગટ કરી વૈદકીય જ્ઞાનના નવયુગનાં પગરણ માંડ્યાં.

એ ઍન્ડ્રિયાસ વેસાલિયસ Vesalius—(ઈ. સ. ૧૫૧૪-૧૫૬૪) આધુનિક શરીરરચના-શાસ્ત્ર(ઍનૅટમી)નો પિતા ગણાય છે. એણે વિવિધ ઘાટનાં હથિયારો વડે જાતે મડદાં ચીરીચીરીને માનવશરીરની રચનાનું સંપૂર્ણ ને ચીવટભર્યું વર્ણન કર્યું છે. (ચિત્ર સામેના પાને) એ કાળે આધારભૂત ગણાતાં ગૅલનનાં પુસ્તકો એણે વેગળાં મૂક્યાં અને માનવશરીરને જ પાઠ્ય પુસ્તક બનાવી તેનો અભ્યાસ કર્યો. પ્રત્યક્ષ જ્ઞાન મેળવી એણે ગૅલનની ઘણી ભૂલો ઉઘાડી પાડી. ત્રેવીસ વર્ષની ઉંમર પહેલાં તો તે પાડુઆ યુનિવર્સિટીમાં ઍનૅટમીનો પ્રાધ્યાપક નિમાયો. ત્યાં વિદ્યાર્થીઓ સમક્ષ માનવ-મડદાં ચીરી તે પ્રત્યક્ષ જ્ઞાન આપતો હતો.

એ જમાનામાં શબ-છેદન માટે દેવળ તરફથી તો નહિ પણ માનવતાવાદીઓ અને યુનિવર્સિટી તરફથી તીવ્ર વિરોધ ઊઠતો હતો.

આ દશામાં શરીરનું પ્રત્યક્ષ જ્ઞાન મેળવવા એણે આદરેલી તપસ્યા કપરી અને કઠોર હતી. પારીસ અને લુવેનમાં માંચડે લટકતાં ગુનેગારોના મુડદાં ચોરી લાવવા તે રાત્રિના અંધકારમાં ભટકતો. એક વાર તો કોઈ નામીચા લુટારુનું હાડપિંજર તે ઉપાડી લાવ્યો હતો. આમ ચોરી આણેલાં મુડદાં ચોરીચોરીને મેળવેલું જ્ઞાન તેણે સાત પુસ્તકોમાં લખ્યું. કોઇ કલાકારે એ અંગેનાં ૨૮૦ ચિત્રો પણ બનાવ્યાં. એ કાળમાં સ્વીકૃત માન્યતાઓની વિરુદ્ધ જનારની દશા કફોડી થતી હતી. વેસાલિયસ ઉપર પણ કેસ થયો અને તેને દેહાંતદંડની સજા થઇ! અંતે એને હળવી બનાવી એણે યાત્રાએ જવું એવું ઠરાવ્યું. યાત્રાએથી પાછા ફરતાં ભૂમધ્ય સમુદ્રમાં એનું વહાણ ફસડાઈ પડવાથી એનું મોત નિપજ્યું.

વેસાલિયસ રુધિરાભિસરણ વિષે ચોક્કસ સમજી નહિ શકેલો. એનું ખરું જ્ઞાન કરાવનાર તો વિલિયમ હાર્વે (ઈ. ૧૫૭૮–૧૬૫૭) થઈ ગયો. (જુઓ નીચે છબિ) અભ્યાસ બાદ શોધખોળ, નિરીક્ષણ ને પ્રયોગોમાં ઘણાં વર્ષ ગાળી, ૮૦ જાતનાં પ્રાણીઓ ચીરી ઈ. ૧૬૨૮માં તેણે સાબિત કર્યું કે હૃદયરૂપી માંસપેશીનો પોલો લોચો લોહીની નળીઓમાં લોહી ધકેલવાનું કામ કરે છે. વેસાલિયસે માનવશરીર-રચનાનું જ્ઞાન મેળવ્યું તો હાર્વેએ એની કામગીરી શોધી. તે પછીના બે સૈકા તો વિજ્ઞાનીઓએ માત્ર વેસાલિયસે વાવેલું જ્ઞાન લણવા જેવું જ કામ કર્યું છે; અને વીસમી સદીમાં તો ઍનૅટમીના ઉજ્જડ ખેતરમાં છૂટાછવાયા વેરાએલા પડેલા દાણા ઉપાડવા જેટલું જ કાર્ય બાકી રહ્યું હતું.

આ બધી તો શરીરરચનાના સ્થૂલ જ્ઞાનની વાત થઈ. પણ આથી આગળ વધીને સૂક્ષ્મ વ્યવચ્છેદ-જ્ઞાન (histology) તથા શરીર-વ્યાપાર-ધર્મના વિજ્ઞાનના તો મોટા વિસ્તાર પડેલા છેઃ અને તેમાં પણ એ છેલ્લા વિષયમાં તો ઘણું જાણવાનું બાકી રહ્યું છે. છતાં યે શરીરરચનાની અદ્‌ભુત ખૂબીઓ અને શરીરવ્યાપારની અજાયબ કરામતો વિષે આજે તો આપણને ઘણું જ્ઞાન મળી ગએલું ગણાય.

એ પ્રાપ્ત જ્ઞાનના પ્રકાશમાં જાણવા મળ્યું છે કે જીવનનાં મૂળભૂત લક્ષણો અને ગુણધર્મો શરીરની રાસાયનિક ક્રિયાઓ ઉપર અવલંબે છે. શરીર એ રાસાયનિક ક્રિયાઓની પરંપરા છે, અને તેના જ પરિણામ રૂપે છે. ખોરાકનું પાચન, હલનચલનમાં થતો માંસપેશીઓનો સંકોચ–વિસ્તાર, શ્વાસોચ્છ્વાસની ક્રિયા, દેહની ઉષ્મા, આંતરસ્રાવી ગ્રંથિઓના સ્રાવો અને આથવણો,—ટૂંકામાં દેહના જન્મ, પોષણ, વૃદ્ધિ અને પુનર્રચનાની બધી ક્રિયાઓ રાસાયનિક ઘટનાઓ ઉપર જ અવલંબે છે. જેરોમ ઍલેક્ઝાન્ડર (Jerome Alexander) લખે છે કે 'જીવનનું વિશિષ્ટ લક્ષણ તો જીવન-ઉદ્દીપન (Bio-Catalysis) છે. એમાં એવી શક્તિઓ છે કે જેના પ્રતાપે પોતાનામાં કોઇ પણ અસરો ઉપજાવ્યા વિના રાસાયનિક ફેરફારો યોજાય છે.'

આપણા દેહનું બંધારણ ત્રણ મુખ્ય કારણોને લક્ષમાં રાખી થયું છેઃ (૧) આપણે જીવંત દ્રવ્યોના બનેલા છીએ, (૨) એટલે જો જીવતા રહેવું હોય તો તાજાં દ્રવ્યો અને શક્તિનો પ્રવાહ ચાલુ રહેવો જોઇએ, અને (૩) જો નષ્ટ ન થવું હોય તો ભય સામે સતત રક્ષણ થવું જોઇએ.

આપણા દેહનો પાંચ ટકા ભાગ તો રાસાયનિક ક્રિયાશક્તિ સહિત નળીઓનો બનેલો છે, જેમાં ખોરાક રૂપી કાચો માલ જઈ એનું તો રૂપાંતર પામે છે કે જે દેહના કોષોમાં શોષાય. ખોરાકનાં દ્રવ્યોનું દહન કરીને તેનું શક્તિમાં રૂપાંતર કરતી શ્વાસનળીઓ અને ફેફસાં બે ટકા ભાગ રોકે છે. ખોરાકના પરિપાકને દેહના અણુઅણુએ ખેંચી જનાર લોહી તથા લસી ને લોહીની નળીઓ મળી દસ ટકા ભાગમાં છે.

શરીરનાં વ્યય-દ્રવ્યોને બહાર ફેંકી દેવાનું કામ ઉપાડનાર બે કિડની, મૂત્રાશય વગેરેનું પ્રમાણ પાંચ ટકા કરતાં યે ઓછું છે. આપણને હાલતાચાલતા રાખનારી માંસપેશીઓ ચાળીસ ટકા અને હાડકાં તથા અસ્થિબંધનો આશરે વીસ ટકા જેટલાં છે. બહારની દુનિયાનું જ્ઞાન પામવા કાજે જ્ઞાનેન્દ્રિયો, મગજ, જ્ઞાનરજ્જુ, જ્ઞાનતંતુઓ અને આંતરસ્રાવી ગ્રંથિઓ દેહના ત્રણ ટકા ભાગ રોકે છે. દેહના રક્ષણ કાજે બખ્તર જેવી આવેલી ચામડીનું પ્રમાણ સાતેક ટકા જેટલું છે, અને પોષણના અનામત જથ્થા જેવી ચરબી આઠેક ટકા જેટલી છે.


શોધાએલાં ૯૭ રાસાયનિક મૂળતત્ત્વોમાંથી સત્તર જેટલાં નાનામોટા પ્રમાણમાં મળીને શરીરનું રાસાયનિક બંધારણ ઘડે છે. શરીરના બંધારણમાં મોટો ભાગ અ-ધાતુ મૂળતત્ત્વોનો છે, જેમાં મુખ્યત્વે પ્રાણવાયુ, કાર્બન, હાઇડ્રોજન અને નાઇટ્રોજન છે. ધાતુમૂળતત્ત્વોમાં કૅલ્શ્યમ, સોડિયમ અને પોટાશ્યમ પુષ્કળ છે. થોડાં જ મૂળતત્ત્વો શરીરમાં છુટ્ટાં રહે છે, બાકીનાં બધાં એકબીજા સાથે જોડાઈ તેમનો સમાસ બનેલો છે. ઑક્સિજન, નાઇટ્રોજન અને હાઇડ્રોજન શરીરમાં છુટ્ટા રહે છે; પહેલા બે લોહીમાં અને ત્રણે આંતરડાંમાં.

શરીરના બંધારણમાં આવેલાં જુદાંજુદાં દ્રવ્યોના બે વિભાગ છેઃ (૧) સેન્દ્રિય અને (૨) ખનિજ.

(૧) સેન્દ્રિય દ્રવ્યોમાં નાઇટ્રોજનયુક્ત દ્રવ્યો શરીરની નક્કર પેશીઓની બનાવટમાં મુખ્ય ભાગ લે છે. તે લોહી અને લસીમાં દેખાય છે. આમાંના પ્રોટીડો દરેક જીવંત પેશીની બનાવટ માટે આવશ્યક છે.

હાડકાં, દાંત, સ્નાયુબંધન, અસ્થિબંધન વગેરેમાં કોલાજેનના રૂપમાં જિલેટીન આવેલું છે. તરુણાસ્થિમાં વાળ ને નખ કોન્ડ્રીનના રૂપમાં

→ વેસાલિયસે જાતે મડદાં ચોરીચોરીને સૌપ્રથમ માનવશરીરની રચનાનું સંપૂર્ણ વર્ણન લખ્યું.



ઍન્ડ્રિયાસ વેસાલિયસ (૧૫૧૪-૬૯)



નિકોલૉસ કૉપરનિકસ (૧૪૭૩-૧૫૪૩)



વિલિયમ હાર્વે (૧૫૭૮-૧૬૫૭)

← વેસાલિયસ પણ જે પૂરેપૂરું સમજી નહિ શકેલો તે રુધિરાભિસરણ તો વિલિયમ હાર્વેએ શોધ્યું.

અને સૂકી ચામડી કૅરેટીનના રૂપમા છે.

અ-નાઇટ્રોજન પદાર્થોમાં તેલ, ચરબી ને કાર્બોહાઇડ્રેટો આવે છે.

(૨) ખનિજદ્રવ્યો ખોરાક અને પાણી દ્વારા પ્રાપ્ત થાય છે.

વાયુઓ : ઉપર જણાવેલા ત્રણ વાયુઓ ઉપરાંત કાર્બ્યુરેટેડ અને સલ્ફ્યુરેટેડ હાઇડ્રોજન તથા કારબોનિક ઍસિડ છે. પહેલા બે આંતરડાંમાં છે. ત્રીજો લોહીમાં હોઈ ફેફસાં દ્વારા શરીર બહાર નીકળી જાય છે.

શરીરનો ⅔ કરતાં વધારે ભાગ પાણીનો બનેલો છે.

સોડિયમ અને પોટાશિયમના ક્લોરાઇડો તો શરીરના દરેક ભાગમાં છે. હાડકાં અને દાંતમાં કૅલ્શ્યમ ફ્લુરૅાઇડ થોડા પ્રમાણમાં છે. દરેક પેશી અને પ્રવાહીમાં કૅલ્શ્યમ, પોટાશ્યમ, સોડિયમ અને મૅગ્નેશ્યમના ફૅાસ્ફેઇટો છે. હાડકાં અને દાંતમાં કૅલ્શ્યમ ફૅાસ્ફેઈટ હોઈ એમનું બંધારણ સખત અને કઠણ છે. લોહીનું આલ્કલીપણું જાળવનાર પોટાશ્યમ અને સોડિયમના ફૅાસ્ફેઈટો તથા કાર્બોનેટો છે.

દાંત અને હાડકાંમાં થોડા પ્રમાણમાં કૅલ્શ્યમ કાર્બોનેટ છે. પોટાશ્યમ, સોડિયમ તથા કૅલ્શ્યમ સલ્ફેટો શરીરમાં થોડા પ્રમાણમાં છે. લોહી અને પેશાબમાં ઘણા થોડા પ્રમાણમાં સિલિકોન છે. હાડકાં અને વાળમાં પણ તે ભળી આવે છે. લોહીના હેમોગ્લોબીનમાં લોહ છે. ઍલ્યુમીનિયમ, મૅન્ગેનીઝ, ત્રાંબું અને જસત એ ધાતુઓ, શરીરમાં ખોરાક સાથે જાય છે. તે શરીર બહાર નીકળી ન જતાં કોઈ અવયવમાં સંઘરાઈ રહે છે. શરીર વિષે એમની કોઈ ઉપયોગિતા જણાઈ નથી.

આમ તો આપણા દેહની કામગીરી વિષે આપણે મુદ્દલે વિચાર કરીએ એવા નથી. પણ કોઇ વાર ગભરાટ કે ભયથી, અથવા તો દોડયા બાદ હૃદય જ્યારે લખલખી જાય છે ત્યારે, અગર તો નિશ્ચિત ઊંઘતા બાળકની શ્વાસોચ્છ્વાસની ક્રિયા નિહાળીએ છીએ ત્યારે આપણને હૃદય કે ફેફસાંના કાર્ય વિષે વિચાર આવ્યા વિના નથી રહેતા. હા, અભ્યાસ દરમ્યાન અળશિયાં, દેડકાં કે સસલાંની શરીરરચના આપણે ભણી ગયા હોઇશું, પણ એથી કાંઇ આપણા દેહના વ્યાપારોનો ખરો ખયાલ ઓછો આવવાનો છે? આ વિજ્ઞાનયુગમાં રેડિયો, એરોપ્લેન અને બીજાં યંત્રોની રચના તથા કામગીરી વિષે જાણવાનું આપણે છોડતા નથી, તો પછી મખમલ જેવી સુંવાળી ચામડી નીચે ચાલતા રેડિયો, ટેલિવિઝન, ટેલિફોન, ટેલીફોટો-કૅમેરા ને રડાર જેવા શરીર-વ્યાપારો જાણવાને આપણે ઇંતેજાર કેમ ન બનીએ? આંગળી જેવી જાડી લોહીની નળીઓથી માંડી વાળથી પણ બારીક કેશવાહિનીઓમાં ચોવીસે કલાક લોહીને ફરતું રાખવા માટે ધબકતું આપણું હૃદય, પ્રાણાધાર હવા સ્વીકારી એ લોહીની અશુદ્ધિઓ બહાર ફેંકી દેવા અવિરત અને અવિશ્રાંત કામ કરતાં ફેફસાં, ખોરાકને પચાવતાં જઠર ને આંતરડાંની રાસાયનિક ક્રિયાઓ, ગર્ભાશયમાં થતો બાળકનો વિકાસ, લોહીની અશુદ્ધિઓ દૂર કરનારી ગુરદાની કામગીરી, અંગરક્ષકની જેમ સદા પરાયાં દ્રવ્યોને હણવા તત્પર ને ફરતા રહેતા લોહીના ધોળા કણો, પિત્ત બનાવવાનું ખાંડ સંઘરવાનું અને ગળણીનું કામ કરતું કલેજું, સૃષ્ટિનું વિધવિધરંગી સૌંદર્ય નિહાળવાને સમર્થ પ્રાણીસૃષ્ટિમાં એકલી આપણી આંખો વગેરે વગેરે આપણા શરીરના વ્યાપારો અને અંગોની અજાયબ રચના જાણ્યા વિના કેમ ચાલે? અને શરીરમાં આ બધા અવયવોનો કાંઈ ખડકલો જ નથી. એ દરેકેદરેક અવયવ પાછો એકબીજાના સંબંધમાં રહી, વ્યક્તિના જીવન પર્યંત અવિરત કાર્યરત રહી, સમતાલ રીતે કામ ઉપાડીને જીવનને ટકાવે છે. આ બધી વિગતો વિસ્તારથી જાણવા તો મોટા ગ્રંથો વાંચવા જોઇએ. આ માળામાં તો આપણે શરીર-રચના સાથે એના વ્યાપારોની મૂળભૂત વિગતો (fundamentals) જ વિચારી છે.

(હવે પછી 'શરીર-રચના')

પત્રમિત્ર વિભાગ

19 Westfield Cres Stockton-on-Tees, (Eng.)

પ્રિય નરેન્દ્ર,

તમે ત્યાંના માસિક(કુમાર)માં મારું સરનામું પ્રસિદ્ધ કરાવ્યાથી મારા પર ભારતમાંથી જે પુષ્કળ પત્રો આવ્યા તેથી મને ખૂબ આનંદ થયો છે. પણ દરેકને પ્રત્યુત્તર આપવો અશક્ય હોઈ, તેમજ કોઇને માઠું ન લાગે એ આશયથી મારા પુરાણા દોસ્ત તરીકે એ વિષે તમારી મદદની આશા રાખુ છું. તમે એ જ માસિકમાં આ પ્રમાણે ન જણાવો, કે જેઓએ મને પત્રો લખ્યા છે તેમનો હું આભાર માનું છું, પણ હું દિલગીર છું કે પ્રત્યેકને પ્રત્યુત્તર આપવા હું અશક્ત છું. હું માનું છું કે આથી તમને ખાસ તકલીફ નહિ પડે. કાગળનો જવાબ ન આપવા તરફ મને ઘૃણા છે. મને લાગે છે કે નહિતર ભારતીય મિત્રો મને ઉદ્ધત માને, અને તેમને એવું માનવાનો અવકાશ રહે કે અંગ્રેજ પ્રજા પણ ઉદ્ધત હશે. આશા છે કે આ બાબતમાં તમે મદદ કરશો.

–તમારી હમેશની મદદગાર મિત્ર શીલા (Sheila)

[મોકલનાર: નરેન્દ્ર પટેલ (એસ. એમ. પટેલની કં.) કરમસદ.]

હિંદી પત્રમિત્રો

(58) Nalinkant V. Mashruwala, C/o V.M. Mashruwala, Behind Jain Temple, Ramnagar, Sabarmati, Ahmedabad-5—16, Stamps; (59) Priyavadan Ratilal Shah, 20 Khadayata Boarding House, Ahmedabad-6—21, Recent Gujarati, Short Stories, Radio One Act Plays, Poetry; (60) Rashmikant Nataverlal Shah, Add. as above—18, Reading, Literature, Poetry; (61) Dhansukhlal Bapalal Ghadawala, Add. as above—21, Philosophy (Sri Aurobindo), English Poetry; (62) Gani Noormohmed, Haidari Cutlery Stores, Gandhi Road, Veraval (Saur.)—18, Stamps, Films; (63) Arvindrai Shah, Mathura Panna Bldg., Behind Imperial Bank, Chandni Chowk, Delhi-6—18, Stamps, Swimming, Match-lables, International Correspondence; (64) Vipin Dhirajlal Shah, University Hostel, Room No. 45, Matunga Road, Bombay-19—19, Photography, Stamps; (65) Aziz Mohsinbhai Suratwala, Topiwala Mansion, 4th. floor, Room No. 41, Mohamedally Road, Bombay-3—21, Stamps, Photo-collecting, Reading, Pleasure Trips; (66) I. H. Mover, Maliya, Via Morvi (Saur.)—17, Literature, Stamps; (67) Ramji Keshavlal Patel, Patel Bldg., Ramnagar, Sabarmati, Ahmedabad-5—19, Diwali Greeting Cards, Drawing; (68) Narendrakumar P. Mehta. Bahauddin College Hostels, Block No. 4, Room No. 48, Junagadh (Saur.)—19, Journey, Films, Reading, Motor-Driving, Cycling, Swimming, Riding.

ઉમર, વાલી કે શાળાશિક્ષકની સહી, અભ્યાસ, શોખ: આમાંથી અમુકઅમુક વિગતો ઘણા પત્રમિત્રોની માહિતીમાં ખૂટતી હોય છે. આવાં અધૂરાં સરનામાંની નોંધ અહીં હરગીજ લેવામાં નહિ આવે.

વિભાગ માટેની કોઈ પણ બાબત વિષે જાણવા કે જવાબ મેળવવા યોગ્ય પોસ્ટેજ મોકલવું જરૂરી છે.

આપણી સંસ્કૃતિના એક શ્રેષ્ઠ અંગનો પરિચય આપતી લેખમાળા [૪]

સ્વરશાસ્ત્ર

લેખક વિભુકુમાર શિ. દેસાઈ

આ સ્વરોનું સામર્થ્ય પણ ઘણું છે. સંગીતના સ્વરો આબાલવૃદ્ધ સર્વને પ્રિય હોય છે. રડતું બાલક પણ હાલરડાંથી છાનું રહી જાય છે, પશુપક્ષી ને હિંસક પ્રાણી સુદ્ધાંને પણ તે અસર કરે છે. વળી સંગીતમાં દર્દ મટાડવાની શક્તિ રહેલી છે, અને રસશાસ્ત્રના નવે રસોમાં શ્રોતાજનોને તરબોળ કરવાની શક્તિ પણ છે. આ ઉપરાંત વાતાવરણમાં અસર કરવાની સંગીતની શક્તિનાં દૃષ્ટાંતો પણ આપણે સાંભળ્યાં છે. દીપકથી અગ્નિ પ્રકટે, મેઘ રાગ વરસાદ લાવે, શ્રી રાગ પથ્થર પિગળાવે, હિંડોળ રાગ હિંડોળા ઝુલાવે, કેદાર ભગવાનને પ્રત્યક્ષ કરાવે એવાં વૃત્તાંતો આપણે સાંભળતા આવ્યા છીએ. અર્થાત્ આ સ્વરોની જો સંપૂર્ણ સાધના થાય તો તેનામાં અજબ શક્તિ રહેલી છે. આજે આપણને આ હકીકતો અતિશયોક્તિભરેલી લાગે છે, પરંતુ વિજ્ઞાનની ઘણી શોધો એવી છે કે જે આપણી કલ્પનાશક્તિનીબહાર હોવા છતાં આજે શક્ય બનીછે. આજે અવાજનેરેકર્ડમાં પકડી લઇને આપણે ફરી સાંભળી શકીએ છીએ અને અવાજને દૂર દૂર પણ મોકલી શકીએ છીએ. એમ વિજ્ઞાનની મદદથી ઉપર્યુક્ત ચમત્કારિક પરિણામો કેમ ન લાવી શકાય? એટલું ખરું કે એને માટેના સંશોધન પાછળ આકરી તપસ્યા અને સાધના જોઈએ.

સ્વરોના ગુણ-દોષ

આ સ્વરોની શાસ્ત્રીય વિચારણા થઈ. હવે એનો ઉપયોગ કરતી વેળા કયા કયા મુદ્દા ધ્યાનમાં રાખવા તે જોઈએ. પંડિતોએ તેનું સુંદર વિવેચન કરેલું છે. ગાતી વેળા એ મહત્ત્વનાં સૂચનો યાદ રાખવાં જોઈએ.

સ્વરોના ગુણ

मृष्टो मधुरो चेहालः त्रिस्थानकः सुखावहः।
प्रचुरः कोमलो गाढः श्रावकः करुणो घनः॥
स्निग्धः श्लक्ष्णो रक्तियुक्तश्छविमानिति सूरिभिः।
गुणैरेभिः पंचदशभेदः शब्दो निगद्यते ॥

અર્થાત્: સ્વર મૃષ્ટ એટલે કાનને મધુર લાગે તેવો હોવો જોઇએ; તે અતિશય સૂક્ષ્મ નહિ તેમ જાડો નહિ તેવો 'ચેહાલ' હોવો જોઈએ, કે જે ત્રણે સપ્તકમાં ફરી વળે તેવો અને સાંભળનારને સુખ આપે તેવો હોય. વળી તે પ્રચુર=વજનદાર હોવો જોઇએ અને કોમલ, ગંભીર (પ્રબલ-ગાઢ), અને શ્રાવક=દૂરથી સાંભળી શકાય તેવો, તેમજ સાંભળવાથી ચિત્તમાં કરુણ રસ ઉપજાવે તેવો તે હોવો જોઇએ. આ ઉપરાંત તે સ્નિગ્ધ (રસદાર), શ્લક્ષ્ણ=તેલની ધાર પ્રમાણે જેમ વાળવો હોય તેમ વાળી શકાય તેવો, છવિમાન (પ્રકાશિત) હોય તેવો જોઇએ. આમ, સ્વરોના જે પંદર પ્રકાર ગણાવ્યા છે તે બધા ધ્યાનમાં રાખવા યોગ્ય છે, અને તેવા સ્વરો કાઢવા માટે કંઠને કેળવવાની જરૂર છે તે પણ એટલું જ ચોક્કસ છે. આ સિદ્ધિ કાંઈ સહેલાઇથી મળી શકતી નથી, એટલે સંગીતમાં ગળાને શાસ્ત્રીય રીતે કેળવવા ઉપર ખાસ ધ્યાન આપવું જોઈએ. આ રીતે જોતાં હાલ આપણને ઘણા સંગીતકારોના અવાજમાં ખામી જણાશે. તેનું કારણ એ છે કે શાસ્ત્રીયરીતે અવાજને તપસ્યાપૂર્વક કેળવવા ઉપર ધ્યાન અપાતું નથી. વળી ઉપરના ગુણો કેળવવા ઉપરાંત સ્વરોના જે કેટલાક દોષો નીચે ગણાવેલા છે તેમાંથી મુક્ત થવાનો પણ પ્રયત્ન કરવો જોઈએ:

સ્વરદોષો

रुक्षः स्फुटितः निःसारः काकोली केटिकेणयः।
कृशो भग्न इति प्रोक्ता दुष्टस्याष्टाभिधाः ध्वनेः॥

અર્થાત્: અવાજ રુક્ષ એટલે રસહીન-લુખ્ખો ન હોવો જોઈએ, તેમજ તે સ્ફુટિત એટલે ફાટી જાય તેવો ન હોવો જોઇએ. તે સાર રહિત એટલે ગંભીરતા વિનાનો તથા કાકોલી=કાગડાના જેવો કર્કશ-બસૂરો ન હોવો જોઈએ. તે કેટિ=ત્રણ સપ્તકમાં પહોંચી ન શકે તેવો ન હોવો જોઇએ તેમજ કેણિ=મંદ્ર અને તાર સપ્તકમાં પરાણે પહોંચી શકે તેવો ન હોય વળી તે કૃશ (દૂબળો), ભગ્ન (તૂટક) ને ગધેડા કે ઊંટના અવાજ જેવો કર્કશ ન હોવો ઘટે. આમ, સ્વરોના આટલા દોષો ગણાવીને તેમાંથી મુક્ત થવાની જરૂર પર પંડિતોએ ખૂબ ભાર મૂક્યો છે.

આમ, શાસ્ત્રમાં દરેક દૃષ્ટિએ ટૂંકમાં સ્વરોનું વિવેચન કરેલું છે. એમાં ઘણી બાબતોમાં મતભેદ પણ જણાય છે. દાખલા તરીકે સ્વરોના રસ અને રંગમાં એ બધા મતભેદોનું નિરાકરણ કરીને સંશોધનપૂર્વક એ બધી વસ્તુઓને નિશ્ચિત કરવાનું કામ હવે હાલના સુશિક્ષિત સંગીતકારો તેમજ વિશ્વવિદ્યાલયોએ ઉપાડી લેવું જોઈએ.

હવે છેવટમાં આ સામે એક પત્રક આપ્યું છે, જેમાં સંગીતના સ્વરોનાં સ્થાનો મૂળ કઈ શ્રુતિ ઉપર હતાં, અને તે પછી જુદાજુદા સમયમાં તેમાં કેવો ફેરફાર થતો ગયો તે હકીકત તેની સમજૂતી સાથે આપી છે, જે ઐતિહાસિક દૃષ્ટિએ પણ ઘણી મહત્ત્વની ગણાશે. એ પત્રક વિષે થોડી સમજૂતી પણ જરૂરી છે.

એમાં કોષ્ટક ૨-૩માં શ્રુતિઓનાં જૂનાં ને હાલનાં નામો આપ્યાં છે. તે પછી ત્રણ ગ્રામોના સ્વરો દર્શાવ્યા છે. તે જૂના સમયના સ્વરો ગણાય. 'સંગીત-રત્નાકર'નો ગ્રંથ લખાયા સુધી આ ત્રણે ગ્રામો પ્રચલિત હતાં. જોકે 'સંગીતરત્નાકર'માં તો માત્ર બે ગ્રામો-ષડ્જ અને મધ્યમનો જ ઉલ્લેખ છે, એટલે એ સમયે ગાંધાર ગ્રામનો ઉપયોગ બંધ થઈ ગયો હશે. અને તેનું કારણ એ હોઇ શકે કે ગાંધાર ગ્રામના સ્વરો અને ષડ્જ મધ્યમ ગ્રામના સ્વરો વચ્ચે ઘણો તફાવત છે (જે પત્રક ઉપરથી સમજાય તેમ છે.) ગાંધાર ગ્રામના **ગ** અને **નિ** સિવાયના બીજા બધા સ્વરો ષડ્જ-મધ્યમ ગ્રામ કરતાં જુદી શ્રુતિઓ ઉપર આવેલા છે. આને પરિણામે ગાંધાર ગ્રામમાં ગાવાનું જુદું પડી જતાં ફાવ્યું નહિ. એટલે ધીમેધીમે તે અદૃશ્ય થઇ ગયું. તે પછી ૧૪મા સૈકામાં લખાએલા લોચન કવિના 'રાગતરંગિણી'માં માત્ર એક જ ષડ્જ ગ્રામનો ઉલ્લેખ છે. એટલેકે એક જ સૈકા પછી મધ્યમ ગ્રામ પણ ષડ્જ ગ્રામમાં સમાઇ ગયું; કેમ કે કોષ્ટક જોતાં જણાશે તે મુજબ ષડ્જ અને મધ્યમ ગ્રામના સ્વરોમાં માત્ર **પ** અને **ધ** સિવાય બાકીના બધા સરખા જ હતા. આમ, મધ્યમ ગ્રામ પણ અદૃશ્ય થયા પછી હવે માત્ર ષડ્જગ્રામ જ આજ સુધી અસ્તિત્વમાં છે.

તે પછી જુદાજુદા સમયે કયા સ્વરો કઇ શ્રુતિ પર હતા તેનાં કોષ્ટકો આપ્યાં છે. તેમાં ૧૦મા કોષ્ટકમાં પુંડરીક વિઠ્ઠલના સમયના સ્વરો છે. એ અકબરના સમયમાં થઇ ગયા એટલે અકબરના સમયના મહાન સંગીતકારો આ સ્વરોનો પોતાના સંગીતમાં ઉપયોગ કરતા હતા એમ કહી શકાય. ત્યાર બાદ પણ અન્ય સમયના સ્વરો આપેલા છે. પરંતુ ઇ. ૧૮૧૩માં પટણાના અમીર મહંમદ રેઝાએ 'નગમાત-ઈ-આશ રચ્યું તેમાં પ્રથમ જ વાર શુદ્ધમેલ બિલાવલ મેલનો ઉલ્લેખ છે. તે પહેલાંના સ્વરો હાલના કાફી થાટને મળતા હતા; એટલે ઈ. ૧૮૧૩માં સંગીતમાં એક મહત્ત્વનો ફેરફાર થયો એમ કહી શકાય અને આ જ મેલ હાલના ઉત્તર હિંદુસ્તાની સંગીતનો પાયો મનાય છે. અભ્યાસીઓને આ કોઠો બહુ ઉપયોગી થઇ પડશે. (સંપૂર્ણ)

જુદાજુદા સમયમાં સંગીતના સ્વરો દર્શાવનારું પત્રક

અનુક્રમ	સંગીતદર્પણ તથા સંગીતમકરન્દની શ્રુતિઓનાં નામો	શ્રુતિઓનાં નામો	ષડ્જ ગ્રામના સ્વરો	મધ્યમ ગ્રામના સ્વરો	ગાંધાર ગ્રામના સ્વરો	સારંગદેવનો સમય: ૧૩મો સૈકો. સંગીતરત્નાકરના સ્વરો	૧૪મો સૈકો: લોચન કવિ. રાગતરંગિણીના સ્વરો (ઉત્તરના)	ઇ.સ. ૧૫૫૦: રામઅમાત્ય. સ્વરમેલકલાનિધિના સ્વરો (દક્ષિણના)	અકબરઃ૧૫૫૬-૧૬૦૫: રાગમાલા, રાગમંજરી, પુંડરિક વિઠ્ઠલ ને તાનસેનના સમયના સ્વરો (ઉત્તરના)	ઈ.૧૬૧૦: પંડિત સોમનાથ. રાગવિબોધના સ્વરો (દક્ષિણ)	ઈ.૧૬૪૦: પં. વ્યંકટમખી ચતુર્દંડિ પ્રકાશ સંગીતસારામૃતના સ્વરો (દક્ષિણ)	પં. ભાવભટ્ટ, સંગીતરાજ, અનુપસંગીત, ૧૭મો સૈકો: ઉત્તરાર્ધ, સ.પારિજાત, પં. અહોબલના સ્વરો (ઉત્તર)	ઈ.સ. ૧૮૧૩. ઉત્તર હિંદુસ્તાની સંગીત, શુદ્ધ બિલાવલ મેલ, મહમદરેઝા, નગમાતે આસફીના સ્વરો	પં. ભાતખંડે પ્રમાણે આધુનિક સ્વરો
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫
૧	પ્રસૂના	તીવ્રા	—	—	—	કૈ. નિ	તીવ્ર નિ	કૈ. નિ(કો. નિ) (ષટ્શ્રુતિ ધ)	એકગતિક નિ	કૈ. નિ	કૈ. નિ	તીવ્રતમ ધ તીવ્ર નિ	કોમલ નિ	સા
૨	સિદ્ધા	કુમુદ્વતી	—	—	—	કા. નિ	કા., તીવ્રતર નિ	કા. નિ(તીવ્રનિ)	દ્વીગતિક નિ	કા. નિ	કા. નિ	—	શુદ્ધ નિ	—
૩	પ્રભાવતી	મંદા	—	—	સા	ચ્યુત સા	તીવ્રતમ નિ	ચ્યુત સા	ત્રિગતિક નિ	મૃદુ સા	—	—	—	—
૪	કાન્તા	છંદોવતી	સા	સા	—	શુદ્ધ સા	સા	શુદ્ધ સા	સા	શુદ્ધ સા	શુદ્ધ સા	શુદ્ધ સા	શુદ્ધ સા	—
૫	સુપ્રભા	દયાવતી	—	—	રે	કૈ. સા	—	—	—	—	—	—	—	રે
૬	શિખા	રંજની	—	—	—	અંતરા સા	કો. રે	—	—	—	—	કો. રે	કો. રે	—
૭	દીપ્તિમતી	રક્તિકા	રે	રે	—	શુદ્ધ રે	શુદ્ધ રે	શુદ્ધ રે (કો.રે)	શુદ્ધ રે	શુદ્ધ રે	શુદ્ધ રે	શુદ્ધ રે પૂર્વ ગ	—	—
૮	ઉગ્રા	રૌદ્રી	—	—	—	વિ. રે	—	—	એકગતિક રે	—	—	—	શુદ્ધ રે	ગ
૯	હ્લાદી	ક્રોધા	ગ	ગ	ગ	શુદ્ધ ગ	ગ	શુદ્ધ ગ (પંચમશ્રુતિ રે)	દ્વીગતિક રે (શુદ્ધ ગ)	શુદ્ધ ગ	શુદ્ધ ગ	શુદ્ધ ગ (તીવ્રતર રે)	—	—
૧૦	નિર્વીરી	વજ્રિકા	—	—	—	સા. ગ	તીવ્ર ગ	સા. ગ(ષટ્શ્રુતિ રે) કો. ગ	એકગતિક ગ	સાધારણ ગ	સાધારણ ગ	તીવ્ર ગ (તીવ્રતમ રે)	કો. ગ	મ
૧૧	દિરા	પ્રસારિણી	—	—	—	અંતરા ગ	તીવ્રતર ગ	અંતર ગ	દ્વીગતિક ગ	અંતર ગ	અંતર ગ	—	શુદ્ધ ગ	—
૧૨	સર્પસહા	પ્રીતિ	—	—	મ	—	તીવ્રતમ ગ	ચ્યુત મધ્યમ ગાંધાર	ત્રિગતિક ગ	મૃદુ મ	—	—	—	—
૧૩	ક્ષાન્તિ	માર્જની	મ	મ	—	શુદ્ધ મ	મ (અતિતીવ્રતમ ગ)	શુદ્ધ મ	શુદ્ધ મ (ચતુર્ગતિક ગ)	શુદ્ધ મ	શુદ્ધ મ	શુદ્ધ મ	શુદ્ધ મ	—
૧૪	વિભૂતિ	ક્ષિતિ	—	—	પ	કૈ. મ	—	—	એકગતિક મ	—	—	—	—	પ
૧૫	માલિની	રક્તા	—	—	—	વિ. મ	તીવ્રતર મ	—	દ્વીગતિક મ	—	વરાલી મ(મૃદુ પ-સોમનાથ)	તીવ્રતર મ	તીવ્ર મ	—
૧૬	ચપલા	સંદીપની	—	પ	—	મધ્યમ ગ્રામ પ	પ	ચ્યુત પંચમ મધ્યમ (તીવ્ર મ)	ત્રિગતિક મ	મૃદુ પ	—	—	—	—
૧૭	બાલા	આલાપિની	પ	—	—	શુદ્ધ પ	—	શુ. પ	શુદ્ધ પ	શુદ્ધ પ	શુદ્ધ પ	શુદ્ધ પ	શુદ્ધ પ	—
૧૮	સર્વરન્તા	મદંતી	—	ધ	ધ	મધ્યમ ગ્રામ ધ	—	—	—	—	—	—	—	ધ
૧૯	શાન્તા	રોહિણી	—	—	—	—	—	—	—	—	—	કો. ધ	કો. ધ	—
૨૦	વિકલિની	રમ્યા	ધ	—	—	શુદ્ધ ધ	ધ (કો. ધ)	શુ. ધ(કો. ધ)	શુ. ધ(કો. ધ હાલનો)	શુદ્ધ ધ	શુદ્ધ ધ	શુ. ધ (પૂર્વ નિ)	—	—
૨૧	હૃદયોન્મલિની	ઉગ્રા	—	—	—	—	—	—	એકગતિક ધ	—	—	—	શુદ્ધ ધ	નિ
૨૨	વિસારિણી	ક્ષોભિણી	નિ	નિ	નિ	શુદ્ધ નિ	નિ	શુ. નિ (પંચમશ્રુતિ-તીવ્ર ધ)	દ્વીગતિક ધ (શુદ્ધ નિ)	શુદ્ધ નિ	શુદ્ધ નિ	શુદ્ધ નિ (તીવ્રતર ધ)	—	—

ઉકેલ: **કૈ.**=કૈશિક=સુંદર-મુખ્ય શ્રુતિથી એક શ્રુતિ વધુ; **કા.**=કાકલી=મધુર; **ચ્યુત**=મુખ્ય સ્વરથી એક શ્રુતિ કમી; **વિ.**=વિકૃત; **સા.**=સાધારણ; **કો.**=કોમલ; **એકગતિક**=હાલનો કોમલ સ્વર; **દ્વિગતિક**=હાલનો તીવ્ર સ્વર; તૃતીયગતિક **નિ**=હિંદુસ્તાની તીવ્ર **નિ**=દક્ષિણનો આંતર **ગ**; તૃતીયગતિક **ગ**=હિંદુસ્તાની તીવ્ર **ગ**=દક્ષિણનો કાકલી **નિ**

પચ્ચીસ વર્ષ પહેલાં કુમાર

ભાદરવો-આસો '૮૬
અંક ૬૯-૭૦

કાઢ્યો હતો તો ૬૯-૭૦ એમ બે અંક ભેગા કરીને, પણ દિવાળી-અંક તરીકે કાઢેલો એ સંયુક્ત અંક આજે પણ જોતાં થાય છે કે પોસાણ હોત તો પાનાં વધારીને પણ એમાંની ઘણી સામગ્રી ટૂંકાવીને અહીં ઉતારત. કનુ દેસાઈનું મૉડર્ન રિવ્યૂમાં છપાએલું 'ગરબા'નું ચિત્ર, શ્રી રવિશંકર રાવળના 'રાજપુત ચિત્રકલા' પરના અભ્યસનીય લેખ સાથેએકળાનીઉત્તમ ચિત્રસામગ્રી,વિજ્ઞાનના ક્ષેત્રમાંપોતાના બુદ્ધિસામર્થ્યથી જગતભરમાં ભારતનું નામ ઊજળું કરનાર હિંદના ગૌરવના જ્યોતિર્ધર સમા વિજ્ઞાની સરસી.વી.રામનનું વિસ્તૃતચરિત્ર,સાક્ષરોની સાઠમારી દાખવતું ચંદ્રવદન મહેતાનું વિખ્યાત પ્રહસન 'દેડકાંની પાંચશેરી'–ઉપયુક્ત ચિત્રો સાથે, તે ઉપરાંત વ્યાયામ, આરોગ્ય, લશ્કરી તાલીમ, પ્રવાસ, વાર્તાઓ ને બ્રિટિશ હકૂમત સામે ઉપવાસથી આત્મસમર્પણ કરનાર વીર જતીન્દ્રનાથ દાસના પાંચ પાનાં ભરીને આપેલા પ્રેરક ચરિત્રથી શરૂ થતી વૈવિધ્યસભર માધુકરી...આ તો તેની માત્ર આગળ પડતી તરી આવતી સામગ્રી જ ગણાવી. એમાંથી થોડી ચૂંટણી આ અંકમાં ને થોડી આવતા અંકમાં આપીશું.


ત્યારે શ્રી હરિનારાયણ આચાર્ય ત્રણ વિષયો પર લખતા:'વનવગડાનાં વાસી'માં પશુપંખી પર, વ્યાયામ પર ને 'ખભે ખડિયો' નાખીને કરવાના રખડપાટ વિષે. આ અંકમાં એમણે સૌ કોઈ ઘેર કરી શકે એવો સાદો અને છતાં શ્રેષ્ઠ વ્યાયામ દર્શાવ્યો હતો, તે ચિત્ર સાથે ઉતારીએ :

"તમારી ખાતરી છે કે તમે પૂરેપૂરા 'મનુષ્ય' છો ? એકાદ દિવસ દર્પણ આગળ ખુલ્લા શરીરે ઊભા રહો. નખથી તે શિખ પર્યંત સમગ્ર દેહને નિહાળો. અને કહો કે તમારી શરીરસંપત્તિથી તમે શરમાતા નથી ?

જેનું પ્રત્યેક અંગ સચેત છે, જેના પડછંદ શરીરમાંથી બળ અને સૌંદર્યના ફુવારા ઊડે છે, જેની નસોમાં નીડરતા અને અથાગ જોમનું લોહી ઉછાળા મારે છે, બુદ્ધિ સાથે દેહનો પણ જેણે પૂરેપૂરો વિકાસ સાધ્યો છે, જેનું આખું જીવન ઉત્સાહ અને આશાના વેગથી પ્રફુલ્લ બને છે, એ પૂર્ણ મનુષ્ય. આવા થવાનો તમને કદી પણ અભિલાષ થયો છે ?

બુદ્ધિનો વિકાસ તો મને–કમને સાધ્યો છો; પણ જીવનની પૂર્ણતા સમું નીરોગી અને સશક્ત શરીર તમે કેળવ્યું છે ?

શરીરસ્થિતિના બે ભાગ કરાય : સ્વાસ્થ્ય અને શક્તિ. બંનેના સુયોગથી સૌંદર્યભાગી બનાય. આમાં સ્વાસ્થ્ય સાચવવાના અનેક માર્ગ છે;પણ શરીરના પ્રત્યેક અંગ તથા સ્નાયુનો સ્વતંત્ર છતાં સુસંબદ્ધ વિકાસ સાધનાર વ્યાયામપ્રણાલિકા બહુ જ ઓછી–ગણીગાંઠી છે, અને તેમાં 'રોમન રિંગ્સ' અત્યંત મહત્વનું સ્થાન ભોગવે છે. ખૂબ કઠિન હોવા છતાં પણ શ્રમસાધ્ય આ વ્યાયામપદ્ધતિ, ભારે શરીરવાળા કરતાં કાગદી જવાનોને અત્યંત અનુકૂળ અને ઓછી વિકટ છે. સ્થૂલ શરીરવાળાને રોમન રિંગ્સ પર બહુ મુશ્કેલી નડે છે. તે તેમનાં કેડ નીચેનાં ભારે અંગોને લીધે.



વેઈટ લિફ્ટિંગ અને સ્નાયુકર્ષણ(muscle control)થી પણ ચડે એવી આ વ્યાયામપદ્ધતિ ઓછા વજનવાળાને આશીર્વાદ રૂપ છે. એના જેટલી કસરતની વિવિધતા પૅરેલલ ને હૉરિઝૉન્ટલ બાર્સમાં પણ નથી.

છાપરું અદ્ધર હોય તો મોભ સાથે ચાર-છ હાથના મજબૂત દોરડાના બે ટુકડા બાંધી દો. એના છેડે દસબાર આની ખીલા-સરીનાં લુહાર પાસે વળાવેલાં બે ગોળ કડાં.રોમન રિંગ્સ તૈયાર. પછી ધીમેધીમે એના પર ચડતાં, લટકતાં, ગુલાંટ ખાતાં શીખી લો. ગુરુની જરૂર નથી. પ્રયત્ન અને સહેજ તન્મયતા શરૂઆત માટે પૂરતાં છે. અભ્યાસ વધશે તેમતેમ નવીન પ્રકારો સૂઝી આવશે. છાતીનો વિકાસ સાધવામાં આ વ્યાયામપદ્ધતિ અજોડ છે.

એમાં સૌથી કઠિન અને ઘણા જ થોડા પ્રમાણમાં પૂર્ણ રીતે અસાધ્ય એવો પ્રકાર Cross, Crucifix, Lateral suspension કે Lateral Raise ('સાથીઓ') નામથી ઓળખાય છે. ચિત્ર આનું જ દર્શન કરાવે છે. બે હાથે કડાં પર ચડો. કડાં સાથળ પાસે રાખી, હાથને વાળ્યા વગર ધીમેધીમે સીધા કરો અને બરોબર ખભા આગળ આવી અટકો. આની બીજી રીત: કડાં માથા ઉપર હાથથી પકડી ધીમેધીમે હાથ નીચે લાવો, કડાં ખભા તથા છાતી બરોબર ચિત્રમાં છે તે પ્રમાણે સીધાં અક્કડ રાખો. બંને પદ્ધતિમાં પગ ટટાર, અક્કડ અને કસરતની શરૂઆતથી તે અંત સુધી જમીનથી અદ્ધર રાખવાના છે. આમાં બીજી પદ્ધતિ અત્યંત દુષ્કર છે.

આવી રીતે શરીર કેળવવા માટે પ્રચંડ મનોબળ ને અથાગ શ્રમ આવશ્યક છે. જેમનામાં એ નથી તેમણે નિરાશ થવાનું નથી. નીચેની પદ્ધતિનો ઉપયોગ મિત પ્રમાણમાં ને બુદ્ધિપૂર્વક કરવાથી, રોમન રિંગ્સ જેટલો તો નહિ પણ કંઈક અંશે તેના જેવો શરીરવિકાસ સાધી શકાય છે. તે આંતરે દિવસે કરવાની છે. એ ઘણી જ ફળપ્રદ છે, છતાં અત્યંત સાવધાનીથી કરવાની છે; કેમકે શરૂમાં નહિ પણ આગળ જતાં હૃદય ને ફેફસાં પર ખૂબ શ્રમ પડે છે, એટલે અસાવધ માણસને કદાચ નુકસાન થાય.

તમે દંડ તો પીલતા હશો. સો-બસો દંડ

કરીને ઝાઝો શરીરવિકાસ ન સધાવાથી કંટાળનાર પણ કેટલાક હશે. તેમણે આ ઉપાય અજમાવવા જેવો છે. આ દંડની જ પદ્ધતિ છે, પણ જરા જુદી રીતે.

દંડ કરવાની પેઠે જમીન પર હાથ અને પગ પર રહો. હાથની વચ્ચે ખભા કરતાં સહેજ વધારે અંતર રાખો. પગ જમીન પર ન રાખતાં જમીનથી એક વેંત ઊંચા રાખો અને પછી દંડ કાઢો. કુલ ૫૦થી વધારે દંડ કાઢવાની જરૂર નથી. ૨૫ દંડથી શરૂ કરી આસ્તે આસ્તે ૫૦ સુધી પહોંચો. પચાસ દંડ સારી રીતે સાધારણ થાકથી કરી શકાય એટલે પગને એક વેંત વધારે ઊંચા મૂકો અને ફરીથી ૨૫ દંડથી શરૂ કરો. આમ, ચોપડીઓ કે પાટલા પરથી પેટી ઉપર, એ પ્રમાણે પગને ઊંચે ઉડાવતા જવું. હાથ જમીન પર રાખવા. બારેક માસમાં પગ ભીંતે ટેકવી ઊંધા માથે દંડ કાઢતાં આવડી જશે. જેમ પગ ઊંચા જશે તેમ છાતી, ખભા, હાથ, કાંડાં ને પીઠ પર અથાગ શ્રમ ને દબાણ આવશે. આવે વખતે ૫૦થી ઉતારી ૨૫ દંડ કરવા. પરંતુ આમાં રજ પણ ઉતાવળ કરવાની નથી. જેટલા ધીમે પગ ઊંચા થશે તેટલો વધુ ફાયદો ને શક્તિ આવશે. ખાવાપીવામાં ખૂબ નિયમિતતા ને પુષ્કળ આરામની ખાસ જરૂર છે. રોમન રિંગ્સના જેવો ફાયદો આથી થશે જ, પણ બહુ જ સાવધ રહેનારને. આ દંડ 'રામમૂર્તિના દંડ' તરીકે પણ ઓળખાય છે.

તમે નાહો છો તો રોજ, પણ શ્રી ચુનીભાઇ પટેલે ત્યારે એની જે આરોગ્યવિષયક સમજણ આપેલી એ સાથે નાહો છો? જુઓ:

"સાપ જેમ પોતાની કાંચળી ઉતારતો રહે છે તેમ આપણી ચામડીનું ઉપલું પડ પણ વારંવાર ખરતું રહે છે. આ પડ એટલું સૂક્ષ્મ હોય છે કે તે ઊતરતું દેખાતું નથી; પણ કોઇ ઠેકાણે આપણને વાગ્યું હોય અને તે પર પાટો બાંધ્યો હોય ત્યાં ચામડીનાં ઝીણાં ફોતરાં ઊખડી ગએલાં દેખાશે, વળી ક્યાંક સાધારણ દાઝ્યા હોઇએ કે કંઈ ડાઘ પડયો હોય તો તે ધીમેધીમે જતો રહે છે, એનું કારણ પણ એ જ છે કે ચામડીનું ઉપલું જૂનું પડ ઘસાઈ ખરી પડે છે અને ત્યાં નવું પડ આવે છે.

ચામડીની આ એકલી જ માત્ર સાફ થવાની ક્રિયા નથી, પરંતુ તે ઉપરાંત પરસેવા વાટે પણ શરીરનાં ઘણાં ઝેર બહાર નીકળતાં રહે છે. પરસેવો નીકળવાની આ સૂક્ષ્મ નળીઓ વળ ખાતી ચામડીનાં પડોને ભેદીને ઠેઠ ઊંડે ચરબીમાં નાની ગ્રંથિઓમાં પોતાનું મૂળ નાખી બેઠી હોય છે. જ્યારે આપણે ઝડપથી કામ કરીએ છીએ ત્યારે સ્નાયુઓમાં વધારે લોહી ફરવા માંડે છે અને આ નાની ગ્રંથિઓ પણ ઝડપથી સાફ કરવાનું કામ કરી, પરસેવો બહાર કાઢે છે. એ પરસેવામાં શરીરનો કેટલોક મળ હોય છે. તે ઉપરાંત તેમાં ચામડી તરડાઈ ન જાય તે માટેનું કુદરતી તેલ પણ હોય છે. આ પરસેવો ઉપર આવ્યા પછી ચામડીની ગરમીથી વરાળ બની સુકાવા માંડે છે. મળનો કેટલોક ભાગ એ વરાળ સાથે ઊડી જાય છે ને બાકીનો મળ તથા તેલનો થર ચામડી પર જામે છે. આથી જ આપણને પરસેવો થાય છે ત્યારે ચામડી પર કરકરતું હોય તેવું ચીકાશનું પડ બાઝેલું લાગે છે. આ પડ નાહીને દૂર કરીએ છીએ ત્યારે જ આપણને આરામ મળે છે. ત્યાં સુધી ખજવાળ વગેરે આવ્યા કરે છે.

નાહવાથી, આ મળ અને વધારાનું તેલ ચામડી પરથી નીકળી જાય છે, એટલું જ નહિ પણ ચામડીની નીચે આવેલી હજારો લોહીની શિરાઓને નવું જીવન મળે છે. તેથી તેઓ પોતાનું કામ સારી રીતે કરી શકે છે. લોહીની આ શિરાઓ વાટે જ આખા શરીરને પોષણ મળતું હોઈ, તેમને બરાબર સતેજ રાખવા માટે નાહવાનો ઇલાજ અકસીર છે. ચામડીની સખતાઇ ને મજબૂતીનો આધાર પણ આ શિરાઓ પર છે. દરદો સામે ટક્કર લે તેટલું તંદુરસ્ત તાજું લોહી આ શિરાઓમાં ફરતું રાખવું આવશ્યક છે. નાહવાથી આ ક્રિયામાં વધારો થાય છે, એનો અનુભવ આપણને સ્નાન પછી ચામડીમાં આવતી લાલી પરથી જણાય છે.

શરીરની આવી અનેક અગત્યની ક્રિયાને અનુભવે હિંદુઓએ સ્નાનને ધાર્મિક સ્વરૂપ આપ્યું છે એમાં નવાઈ નથી અને એમાં યે ઠંડા પાણીથી સ્નાન કરવાનું મહત્ત્વ ઘણું છે.

જેમ બહોળું ઠંડું પાણી વધુ ને તેમાં તમે લહેજતથી નાહી શકો તેમ તમારી ચામડીની મજબૂતી વધુ કેળવાશે. શરીર પર પાણીના ખૂબ અડવાથી સ્નાનની જે મઝા આવે છે તેવી બીજી મઝા ભાગ્યે આવતી હશે.


પણ જો તમે ઠંડા પાણીમાં પડવાની સાથે (સ્નાન દરમિયાન અને પાછળથી) પૂરતા ગરમ ન થઈ આવો તો ઠંડું પાણી ઊલટું નુકસાન કરે છે. ટાઢે થરથરતાં થરથરતાં ઠંડા પાણીથી નાહવાનો આગ્રહ રાખવો ભૂલભરેલો છે. શરીરમાં પૂરતી હૂંફ ન હોય, રોગથી ચામડીની ક્રિયા શિથિલ પડી ગઈ હોય, તેમણે પૂરતા ગરમ પાણીમાં જ સ્નાન કરવું, ચામડીની મજબૂતી ધીમેધીમે વધારવાના પ્રયત્નો કરી, છેવટે ઠંડા પાણીથી સ્નાન કરવાની તંદુરસ્તીભરી ટેવ કેળવવી. દિનપ્રતિદિન થોડુંથોડું ઠંડું પાણી કરતા જવું એ એક ઉપાય છે.

વળી કોઈકોઈ સંજોગોમાં ગરમ પાણીથી નાહવું પણ જરૂરી છે. ચાલીને અથવા મહેનત કરીને ખૂબ થાકયા હોઇએ ત્યારે ગરમ પાણીએ નાહવાનો રિવાજ છે. એથી ચામડી પરનો મેલનો થર જલદી ઓગળી જઈ છિદ્રો ઉઘાડાં થાય છે. પણ વારંવાર ગરમ પાણીએ નાહવાથી આ છિદ્રો વધારે પડતાં ઉઘાડાં થઈ જાય છે અને પરિણામે ચામડીમાંનું કુદરતી તેલ વધુ પડતું નીકળી જાય છે. આથી ચામડી તરડાઇ જવાનો સંભવ છે. ગરમ પાણીના સ્નાન પછી ચામડીની નીચેની લોહીની શિરાઓની ગતિ મંદ પડતી લાગે છે, આનો અનુભવ આપણને સ્નાન પછી થાય છે. ગરમ પાણીના સ્નાન પછી આપણને ટાઢ વાતી જણાય છે, જ્યારે ઠંડા પાણીના સ્નાન પછી આખા શરીરમાં કોઈ જુદી જાતની ગરમી આવી તે ઘણો લાંબો વખત ટકી રહે છે. ઠંડા પાણીથી પ્રત્યાઘાત થઈ જે હૂંફ આવે છે તે જ ખરી અગત્યની છે. સ્નાનનો તે મોટામાં મોટો ફાયદો છે. એ જ ખરી તાજગી આપનાર છે.

અને છેલ્લે 'માધુકરી'માંની થોડી વાનગી:

અવાજમાપક યંત્ર

થર્મોમીટરથી આપણે જેમ ગરમી માપીએ છીએ તેમ ઓરડામાં, ઑફિસમાં, ફૅક્ટરીમાં, નિશાળમાં, બગીચામાં કે રસ્તા પર કેટલી ડિગ્રી અવાજ છે તે માપવા માટે વીજળિક રચનાનું 'ઑડિયોમીટર' યંત્ર બનાવાયું છે. આ જમાનામાં અનેક પ્રકારની પ્રગતિની સાથે ચિત્રવિચિત્ર અવાજો યે દુનિયામાં વધતા જાય છે, એ અવાજો પર કાબૂ મેળવવો જરૂરી છે.



ઉપર્યુક્ત ઑડિયોમીટરની મદદથી વિવિધ

અવાજોનાં માપનો એક કોઠો તૈયાર કરવામાં આવ્યો છે તે આ સાથે આપ્યો છે.

ગરમીની પેઠે અવાજમાં પણ ઘનતા અને વિશાળતાના ભેદ છે. રેલવેની સીટીના અવાજમાં અતિશય ઘનતા છે; સાગરના ઘુઘવાટમાં અવાજની વિશાળતા છે. કોઠામાં સૌથી છેલ્લું બિંદુ અવાજની શરૂઆતનું છે. તેને 'અવાજનો ઉંબરો' કહ્યો છે. સંપૂર્ણ શાંતિવાળા સ્થળમાં ઓછામાં ઓછો અવાજ (ટાંકણી પડવાનો) પણ સાંભળી શકાય તે એક એકમ ગણીને તે બિંદુએ મૂકયો. પછી, આછી પવનલહરીથી હાલતાં પાંદડાંના અવાજને ૧૦નો આંક આપ્યો. આમ વિવિધ પ્રકારમાં વધતો વધતો ૧૦૮ ડિગ્રીએ પહોંચતો અવાજ આપણી લાગણીઓને અસહ્ય થઈ પડે.

મૂળાક્ષરોની વિવિધ સંખ્યા

જુદીજુદી ભાષાઓમાં મૂળાક્ષરોની સંખ્યા કેવી વધતી ઓછી હોય છે, તે આશ્ચર્યજનક છે. પ્રાચીન હિબ્રુ, સીરિયન અને કૅન્ડિયન એ દરેક ભાષામાં ૨૨ મૂળાક્ષરો છે; ગ્રીકમાં ૨૪, ફ્રૅંચ અને લૅટિનમાં ૨૫, જર્મન ડૅનિશ અને અંગ્રેજીમાં ૨૬, સ્પૅનિશ અને સ્લેવ્હૉનિકમાં ૨૭, તુર્કી અને અરબીમાં ૨૮, ઈરાની-ફારસીમાં ૩૨, જ્યૉર્જિયનમાં ૩૫, રશિયનમાં ૩૬, આર્મીનિયનમાં ૩૮, સેનિયનમાં ૪૧, પ્રાચીન મોસ્કો વ્હાઈટ ભાષાના ૪૩, અને સંસ્કૃતમાં ૫૦ ગણાય છે. જ્યારે ઈટાલિયનમાં ૨૦, બર્મીઝમાં ૧૯, સેલ્ટિકમાં ૧૭ અને સૅંડવિચ બેટમાંના લોકોની ભાષામાં માત્ર ૧૨ અક્ષરો હોય છે. અને બીજી બાજુ ઇથિઓપિયન અને તાર્તરીમાં ૨૦૨, એબિસીનિયનમાં ૨૦૮ અને ચીની ભાષામાં તો ૨૧૪ છે. બધી ભાષાઓ કરતાં જગતમાં કઠણમાં કઠણ ચીની ભાષા છે. ૨૧૪ અક્ષરો યાદ રાખવા અને ઓળખવા એ સહેલું કામ છે?

મૃતસરોવરનો કુબેરભંડાર

જગતનું ખારામાં ખારું અને સૌથી ઘટ્ટ પાણીવાળું પેલેસ્ટાઇનનું મૃત સરોવર, જેમાં માછલું પણ જીવી શકતું નથી, કે કોઈ વનસ્પતિ પાલવતી નથી એ દુનિયાનો અતિ મોટો ખજાનો ધરાવે છે એનો સ્વપ્ને પણ ખયાલ હોય? બ્રિટિશ વિજ્ઞાનીઓએ શોધી કાઢ્યું છે કે એમાં પોટાશ, બ્રોમાઇડ ક્ષારો, જિપ્સમ, મૅગ્નેશિયમ ક્લોરાઈડ વગેરે જુદીજુદી જાતનું ખનીજ દ્રવ્ય સમાએલું છે, જેની કીમત ૩૬૦૦,૦૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ (છત્રીસ જલધિ) રૂપિયા થવા જાય છે! તે પછી એક ફ્રૅંચ વૈજ્ઞાનિકે જણાવ્યું છે કે એ મૃત સરોવરમાં ૪૫ જલધિ રૂપિયાની કીમતનું સોનું પણ છે.



કાચ વિષે આ તમે જાણતા હતા?

કાચ એ માનવ-સંસ્કૃતિનું એક મહત્ત્વનું અંગ છે. કાચ વિના સૂક્ષ્મદર્શક કે દૂરદર્શક યંત્રો અસંભવિત જ રહેત, ને વિજ્ઞાનમાં આપણે આજના જેટલી પ્રગતિ ન જ સાધી શક્યા હોત. એની શોધ સૌપ્રથમ ક્યાં ને ક્યારે થઈ તે ચોક્કસપણે કહી શકાય તેમ નથી, પરંતુ ઇજિપ્તના પ્રાચીન મેમ્ફિસ નગરનાં ખંડેરોમાંથી મળી આવેલા ઈ. પૂર્વે ૧૫૦૦ના અરસાના કાચના મણકા તથા અન્ય ઉપસ્કરો પરથી લાગે છે કે એની પહેલી શોધ કદાચ ઇજિપ્તમાં જ થઈ હોય.

રોમન લેખક પ્લીનીનું માનવું છે કે સૌપ્રથમ સીરિયામાં આવેલી બેલસ નદીના કાંઠે ઊતરેલા કેટલાક ફીનિશ્યન નાવિકોને નદીના ભાઠામાં રાંધતી વેળાએ માલૂમ પડ્યું કે રાખ સાથે ત્યાંની રેતી અગ્નિમાં તપીને તેમાંથી 'કાચ' જેવો પદાર્થ બનતો હતો. આમ, આવા કોઈ અકસ્માતથી એની શોધ થઈ હોય એ સંભવિત છે; પરંતુ ખ્રિસ્તી શકના પ્રારંભે શહેનશાહ ઑગસ્ટસના શાસનકાળ દરમિયાન ફીનિશ્યન નગરી સિદોનમાં કાચનાં કારખાનાં હતાં. ત્યાર પછી તો એ ઉદ્યોગ સારી પેઠે વિસ્તર્યો અને જગતભરમાં ફેલાયો.

કાચ તરેહતરેહના હોય છે: જાડા દળના ચાલુ 'પ્લેટ-ગ્લાસ', બારીઓ માટેના 'વિન્ડો-ગ્લાસ', અંદર જાળી નાખેલા મજબૂતી માટેના 'રી-ઈન્ફોર્સ્ટ ગ્લાસ', ભાતભાતના પહેલ પાડેલા 'કટ-ગ્લાસ', ચશ્માં દૂરબીનો તથા બીજાં એવાં સાધનો માટેના 'ઑપ્ટિકલ ગ્લાસ' વગેરે. વળી જુદાંજુદાં દ્રવ્યો વડે તેને જુદાજુદા રંગ પણ આપી શકાય છે. જેમકે રાતા રંગ માટે ત્રાંબું, સેલેનિયમ અથવા તેની સાથે કોલસાનું મિશ્રણ, પીળા કે સોનેરી રંગ માટે કેડમિયમ સલ્ફાઇડ, દૂધિયા રંગ માટે હાડકાંની રાખ વગેરેનાં મિશ્રણ કરીને.

કાચ પર કોતરકામની શરૂઆત ઘણી વહેલી થએલી, પરંતુ ચિત્રકામ પાછળથી શરૂ થએલું. કાચ ઉપર ચીતરેલા રંગો કાયમ શી રીતે રહે તેની શોધ સતત ચાલુ રહેલી, જેના પરિણામે બે પ્રકારની ચિત્રપદ્ધતિ વિકસી. એક 'ઠંડી ચિત્રકારી' 'Cold Painting' જેમાં રંગમાં વાર્નિશ જેવા પદાર્થો મેળવવામાં આવે છે; બીજી પદ્ધતિમાં ચિત્રકામ પૂરું થતાં કાચને ભઠ્ઠીમાં તપાવીને રંગોને પાકા કરવામાં આવે છે. પહેલા પ્રકારના રંગો જલદી ધોવાઈ જાય છે, જ્યારે બીજા પ્રકારના રંગો કાચ પર કાયમના જડાએલા રહે છે. આ બીજા પ્રકારમાં ચિત્રકારી અને મીનાકારી બંનેનો સમાવેશ થાય છે. કાચ પર રંગબેરંગી મીનાકારીનું કામ સારાસેનિક સમયમાં એલેપ્પો અને દમાસ્કસ મુકામે પરાકાષ્ઠાએ પહોંચેલું.

'સેઈફ્ટી ગ્લાસ' નામે ઓળખાતો કાચ શોધનાર એડવર્ડ બેનેડિક્ટસ નામનો ફ્રેન્ચ રસાયનશાસ્ત્રી હતો. ઇ. સ. ૧૯૦૩માં એના હાથમાંથી એક બાટલી પડી ગઇ, પણ એ ભાંગી નહિ! આ અભગ્નતાનું કારણ એમાં રાખવામાં આવેલા દ્રવ્યનું પાતળું પડ એના પર જામી ગએલું એ હતું. ૧૯૨૭માં મોટરગાડીઓના મહાન ઉત્પાદક હેનરી ફૉર્ડને અકસ્માત નડ્યો ને છ મહિના પછી ફૉર્ડના કારખાનામાંથી બહાર પડતી પ્રત્યેક મોટરને 'લૅમિનેટેડ સેઈફ્ટી ગ્લાસ' રહેવા માંડ્યા! ઈ. ૧૯૩૭માં બ્રિટનમાં પણ 'વિન્ડસ્ક્રીન' તરીકે 'સેઈફ્ટી ગ્લાસ'નો ઉપયોગ ફરજિયાત બનાવવામાં આવ્યો. ત્યાંની શેફીલ્ડ યુનિવર્સિટી તો કાચવિષયક સંશોધનમાં આજે અગ્રસ્થાને છે.

કાચને હવે તો એટલી હદે મજબૂત અને અભંગ બનાવી શકાયો છે કે બંદૂકની ગોળી પણ તેને અથડાઇને પાછી ફરે! વળી એ અદૃશ્ય પણ બનાવી શકાયો છે. એ માટેની પ્રક્રિયા હજુ ખાનગી જ રાખવામાં આવી છે. આ કાચ જેટલો પ્રકાશ પોતાને મળે એ શોષી જઇને એને મુદ્દલ પ્રતિબિંબિત નથી કરતો.

કાચના બારીક તાર પણ હવે કાઢી શકાય છે,—આપણા વાળ કરતાં યે છઠ્ઠા ભાગના ઝીણા! એક નાનીસરખી લખોટીમાંથી પણ એવો સો માઇલ લાંબો તાર નીકળે છે!

ઈ. ૧૯૩૭માં જીના મુકામે આખું યે ઑર્કેસ્ટ્રા કાચનાં બનાવેલાં વાદ્યો પર પૂરું કરવામાં આવેલું. વિજ્ઞાનીઓના કહેવા મુજબ તો થોડા સમય બાદ આપણે રહેતા પણ કદાચ કાચનાં મકાનોમાં હોઈશું!

ફોટોગ્રાફિક ડેવેલપર

લેખક · ગોવિન્દ એસ. મેવાડા બી.એસસી.
કૅમિસ્ટ્રી ડિપાર્ટમેન્ટ · ગુજરાત કૉલેજ

ડેવેલપરનું મુખ્ય કાર્ય સિલ્વર બ્રોમાઇડને રિડયૂસ કરી તેમાંથી સિલ્વર છૂટું પાડી છબિ વિકસાવવાનું છે. તેથી ડેવેલપર તરીકે વપરાતાં મુખ્ય રસાયણો રિડયૂસિંગ એજન્ટ્સ હોવાં જોઇએ. રસાયણશાસ્ત્રમાં રિડક્શન માટે આવા ઘણી જાતના પદાર્થો છે; પરંતુ ફોટોગ્રાફિક રિડક્શન માટે તો જે પદાર્થ જ્યાં ફક્ત પ્રકાશની અસર થઈ હોય ત્યાં આવેલા સિલ્વર હેલાઈડને રિડયૂસ કરવાની સમજશક્તિ ધરાવતો હોય તે જ વાપરી શકાય; નહિ તો છબિમાંનું બધું જ સિલ્વર હેલાઈડ રિડયૂસ થઈ જઈ આખા ભાગમાં કાળાશ વ્યાપી જાય અને છબિ જેવું કંઈ રહે જ નહિ.

રિડયૂસિંગ એજન્ટસ તરીકે બેન્ઝીન(Benzine)માંથી બનેલા ફિનૉલિક અને ઍમીનો કૉમ્પાઉન્ડ્સ ખાસ કરીને વપરાય છે. આ બધા કાર્બનિક (કાર્બન તત્ત્વવાળાં-organic) રસાયણો છે. ખનિજ (inorganic) પદાર્થોમાં તો અત્યારે માત્ર સોડિયમ હાઇડ્રોસલ્ફાઇટ વપરાય છે. પહેલાં ૧૮૫૧ની સાલ સુધી ડેવેલપર તરીકે ફક્ત એકલું 'ફેરસ (લોહ-iron) ઑક્ઝલેટ' જાણીતું હતું. ત્યાર બાદ ફેરસ ફ્લોરાઈડ ફેરસ સાઇટ્રેટ, ક્યુપ્રસ(તામ્ર-copper)હેલાઇડ્સ, હાઇડ્રોજન પૅરૉક્સાઈડ વગેરે વપરાતાં, પણ હવે તેમનો ઉપયોગ બિલકુલ બંધ થઇ ગયો છે. અને તેમનું સ્થાન કાર્બનિક રસાયણોએ લીધું છે.

અત્યાર સુધીમાં જાણીતા થએલા ડેવેલપિંગ એજન્ટ્સ પૈકીના કેટલાક મુખ્યનો હવે પરિચય કરીએ:

પાયરોગૅલૉલ (પાયરો, ૧:૨:૩. ટ્રાય હાઇડ્રૉક્સી બેન્ઝીન): રેગ્નૉલ્ટ અને આર્ચરે સ્વતંત્રપણે ૧૮૫૧માં ડેવેલપર તરીકે જાહેર કર્યું. તે છબિને ધીમેધીમે વિકસાવે છે અને છાયાવાળા ભાગમાં રહેલી બારીક વિગતો સારી રીતે વિકસાવી શકે છે. તેના દ્રાવણમાં સોડિયમ સલ્ફાઈટ નાખ્યું હોવા છતાં હવામાં રહેલા પ્રાણવાયુની અસરથી ડેવેલપર તરીકેનું તેનું કાર્ય ઘટતું જતું હોવાથી તેનું દ્રાવણ લાંબા સમય સુધી ટકી શકતું નથી. ધોતી વખતે છબિ તથા હાથનાં આંગળાંને ઘેરા પીળા રંગનાં બનાવી દે છે. વળી જ્યારે તેને ઉપયોગમાં લેવાનું હોય ત્યારે જ આલ્કલી (સોડા કાર્બ અથવા લાઈકર ઍમૉનિયા) નાખવાનું હોય છે. આ બધી અગવડો વગરનાં બીજાં ડેવેલપર શોધાયાં હોવાથી, શરૂઆતમાં ફોટોગ્રાફીની દુનિયામાં આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પામી ચૂકેલું આ ડેવેલપર અત્યારે તો તદ્દન ભુલાઈ ગયું છે. સોડિયમ સલ્ફાઇટ અને મેટાબાઈ સલ્ફાઇટ પાયરોથી પડતા ડાઘ અટકાવી નહિ તો ઓછા તો કરી જ શકે છે. ખાસ કામો માટે તે સાથે હાઈડ્રોકવિનૉન અથવા મેટૉલ વપરાય છે. પાયરોની જગ્યાએ લગભગ તેના જેવા જ ગુણધર્મોવાળું કેટેકૉલ (પાયરો કેટેચીન, ૧:૨-ડાય હાઈડ્રોક્સી બેન્ઝીન, ૧૮૮૭) વાપરી શકાય.

હાઇડ્રોક્વિનૉન (ક્વિનૉલ, ૧:૪-ડાય હાઈડ્રોક્સી બેન્ઝીન): ૧૮૯૧માં એબનીએ તે શોધેલું. અત્યારે પણ ફોટોગ્રાફીમાં તેનો વપરાશ સૌથી વધુ છે. તે છબિને ધીમેધીમે વિકસાવે છે. પાયરોની માફક છાયામાં આવેલી બારીક વિગતો તે વ્યક્ત કરી શકતું નથી, પણ તેજછાયાની ભિન્નતા-પડછો (anirast)-ખૂબ સરસરીતે ઉપજાવી આપે છે. તેની સાથે સોડિયમ સલ્ફાઇટ અને પોટાશ બ્રોમાઈડ ન હોય તો છબિ પર બહુ ખરાબ ડાઘ પડે છે. ઓછા ઉષ્ણતામાને તેની કાર્યશક્તિ ઘટતી જાય છે અને ૧૦ ડિગ્રી સેન્ટીગ્રેડે તો તે શિથિલ થઈ જાય છે. આકૃતિઓની પ્રતિકૃતિ(લાઇન કૉપીઇંગ)ના કામ માટે તો બહુ ઉપયોગી છે. સર્વસામાન્ય છબિકળામાં તે મેટૉલ સાથે વપરાય છે.

મેટૉલ (ઍલન, જિનૉલ, પિક્રૉલ, ફ્રોટૉલ, વેરીટૉલ, મિથિલ પૅરા એમીનો ફીનૉલ અથવા તેનો સલ્ફેટ): ૧૮૯૧માં હૉફે શોધ્યું. ત્યાર બાદ તેનો ઉપયોગ પુષ્કળ પ્રમાણમાં વધી ગયો. લગભગ દરેક ડેવેલપરમાં તે આવવાનું જ. તે ઝડપથી છબિને વિકસાવે છે, તેજછાયાની સમ ભિન્નતા દર્શાવે છે અને છાયાવાળા ભાગની બારીક વિગતો ઉપજાવી કાઢે છે. એનું દ્રાવણ ઘણા સમય સુધી બગડયા સિવાય ટકી શકે છે. બીજાં ડેવેલપરો કરતાં પ્રમાણમાં તે વધુ છબિઓ ધોઇ શકે છે. તેની સાથે થોડું પોટાશ બ્રોમાઇડ વાપરવાથી તેનાથી થતી 'ફૉગ'ની અસર અટકી જાય છે. તેના દ્રાવણમાં સોડિયમ સલ્ફાઇટ નાખવું ખાસ જરૂરી છે. કાર્બોનેટ વગર ચાલે. મેટૉલ અને હાઇડ્રોક્વિનૉન બન્ને ભેગાં મળી એકબીજાની ઊણપો પૂરી કરી એક આદર્શ ડેવેલપર (યુનિવર્સલ ડેવેલપર) બનાવે છે, જેનાથી પ્લેટ કે ફિલ્મ બંને ધોઈ શકાય તેમજ પ્રિન્ટ માટે પણ વાપરી શકાય.

ઍમિડૉલ (ડાલ્મી, ૨:૪-ડાય એમીનો ફીનૉલ અથવા તેનો હાઇડ્રોક્લોરાઇડ): આ ખાસ કરીને પ્રિન્ટ માટેનું ડેવેલપર છે. દ્રાવણના રૂપમાં તે ઝડપથી બગડી જતું હોવાથી છબિઓ વખતે તેનું તાજું દ્રાવણ બનાવવું પડે છે. તેની સાથે થોડું સલ્ફાઇટ અને બ્રોમાઇડ વાપરવું ઈષ્ટ છે. કાર્બોનેટ વપરાતું નથી. તેના દ્રાવણમાં ધોવાથી છબિ બહુ જલદી દેખાય છે, પણ તેમાં બારીક વિગતો ધીમેધીમે આવે છે.

ગ્લીસીન (પૅરા હાઇડ્રોક્સી ફીનીલ એમીનો ઍસેટિક ઍસિડ): મેટૉલની શોધ થઇ તે અરસામાં ગ્લીસીન પણ શોધાએલું. એકલા પાણીમાં તે અદ્રાવ્ય છે, પણ સાથે થોડું સોડિયમ કાર્બોનેટ હોય તો ઓગળે છે. તેના પર હવાની અસર થતી નથી. તે ડાઘ પણ પાડતું નથી. તે તીવ્ર છે અને ખૂબ ઝીણી વિગતો ઉપજાવી આપે છે. 'ફાઈન ગ્રેઈન' ડેવેલપર બનાવવા માટે તે મેટૉલ અથવા પૅરાફીનિલીન ડાય અમાઇન સાથે વપરાય છે. પ્રદર્શન માટેનાં સુંદર ચિત્રો તૈયાર કરવાં હોય ત્યારે મેટૉલ-હાઇડ્રોક્વિનૉન સાથે તે ખાસ વપરાય છે. વળી મેટૉલ-હાઈડ્રોક્વિનૉનના ડેવેલપરમાં હાઇડ્રોક્વિનૉનની જગ્યાએ પણ તેને મૂકી શકાય. ગ્લીસીનના ડેવેલપરમાં બ્રોમાઈડ ન હોય તો પણ ફૉગ ઉત્પન્ન થતું નથી. તેનાથી બમણા કરતાં વધારે વજનમાં સલ્ફાઈટ સાથે વાપરવાથી છબિમાં પીળા રંગના ડાઘ પડે છે.

પૅરાફીનિલીન ડાય અમાઇન(૧:૪-ડાય એમીનો બેન્ઝીન): ઈ. ૧૮૮૮માં ડેવેલપર તરીકે જાણીતું થએલું; પણ તે 'ફાઈન ગ્રેઈન' ડેવેલપર છે તેવું ૧૯૦૪માં લ્યુમાર અને સ્યેવેત્ઝે નક્કી કર્યું. સિલ્વર હેલાઈડ તેમાં થોડા પ્રમાણમાં ઓગળતું હોવાથી તે 'ફાઇન ગ્રેઈન' ડેવેલપર તરીકે કામ આવે છે. તે ઝેરી છે તથા તેની અસરથી આંગળાંની ચામડી દાઝી જાય છે, તેથી તે વાપરતી વેળા બહુ જ કાળજી રાખવી જોઇએ. હાથે રબરનાં મોજાં પહેરવાં જરૂરી છે. ઉપર જોયું તેમ તે ગ્લીસીન સાથે વપરાય છે. ઑર્થોફીનિલીન ડાય અમાઇન (૧:૨-ડાય એમીનો બેન્ઝીન) ઓછું નુકસાનકારક છે. બાકી બીજી બધી રીતે પૅરાફીનિલીન ડાય અમાઇનને મળતું આવતું હોઈ તેની અવેજીમાં વપરાય છે. તેની સાથે મેટૉલ, સોડિયમ સલ્ફાઈટ ને બાઈ (અનુ. પૃ. ૩૭૨મે)

કૉફીહાઉસ

ઍલૅાપથીવાળા.   ારદી પર સારી લાગે છે
તે હોમીઓપથીવાળાની દવાની અસર જ નાબૂદ કરી નાખે છે

લેખક 'પરમોદ'

આ રોજનું થયું હતું. કોણ જાણે કેમ, મને ત્યાં જ ફાવતું હતું. વિચિત્ર લાગે એવી વાત છે, પણ તે સાચી છે. કૉફીહાઉસમાં બેસી રહેતાં પણ હું કંટાળતો નથી. બે વર્ષથી ત્યાં બેસું છું ને રોજના આઠેક કૉફીના પ્યાલા પીઉં છું. ત્યાં ભાતભાતનાં ભેજાંની નિયમિત આવજા થતી રહે છે. પશ્ચિમના દેશોમાં કવિઓ કાફેમાં મળે છે એવી વાત સાંભળી છે. આ કૉફીહાઉસ કવિ-લેખકોનું તો નહિ પણ વિચિત્ર વર્તનવાળાં અને મહદંશે નવરાશવાળાંનું મિલન-સ્થાન નહિ તો નિયમિત ગમન-સ્થાન તો બની જ રહ્યું છે.

રોજ સવારે અમુક વ્યક્તિઓ આવવાની જ. તે પછી કૉફીહાઉસનો ચહેરો પલટાય. એમ બબ્બે કલાકના અંતરે ગ્રાહકોના ચહેરા બદલાતા રહે છે; પણ એક વાત નક્કી, કે ગમે ત્યારે ટાઇમે જુઓ, આવા નેવું ટકા લોકો તમને તાતાના ચોક્કસ સમયે રોજ મળવાના જ. અહીં જેટલી ભિન્નતા વ્યક્તિઓની છે તેટલી જ તેમનાં ભેજાંની છે, અને તેટલી જ તેમના વર્તનની પણ છે.

જેમ બધે જ બને છે તેમ કૉફી હાઉસમાં હું પણ એક જ બેઠક ઉપર બેસનારો છું. રોજ સાંજે છ વાગ્યે બે વ્યક્તિઓ આવે. એક યુવાન એકલો આવે. મારા ડાબા હાથના ટેબલે બેઠક લે. ઝડપથી એક ગરમ કૉફી મંગાવી ધીમેધીમે તૈયાર કરી નિરાંતે લાંબા સમયે પૂરી કરે. ગંભીર લાગતો તે યુવાન નોકરિયાત લાગતો હતો. મારો અને તેનો 'કેમ?' કહેવાનો પરિચય થયો તે પહેલાં પણ તે નોકરી કરે છે તે ખયાલ તરત આવેલો, ને તે એ રીતે કે તે બિલ ચૂકવવા એક પાકીટ કાઢતો. તેમાંથી તે પૈસા ચૂકવતો. બૅરરને 'ટિપ' મળતી. તે સલામ કરતો: પણ એ સલામ પાછળ તેની આંખો ઉત્સાહ નહોતી દેખાડતી. યુવાન બિલ ચૂકવી પાકીટ ખિસ્સામાં મૂકતાં અંદર કેટલા પૈસા બાકી રહ્યા તે જોતો. નોકરી કરનાર માણસ અને ધંધો કરનાર માણસ રેસ્ટોરાંમાં જુદા જ પડી જાય છે; બેકાર પણ.

એ યુવાન હસતો, પણ તેના હાસ્ય પાછળ મને તેના મનની અકથ્ય મૂંઝવણો દેખાતી. તેની આંખોમાં જોતાં લાગતું કે એ સુખી નથી, છતાં તેની આશા મરી પરવારી નથી. એના મનમાં ગૂંચ હતી તે નક્કી, પણ તે ગૂંચ કઈ તે કળવું મુશ્કેલ હતું. એ એટલું જ મુશ્કેલ હતું જેટલું કોઈ ફિલ્મના ડબામાંથી ફિલ્મ કાઢી, તેની પટ્ટી ખોલી, આખી જોયા પછી (તમે તે સામાજિક છે એમ તો કહી શકો પણ) તે કરુણ છે કે પ્રહસન તે ઉકેલવાનું હોય.

રોજ બેસનારા તે અને હું. એક દિવસ તેણે કૈંક લખવા મારી ઇંડિપેન લીધી, પાછી આપતાં 'આભાર' કહ્યું. તે દિવસ પછી રોજ 'હલ્લો' થતું. એક વખત તેની બેઠક રોકાએલી જોઈ તે મારી સાથે આવીને બેઠો. થોડીઘણી વાતચીત થઈ. ખાસ કંઈ જાણવા ન મળ્યું. જો એ અમદાવાદ હોત તો એની આર્થિક બાજુ જાણવા મળી હોત અને તેના કુટુંબના અર્થશાસ્ત્રનો ઇતિહાસ પણ જાણવા મળ્યો હોત. જો એ કાઠિયાવાડનું કોઈ શહેર હોત તો એ યુવાને 'એય ને...' કહીને દરબારી રાજ્ય વખતના તેના કુટુંબનાં પરાક્રમો, કે તેના શાળા જીવનની ધમાલો વખતના પ્રસંગોની રસધાર વહાવી હોત. જો તે નડિયાદ કે આણંદ હોત તો તેણે લડત વખતનાં તેનાં પરાક્રમો કે ચળવળ વખતનાં બયાનો કરી ગુલબાંગો મારી હોત. જો તે ભરૂચ હોત તો તેણે જાહોજહાલીની કે 'અમારા ગ્રુપમાં આમ, ને અમે આમ' એમ કરીને નર્મદા નદીના તીરે તેણે ગાળેલી સાંજે મારામારીનાં વર્ણને મઢીને કહી હોત. જો તે સુરત હોત તો કયા રેસ્ટોરાંમાં શું મળે છે, ખાવામાં શું સારું, અને શક્ય છે કે સાહિત્યિક કૃતિ કે ચંદની પડવાની પિકનિક કે બીજું કૈંક (અહીં ન કહેવાય તેવું કશું) એવી ભાષામાં વર્ણવ્યું હોત કે રસ જરૂર રહેત, પણ...અરે જો તે વડોદરા હોત તો વાતો એથી યે વધી જાત. પણ આ તો મુંબઈ હતું. અને મુંબઈનું આ જ દુઃખ છે, કે વ્યક્તિગત જીવન ઉપર કદી ભાર નથી મુકાતો, નથી ત્યાં કદી બીજામાં રસ હોતો, નથી બીજાને પોતામાં રસ લેવા દેવામાં આવતો. એનું નામ રમેશ હતું અને તે નોકરી કરતો હતો. એ બે વાતથી વિશેષ કદી કશું જ જાણવા નથી મળ્યું.

બીજો યુવાન એ ટાઇમે જ આવતો. મારી જમણી બાજુના ટેબલ ઉપર બેસતો. એ જરા આરામથી કૉફી પીતો. અદાથી નાસ્તો કરતો અને વટથી બિલ ચૂકવતો. બૅરર તેને જોઈ ઊંડો આનંદ પણ વ્યક્ત કરતો. એ પણ નોકરી જ કરતો હતો. પણ તે પર્સ નહોતો રાખતો. એ નોકરી કરતો હતો તેની ખબર બીજી રીતે પડી. હતો તે બેદરકાર. કપડાં પણ સરસ પહેરતો. દેખાવે તો ધનિક જેવો જ લાગે પણ નોકરી કરે છે તે ખબર બે મહિનામાં જ પડી ગઈ. મહિનાના પહેલા દસ દિવસ પાંચ-દસની નોટથી બિલ ચૂકવાતાં; પછીના દસ દિવસ રૂપિયા-બે રૂપિયાની નોટ નીકળતી; ને ૨૧મી પછી પરચૂરણ નીકળતું. પહેલીથી દસમી સુધી તે અચૂક એક બાળા સાથે આવતો ને અચૂક મોટું બિલ કરતો. મહિનાના આખરી દિવસોમાં તે એકલો આવતો, ખાસ બિલ પણ ન કરતો ને બૅરરોનો ઉત્સાહ પણ ઓગાળી નાખતો.

એક દિવસ એવું બન્યું કે એ યુવાનને પણ ઇંડિપેનની જરૂર પડી. એ વખતે યુવતી સાથે હતી. એણે હસતાં ઇંડિપેન માગી. મેં આપી. તેણે જતી વખતે 'આભાર' કહી પાછી આપી. મહિનાના અંતે તે ફરી મળ્યો. તે એકલો હતો. ફરી પેન માટે જ મુલાકાત થઈ. એ વેળા મળેલા પરિચયના અંતે હું બે જ વસ્તુ જાણી શક્યો હતો કે તેનું નામ સુરેશ હતું અને તે પણ નોકરી કરતો હતો. આવનાર યુવતી કોણ હતી તે પ્રશ્ન ન તો મેં વિચાર્યો હતો, ન તો તે જાણ્યેઅજાણ્યે ઊકલ્યો હતો.

ગઈ પહેલી તારીખ હું કદી નહિ વીસરું. હું કૉફી મંગાવીને બનાવતો હતો. છ વાગ્યા હતા. બન્ને યુવાનો આવ્યા. પણ કાંઇ અજબ પરિવર્તન દેખાયું. રમેશ સાથે કોઇ યુવતી હતી. તેના મુખ ઉપર કોઇ અનોખું હાસ્ય હતું. તે તેના નિયત ટેબલ ઉપર જ તે બાળા સાથે બેઠો. મેં રમેશની આંખોમાં એક નજર નાખી તો લાગ્યું કે તેની બધી જ ગૂંચો ઊકલી ગઇ છે. આજે તેના મુખ ઉપર જે આનંદ હતો તેનાં મૂળ તેના અંતરમાં અને થડ મનમાં હતાં તેમ લાગતું હતું. માનવીની જિંદગીમાં બહુ ઓછા એવા દિવસ આવે છે જ્યારે તેને પૃથ્વી પર સ્વર્ગનો આભાસ થાય છે. જોકે દરેકના જીવનમાં આવા બેત્રણ દિવસ આવે તો છે જ. રમેશના જીવનનો આ એમાંનો એ જ દિન હતો તેમ સ્પષ્ટ લાગતું હતું.

રોજ ગંભીર લાગતો રમેશ આજે આનંદી હતો. રોજ એકલો આવનાર રમેશ આજે સથવારો લઇને આવ્યો હતો. રોજ ધીમેથી ગરમ કૉફી ઊંડા વિચારમાં ડૂબી જઇને પીનારો રમેશ આજે નાસ્તા સાથે કૉફીને ઝડ-

પથી બાળકની પેઠે ન્યાય આપી રહ્યો હતો. આજે બિલ માટે તેણે પાકીટ નહોતું કાઢ્યું. તેણે ખમીસના ખિસ્સામાંથી નોટોનો થોકડો કાઢી દસની નોટ પ્લેટમાં મૂકી હતી ને આંખ મીંચીને પૈસા પાછા મૂક્યા હતા. અને બિલ કપાઈ બાકી પૈસા આવ્યા ત્યારે જે ટિપ રાખીને તેણે બીજા પૈસા લીધા હતા તે ટિપ જરૂર મોટી હોવી જોઇએ, નહિતો બૅરર હસીને આમ સલામ ન જ કરે. બધું પત્યા પછી તે આરામથી ટેકો દઈ જાણે વાર્તા પૂરી થાય ને વાચક કે શ્રોતા આરામથી બેસે તે રીતે બેઠો હતો. સાથેની યુવતી પણ મલકતી હતી, જાણે રડુંરડું થઈ રહી હોય તેમ! જીવનની કોઈ પણ સિદ્ધિ મળે ત્યારનો આનંદ એટલો ભવ્ય હોય કે રડવાનું મન થઈ જાય; આંખમાંથી આંસુ ધારા બનીને વહેવા માંગે પણ જાણે કોઈની બીક હોય તેમ ઝળઝળિયાં બનીને જ અટકી જાય.

મેં મારી નજર ફેરવી અને જોયું તો મારી કૉફી ઠંડી પડી રહી હતી. એમાં રહેલી કૉફીને ગટગટાવી ગયો ત્યાં મારી નજર આવી રહેલા સુરેશ ઉપર પડી. એ ધીમા પગલે અંદર આવી રહ્યો હતો. રોજની ઝડપ તેનામાં નહોતી. મહિનાના પ્રથમ દસ દિન ચહેરા ઉપર ખુમારી રાખીને આવનાર સુરેશ આજે પહેલીએ જ ખિન્નતાનું ભાથું બાંધીને આવતો હતો. દસ દિન એની બાળા સાથે આવનાર સુરેશ આજે પહેલીએ એકલો જ આવતો હતો. રોજ બેદરકાર અને ધનિક લાગતો સુરેશ આજે જાણે મોટી જવાબદારી સંભાળીને પ્રૌઢ થયો હોય કે એકાએક મિલ્કત ગુમાવીને દેવું કરી બેઠો હોય તેવો લાગતો હતો.

તે એના નિયત ટેબલે બેઠો. તેણે બાજુની ખુરસી ઉપર નજર નાખી. પહેલા દસ દિવસ ત્યાં તેની મિત્ર બેસતી. આજે તે સીટ ખાલી હતી. ઘરમાં કોઈ માણસ મરી જાય અને તેનો રૂમ જોતાં જે અકથ્ય ભાવ ઘરનાં માણસના મુખ ઉપર હોય છે તે ભાવ સુરેશના મુખ ઉપર સ્પષ્ટ પ્રતિબિંબિત થતો હતો.

તે બેઠો. બૅરર આવ્યો. ઉત્સાહથી ‘યે લાવ... વો લાવ’ કહેનાર સુરેશે આજે ‘કુછ ભી લાવ...’ કહ્યું. બૅરર લાવ્યો. તેણે જાણે મૂર્છિત દશામાં કંઈ કરી રહ્યો હોય તેમ વર્તવા માંડ્યું. પ્યાલામાં દૂધ નાખ્યું, ખાંડ નાખી અને તે પણ પાંચ ચમચી! પછી રોજ પ્રથમ પાણી પીનારા સુરેશે પાણીનો પ્યાલો લીધો અને પીવાને બદલે કૉફીમાં પાણી નાંખવા માંડ્યું! એના મનમાં કોઇ એક વિચારનું દબાણ વૉલ્ટેજની શક્તિ ઓળંગી ગયું હતું. ફૂચ્ચ જતો રહે તેટલો તો તે નાદાન ન હતો, પણ એક વાત જરૂર હતી. આટલો ઉદાસ બે વર્ષમાં મેં તેને કદી જોયો નહોતો.

અજાણ્યા પ્રાણીની વેદના માનવીના મનમાં એક અભૂતપૂર્વ કરુણા જગાવે છે, તો આ તો માનવી હતો; અને તેને તમે સાવ અજાણ્યો તો ન જ કહી શકો. મને જેટલો આનંદ રમેશના આનંદથી થયો હતો તેટલો જ શોક સુરેશના શોકથી થયો. જાણે તડકા અને છાંયડાને હું સાથે જોઇ રહ્યો હતો.

હું સુરેશ પાસે ગયો. તેને જરા આશ્ચર્ય થયું. મેં મારી જવાબદારી સમજ્યા વગર આગ્રહ કરીને તેની ચિંતા જાણવાની હઠ લીધી.

એણે મારી સામે પંદરેક વખત જોયું. કદાચ તેને એવી આશા બેઠી હશે કે હું તેને બીજું કંઈ નહિ આપું તો દિલાસો તો આપી શકીશ જ. નહિ તો તે મને તેની વાત કહેત જ નહિ. એણે કહ્યું: “મારી જિંદગી વેરણછેરણ થઇ ગઇ. તમે કદાચ મારી સાથે રોજ આવતી હતી તે સુધાને જોઈ હશે. હું અને તે કેટકેટલાં સ્વપ્ન રચી બેઠાં હતાં. તેણે મને કહ્યું હતું કે જો તમારો પગાર ૩૫૦ થશે તો હું તમને જરૂર પરણીશ. મને ૩૦૦ પગાર મળતો હતો. પગાર વધે તે માટે મેં આખું વર્ષ ચીવટથી કામ કર્યું હતું. જો આ વખતે મારો પગાર ન વધે તો મારે સુધાને કદાચ થોભવા કહેવું પડે. અને થોભવાનું તેને હું કહું તો તેનાં માબાપ થોભે નહિ. આજે નિર્ણય થવાનો હતો. કેટકેટલી આશાથી હું ઑફિસમાં ગયો હતો. આજે પગાર વખતે જ ખબર પડવાની હતી. બપોરે લંચ પછી એક ધડાકો થયો. શેઠે મને બોલાવીને કહ્યું, ‘હવે પહેલાં જેવી આવક છે પણ નહિ, અને એટલી આવકની આશા પણ ભવિષ્યમાં રહેતી નથી. હું ચાર માણસને છૂટાં કરું છું. સ્ટાફનો ખર્ચ વધી ગયો છે. હું તમને ૨૫૦ પગાર આપીશ. વિચાર હોય તો કહો, નહિ તો તમારી મરજી. બે વર્ષ પછી પરિસ્થિતિ બદલાય તો વધારું; ત્યાં સુધી તો કંઈ જ નહિ...’ હું ન તો નોકરી છોડી શકું તેમ હતો, ન તો કંઈ બોલી શકું તેમ. મેં સવારે જ સુધાને કહ્યું હતું કે સાડાત્રણસો પગાર થશે તો ટેલિફોન કરીશ. મેં ઑફિસેથી નીકળતાં તેને માહિતી આપી. તે થોભવા તૈયાર નથી. તે અહીં આવવાની પણ નથી. મારી જિંદગી...”

મેં એને દિલાસો આપ્યો, પણ દિલ વગરનો. મેં એને મનાવ્યો, પણ મન વગર. મેં એને સમજાવ્યો, પણ સમજ્યા વગર. આજે તે વહેલો ચાલી ગયો. મને એના માટે દુઃખ થયું. એ ગયો અને હું તેના વિચારમાં બેસી રહ્યો. મેં એક નજર ઓચિંતી રમેશ ઉપર નાખી. અમારી નજર મળી. તેણે મને બોલાવ્યો. હું રમેશની વાત જાણવાની ઇંતેજારીથી કે કોણ જાણે કઈ અજ્ઞાત પ્રેરણાએ ઊભો થયો અને ભાનમાં આવું તે પહેલાં તો મેં જોયું કે હું એમના ટેબલ ઉપર છું અને રમેશ મને ઓળખાણ આપી રહ્યો છે કે “આ લતા, મારી ફિયાંસે. અમે કૉલેજમાં સાથે હતાં. તેણે કહ્યું હતું કે તમારો પગાર અઢીસો થશે ત્યારે હું વિચાર કરીશ. મને તો કોઈ જ આશા નહોતી. મને ૨૦૦ મળતા હતા. બહુ બહુ તો ૧૫–૨૦ વધે તેમ હતું. ત્યાં તો લંચ પછી શેઠે મને બોલાવીને કહ્યું, ‘સ્ટાફમાં માણસ વધુ હોવાથી હું ચાર માણસને છૂટાં કરું છું. તમારે થોડું કામ વધશે, પણ તમને એ માટે આજથી ૧૫ ને બદલે ૫૦ વધારે મળશે.’ મારો પગાર અઢીસો થયો અને લતા...”

મેં લતાને નમસ્તે કર્યા, પણ ત્યારે હું વિચાર એક જ કરતો હતો કે એક વસ્તુ એકને માટે ઘા, બીજાને માટે ઓસડ બની રહે છે. એટલામાં બાજુના ટેબલ ઉપર બે માણસો ચર્ચાની ગરમીમાં જોરજોરથી બોલવા માંડ્યા: ‘હવે રાખ, ઍલોપથી કહે છે કે શરીર ઉપર કૉફી સારી.’ બીજાએ કહ્યું, ‘જા જા હવે, હોમિયોપથી તો કહે છે કે કૉફી પીધી તો દવાની અસર જ નહિ થાય.’

રમેશ અને લતા ચાલ્યાં ગયાં. હું બેસી રહ્યો. હજુ પણ બેસી રહ્યો છું.

ફોટોગ્રાફિક ડેવેલપર (અનુ. પૃ. ૩૭૦થી) સલ્ફાઈટ નખાય છે. આલ્કલી ઉમેરવાની જરૂર નથી.

મેરિટોલ (પૅરાફીનિલીન ડાય અમાઈન પાયરોકૅટેકૉલેટ): પૅરાફીનિલીન ડાય અમાઈન ને કૅટેકૉલના સંયોજનથી બનેલું મૅરીટોલ ડેવેલપર થોડા વખતથી જ્હૉન્સન ઍન્ડ સન્સે ચાલુ કર્યું છે. તે પૅરાફીનિલીન ડાય અમાઈન જેવી ઝેરી અસર કરતું નથી તથા તેના કરતાં પણ ઘણુ સારું કામ આપતું હોવાથી ‘સુપરફાઈન ગ્રેઈન ડેવેલપર્સ’માં વપરાય છે.

એડુરૉલ (ક્લોર હાઈડ્રોક્વિનૉન-૧૮૮૭): તૈયાર મળતાં કેટલાંક ‘ફાઈન ગ્રેઈન’ ડેવેલપરમાં તે આવે છે. હાઇડ્રોક્વિનૉનને તે મળતું છે, પણ ફૉગ ઉત્પન્ન કરતું નથી અને ઓછા ઉષ્ણતામાને પણ કામ આપે છે. પેપર માટેના ડેવેલપરમાં તે હાઇડ્રોક્વિનૉન સાથે વપરાય છે.

પૅરા ઍમિનૅા ફીનોલ: (૧૮૮૮) બહુ ઝડપથી છબિ વિકસાવે છે અને ગરમીમાં પણ છબિને ફૉગ થવા દેતું નથી.

[‘ડેવેલપર’ ચાલુ]



ઇચ્છારામની પછી 'ગુજરાતી'નું સંપાદન તથા તેનું સંચાલન સંભાળનાર, ગુજરાતીના એક આરૂઢ પત્રકાર અને વિરલ મુદ્રણ-નિષ્ણાત:
તેમના બીજા પુત્ર મણિલાલ ઇચ્છારામ દેસાઇ

ઇચ્છારામ સૂ. દેસાઈ (અનુ. પૃ. ૩૪૬થી) દલપતરામના કાવ્યદોહનના બે ભાગો, જે સરકારે છાપી પ્રકટ કર્યાં હતા તે મળતા ન હતા. વળી દલપતરામના કાવ્યદોહનમાં એક ખામી એ હતી કે તેમાં કેળવણી ખાતાની દૃષ્ટિએ શૃંગાર જેવા મનાતા ઘણા ભાગો, તથા પ્રેમાનંદ જેવા કવિનાં નળાખ્યાન, ઓખાહરણ વગેરે કાવ્યોમાંથી કાઢી નાખવામાં આવ્યા હતા. આથી મોટા કવિઓનાં આખાં કાવ્યોની તેમજ પરચૂરણ કવિઓનાં કાવ્યોની લોકોમાં માગણી હતી. આ તક જોઇને એમણે બૃહદ્ કાવ્યદોહનના ૧૦ ભાગ કાઢવાનો સંકલ્પ અમલમાં મૂકવાનો આરંભ કર્યો. આ માળામાં ગ્રન્થના આરંભમાં એકાદ બે જાણીતા કવિનાં ચરિત્રો, મુખ્ય વિભાગમાં આખાં મોટાં કાવ્યો, અને બીજા વિભાગમાં છૂટક કવિઓનાં પદો સાથે દરેક કવિની હયાતીનું વર્ષ તથા કાવ્યોની ટીપ, નિવાસસ્થાન વગેરે કાવ્યારંભે આપવાં, તેમજ છેવટે શબ્દોનો કોશ અર્થસહિત છાપવો એવી પદ્ધતિ રાખી હતી.

૧૮૮૬માં બીજો ગ્રંથ કવિ નર્મદાશંકરની સૂચનાથી ડૉ. જોન્સનના 'રાસેલાસ'નો બહાર પાડયો. તેનું ભાષાંતર ગિરધરલાલ દયાળદાસ કોઠારીએ કર્યું હતું. આ સમગ્ર પ્રવૃત્તિથી 'ગુજરાતી' પ્રેસ અને પત્ર બન્ને સાંગોપાંગ ચાલવા લાગ્યાં અને સન ૧૯૦૪માં, એટલે પ્રેસ સ્થપાયા પછી ૨૦ વરસે, તેઓ દેવાથી મુક્ત થયા.

'આર્ય જ્ઞાનવર્ધક'માં 'યમસ્મૃતિ' નામનો નાનો ગ્રન્થ ભાષાંતર સહિત છપાવ્યો અને તેની છૂટી નકલ પાછી છપાવી. આ ગ્રન્થથી સંસ્કૃત ઉપરથી ગુજરાતીમાં ભાષાંતર કરવાનો આરંભ થયો.

૧૮૮૯માં મહાકવિ ક્ષેમેન્દ્રનું ૧૦૧ શ્લોકવાળું 'ચારૂચર્યા' પ્રકટ કરી બાળસાહિત્યનો પાયો નાંખ્યો; અને લોકકથામાં અંગ્રેજી ઉપરથી 'અરેબિયન નાઈટ્સ' તથા સંસ્કૃતમાંથી ભટ્ટ સોમદેવનું કથાસરિત્સાગર છુટા ભાગોમાં છપાવી બહાર પાડયાં. આ જ વર્ષમાં 'રાજભક્તિ વિડંબણ' એ નામનું એકાંકી ભાણ (નાટક) પણ છપાવ્યું.

૧૮૭૨માં પ્રેમાનંદનું પદબંધ ભાગવત છાપવાની કરેલી જાહેર ખબર કરવા તેમણે ૧૮૮૬થી જેની તૈયારી કરવા માંડેલી તે ભાગવત આ જ વર્ષે ૧૮૮૯માં પ્રકટ કર્યું, જે ઘણું જ લોકપ્રિય થયું. આ ગ્રન્થ પહેલી વાર જ સંશોધન થઈ બહાર પડયો.

૧૮૯૦માં 'વિદુરનીતિ' અને 'કામંદકીય નીતિસાર' રાજનીતિના ગ્રન્થો ભાષાંતરો કરી બહાર પાડયા. તેમાં વિદુરનીતિ બહુ જ લોકપ્રિય થઈ. ઇચ્છારામના આશ્રય નીચે ઘણાં માણસોએ કામ કર્યું છે. તેમાં સ્વ. શાસ્ત્રી પ્રાણજીવન હરિહરનું નામ મુખ્ય લેવું જોઇએ. એમણે સંસ્કૃત ગ્રન્થોના અનુવાદ ઉપરાંત 'ગુજરાતી' પત્રના અને પ્રેસના કામમાં પણ સારી મદદ કરી ધાર્મિક વૃત્તાંતો અને ચર્ચા મોટે ભાગે તેઓ કરતા અને લખતા. એમણે બેત્રણ ઐતિહાસિક વાર્તાઓ પણ 'ગુજરાતી'ની ભેટ તરીકે બંગાળી કે હિન્દી ઉપરથી અનુવાદ કરીને લખી છે. ઇચ્છારામ શેઠને તે ગુજરાતી ભાષાના શિક્ષક ગણતા, અને પોતાને તેમના સંસ્કૃત ભાષાના શિક્ષક ગણતા. 'ગુજરાતી'માં છપાતા દરેક લખાણની શુદ્ધિ માટે તેઓ ઘણી કાળજી રાખતા અને તેના પરિણામે જ ગુજરાતી પ્રેસનાં પુસ્તકોની શુદ્ધિ છે.

ઈ. ૧૮૯૧માં (સં. ૧૯૪૭માં) ઘણા ગુજરાતી હિંદુઓએ ઇચ્છારામને કહ્યું કે, જ્યોતિષનો વિષય આર્યલોકોનો ખાસ છે. તેને આધારે ધર્માદિ કૃત્યો અને તહેવારો પળાય છે. તે માટે શુદ્ધ પંચાંગની ખાસ જરૂર છે. પારસી લોકો કાઢે છે તે ઘણાં અશુદ્ધ છે, માટે તમે તેવું શુદ્ધ પંચાંગ કાઢો તો સારું. ઇચ્છારામે આ પરથી વડોદરે પોતાના મિત્ર છગનલાલ ઠા. મોદીને લખ્યું, અને તેમણે ગાયકવાડ સરકારના રાજજોષી પંડિત અમૃતરામને જ્યોતિષ સંબંધી કામ સોંપ્યું. વ્રતાદિ ઉત્સવોના નિર્ણયનું કામ પંડિત શ્રી પ્રજ્ઞાચક્ષુ ગટ્ટુલાલજીએ સ્વીકાર્યું અને સં. ૧૯૪૮નું પ્રથમ શુદ્ધ ગુજરાતી કાર્તિકી પંચાંગ બહાર પડયું, જે અદ્યાપિ પર્યંત ચાલુ છે. ચાર વર્ષ રહીને તેમાં પ્રતિ વર્ષ એકાદ સચિત્ર વ્રતાખ્યાન આપવાનો નિયમ દાખલ કર્યો અને પંચાંગ દિનપ્રતિદિન લોકપ્રિય થઈ પડયું. ઇચ્છારામે જ્યોતિષશાસ્ત્રમાં એક નવી દિશા ઉઘાડી.

આમ ૧૮૮૫થી ૧૮૯૧ સુધીમાં ઇચ્છારામે પુષ્કળ પ્રવૃત્તિ સાહિત્ય વિભાગ કેળવવામાં કરી, તેથી માથે ઘણું દેવું ચડી ગયું, એટલે પછીનાં વર્ષોમાં તે પ્રવૃત્તિ મોળી પડી અને બહારના કામ ઉપર આધાર રાખીને ગાડું ગબડાવ્યું. ૧૮૮૯માં લખેલા એક પત્ર ઉપરથી જણાય છે કે તેમણે ચન્દ્રકાંત ભાગ ૧લો તે સમયે લખવા માંડેલો ને ૧૮૯૧માં બહાર પાડયો. આ ગ્રંથ છાપ્યો ત્યારે આર્થિક સ્થિતિ સારી ન હતી. તેની માત્ર ૫૦૦ નકલ છપાવી હતી. તે બહાર પાડયો ત્યારે સ્વપ્ને પણ ખયાલ નહોતો કે આ ગ્રંથ તેમનું નામ ચિરંજીવ રાખનારો થશે. બીજો ભાગ ૧૯૦૧માં અને ત્રીજો ૧૯૦૮માં બહાર પડયો અને તેની ઘણી આવૃત્તિઓ થઈ. તે પછી તેનાં મરાઠી અને હિંદી ભાષાંતરો પણ તેટલાં જ લોકપ્રિય થઈ પડયાં છે. ચન્દ્રકાંતમાં વેદાંત જેવો વિષય દાખલાદલીલથી સમજાવેલો છે અને ગીતાના કર્મયોગ ને શંકરાચાર્યના જ્ઞાનયોગનો અપૂર્વ મેળાપ કરાએલો છે.

આ ગ્રંથના કર્તૃત્વ વિરુદ્ધ કેટલાક ગૃહસ્થોએ શંકા ઊભી કરી એવો બુટ્ટો ઉઠાવ્યો હતો કે ઇચ્છારામને કંઈ લખતાંવાંચતાં આવડતું નહોતું, પણ અઢળક પૈસાપાત્ર હોવાથી ગરીબ લેખકો પાસે સાહિત્યનાં પુસ્તકો લખાવી લઇ, પોતે તેના કર્તા થઈ, છાપી પ્રકટ કરતા હતા. આ



ગુજરાતી ટાઇપ ફાઉન્ડરી સ્થાપવામાં ઇચ્છારામના એક સાથી અને ભાગીદાર કાલિદાસ પૂંજીરામ પારેખ

માન્યતા કેટલી ખોટી છે તે જેમને સ્વ. ઇચ્છારામનો અંગત પરિચય છે તેઓ સારી રીતે જાણે છે. વસ્તુતઃ ઇચ્છારામને બાપદાદાનો કોઈ વારસો મળ્યો નહોતો. ૧૮૭૨થી ૧૮૮૦ સુધીની તેમની સ્થિતિ ઘણી કંગાલ હતી. સસરા તરફથી મળતા પૈસા ઉપર પણ જીવન ન નિભાય તો સારું એવો ટેક રાખતા. જ્યારે મગનલાલ મોદી ૧૮૮૦માં તેમને મુંબાઈ ઊપાડી લાવ્યા ત્યારે તેમની પાસે એક રાતી પાઈ પણ નહોતી; માત્ર સસરાનું આપેલું લાખથી ભરેલું એક સોનાનું હાથકડું હતું. તે મુંબાઈમાં વેચ્યું ત્યારે રૂ. ૬૫) તેના મળ્યા હતા, ને એ રકમથી તેમનો ઘરસંસાર શરૂ થયો. સર મગળદાસની નોકરીમાં માત્ર પેટ ભરવા જેટલો પગાર મળતો. છતાં હિંમત રાખીને જીવનની લડત લડયા ગયા, અને પરમેશ્વરે તેમને યારી આપી. ૧૮૮૪માં 'ગુજરાતી' પ્રેસ કાઢયું, ૧૮૮૯માં 'ગુજરાતી' પત્રમાં અંગ્રેજી કૉલમ ખોલીને ખર્ચ અને આકર્ષણ વધાર્યાં, પણ તેથી દિનમાન ચડયો નહિ. તે વખતના તેમના પત્રો જોતાં આપણને માન અને અનુકંપા થાય. દસ હજારનું તો દેવું ચડી ગયું હતું. તેમની માનસિક પરિસ્થિતિનું જે ચિત્ર, તેમના પત્રો અને નોંધપોથીઓમાં છે તેનો એક ઉતારો આપવાની લાલચ અટકાવી શકતો નથી. પોતાના મિત્ર રા. છગનલાલ મોદી ઉપર ૧૮૮૮ની ૧૫મી માર્ચે એક પત્રમાં લખે છે કે 'આજે લગભગ સવા મહિનો થયાં, મારી તબિયત ઘણી નઠારી ચાલે છે. મન સદોદિત પીડિત જોવામાં આવે છે. વખતે એમ જ થઈ આવે છે કે ઝેર ખાઉં, કૂવે પડું કે નાસી જાઉં. કોઈ વખતે એવો તરંગ થઈ આવે છે કે પ્રેસની દુગ્ધા છોડી દઉં ને પાછો સુરત જાઉં. કોઈ નાણાં ધીરે અને આઠ આના વ્યાજે આપે તો ઘણું સારું. હમણાં પ્રેસનું કામકાજ ખુદાના નામ પર ચાલે છે. તે જ્યાં સુધી યારી આપે ત્યાં સુધી ઠીક, નહિ તો ઢબુઢાંકણા વગેરે.

૧૮૮૮થી ૧૮૯૧ સુધીનું જીવન બહુ કટોકટીમાં ગયું. ૧૮૮૯માં તો 'ગુજરાતી' પ્રેસ, પેપર, માલ અને ગુડવિલ સહિત રૂ. ૧૫૦૦૦)માં વેચી નાખવાને પણ તૈયાર થયા હતા. પણ ધૈર્ય રાખ્યું અને તેનું ફળ ઈશ્વરે આપ્યું. આવી વિપત્તિ વખતે તેમના મિત્ર મગનલાલ અથવા રાજારામ ગોવિંદરામ સહાય કરતા. માનસિક શાંતિ મેળવવાને તેઓ ગુરુ કરેલા પંડિત ગટ્ટુલાલજી પાસે જઈ બેસતા.

આ જ સંકટના સમયે પરમેશ્વરે તેઓની એક ભારે કસોટી કરી. તેઓના મિત્ર શાસ્ત્રી શ્યામજી, જેમણે 'કથાસરિત્સાગર' વગેરેનાં ભાષાંતરો કરવામાં સહાય કરી હતી, તેઓ કેટલીક પ્રૉમિસરી નોટો ઇચ્છારામને નામે ચડાવી જાત્રાએ ગયા. તેઓનો દેહ યાત્રામાં જ છૂટી ગયો! શાસ્ત્રીજીના મરણ પછી તેમનાં પત્ની પણ ગુજરી ગયાં. તેઓનાં મરણ બાદ તેઓના સાસરાનાં અને કુટુંબનાં સગાંવહાલાં તેમની મિલ્કત શોધવા નીકળ્યાં. ઇચ્છારામે આ બધામાં જોઈ લીધું કે ખરો હક્કદાર કોણ છે. આ જ વખતે તેઓ પોતે પણ રૂપિયાની તાણ માટે ભારે મૂંઝવણમાં હતા. જો તેઓ શાસ્ત્રીજીની રકમ કોઇને ન આપે તો આ પૃથ્વી પર તો કોઈ પૂછનાર નહોતું. એક તરફથી તંગ આર્થિક સ્થિતિ બીજી બાજુ અંતઃકરણનો અધિષ્ઠાતા. પણ તેમનું અંતઃકરણ સત્યને માર્ગે જ વળ્યું અને એક સવારે મરનાર શાસ્ત્રીજીના ભત્રીજાને પોતાને ઘેર બોલાવી તેના હાથમાં શાસ્ત્રીજીની મિલ્કત મૂકી ઋણમુક્ત થયા. ભત્રીજો તો આ શુદ્ધ દ્યાનત જોઇને હર્ષઘેલો અને દિગ્મૂઢ થઇ ગયો. કારણકે તેઓ સર્વ તો એ માની જ બેઠા હતા કે શાસ્ત્રીજી કંઈ પણ મૂકી ગયા નથી. આ બનાવ પછી ઇચ્છારામનો દહાડો ચઢયો.

આ પછી સ્વ. નારાયણ હેમચંદ્રની સૂચના પ્રમાણે લૅમ્બની શેકસપીઅરની નાટચકથા જેવી સંસ્કૃત નાટચકથાઓ, બાળ સાહિત્ય તરીકે પ્રકટ કરવાની યોજના ઘડાઈ અને તેમાં 'શકુન્તલાની કથા', 'વિક્રમોર્વશીય' વગેરે બહાર પાડયાં. આ દિશામાં પણ 'પાયોનિયર' થવાનું માન ઇચ્છારામને ઘટે છે. ૧૮૯૫માં ગુજરાતી પ્રજાને ઇતિહાસના ગ્રન્થો આપવાના વિચારે 'રૂલર્સ ઑવ ઇન્ડિયા સીરીઝ'નું ભાષાંતર કરાવવાનો નિશ્ચય થયો અને તે કામ ગુજરાતના જુદાજુદા વિદ્વાનોને સોંપાયું. તેમાં 'હૈદરઅલી અને ટીપુ સુલતાન' વગેરે બહાર પાડયાં; પણ અનુભવે જણાયું કે,ગુજરાતી પ્રજામાં કેવળ ઇતિહાસનાં પુસ્તકોની માંગ થતી નથી તેથી આ માળાનું કામ બંધ પાડયું.

૧૮૯૯માં મરકીના કરાળ કેર પછી ઇચ્છારામની મનોવૃત્તિ વેદાંત તરફ વિશેષ વળતી ચાલી. આ વર્ષોમાં 'ગુજરાતી'ની ઘરાકીમાં ઘણો ઘટાડો થયો. વહેંચનારા માણસો મળ્યા નહિ તેથી પોતે જાતે એક વાર વહેંચવા નીકળ્યા અને આટલી ઉંમરે પણ 'ન્યુસ પેપર બૉય'નું કામ કરતાં શરમાયા નહિ.

સુરતમાં 'દેશી મિત્ર' છાપખાના સાથે સંબંધ જોડાયો ત્યાં ટાઇપોની જાત, તેની ખોડ-ખાંપણો વગેરે જોવાની તક મળી હતી. ત્યારથી જ તેમને દેશી-મુદ્રણકળામાં સુધારા કરવાનો વિચાર સ્ફુર્યો હતો. 'ગુજરાતી' પ્રેસ કાઢયા પછી તેમને ગુજરાતી ટાઇપોની બનાવટમાં ઘણી ખામીઓ દેખાઇ. કોઈ પણ બે ટાઈપ ફાઉન્ડરીના ટાઇપો એકબીજા સાથે બંધબેસતા આવે નહિ. કંપોઝ હાથમાં લીધા પછી પડતી અમુક અક્ષરોની ખૂટ પૂરી પાડવા માટે ટાઈપ ફાઉન્ડરીવાળાઓ ઘણી બૂમો પડાવતા અને ભાવ વધારે લેતા. ટાઇપની ધાતુ પણ ઘણી હલકી અને પોચી હોવાથી ઝટ ઘસાઇ જતા તથા ટાઈપની મુખાકૃતિઓ પણ સારી નહોતી. આ વગેરે ખામીઓ સંબંધે વાતચીત અને વિચારવિનિમય તેમના દ્વિતીય પુત્ર મણિલાલ સાથે તેઓ ઘણી વાર કરતા. તેથી મણિલાલે અમેરિકન તથા ઇંગ્લૅન્ડની ટાઈપ બનાવનારી પેઢીઓની ચોપડીઓનો અભ્યાસ કર્યો, અને પિતાને સ્વતંત્ર 'ટાઇપ ફાઉન્ડરી' કાઢવાની સલાહ આપી.

આ સમયે કીકાભાઈ હરિવલ્લભદાસ ટાઈપ ફાઉન્ડર્સના ટાઇપો પ્રેસમાં વપરાતા અને તેના ઑર્ડર અને નાણાં લેવા તેના મુનીમ સ્વ. કાલિદાસ પૂજીરામ આવતા જતા. તેમણે ઇચ્છારામ તથા મણિલાલનો વિચાર જાણી સ્વતંત્ર ટાઈપ ફાઉન્ડરીની વાતને ઉત્તેજન આપ્યું.

છેવટે હાલ જ્યાં 'ગુજરાતી ટાઈપ ફાઉન્ડરી'નું કારખાનાનું છાપરું છે ત્યાં ગિરગામ ગાયવાડામાં કાલિદાસ ને ઇચ્છારામે (અનુ. પૃ. ૩૭૯મે)

મારું જીવન (અનુસંધાન પૃષ્ઠ ૩૫૦થી ચાલુ) પણ મને છેલ્લે છેલ્લે એમના તરફ નફરત થવા માંડી છે. તારી બહેન તો મુદ્દલ મળતાવડી નથી. શ્રીમતી બ્લાગોવો કોઈ કારણે મને તિરસ્કારતી થઇ છે. નાટકચેટકનો મને મોહ નથી. તો પછી બીજે જવું કયાં?'

એને મળવા જતી વખતે મારા હાથ પર રંગના ડાઘા દેખાતા અને રંગ તથા ટર્પેન્ટાઈનની વાસ મારા શરીર પરથી આવ્યા કરતી, પણ તેને એ ગમતું. તેના દીવાનખાનામાં આવા કપડે બેસતાં મને સંકોચ થતો, એટલે હું ઘણુંખરું કપડાં બદલાવીને જવા લાગ્યો. પણ તે એને ગમતું નહિ. એ કહેતી, 'તેં પસંદ કરેલું આ કામ–રંગવાનું–તને ગમતું નથી ખરું ને? રંગ વસ્તુઓને સુંદર અને લાંબો સમય ચાલે એવી બનાવે છે એ ખરું, પણ એવી વસ્તુઓ ધનિકોને ત્યાં જ રહેતી હોઈ ને એ બધી વિલાસની જ સામગ્રી ગણાય. વળી તું કહેતો હતો કે દરેક જણે પોતાની રોટી જાતમજૂરી કરીને મેળવવી જોઈએ, છતાં તું તો રોટીને બદલે પૈસા જ મેળવે છે. એને બદલે ખેતીવાડી અથવા તો એના સાથે સંબંધ ધરાવતું કોઈ કામ કરે તો કેવું?'

એ પછીનું આખું અઠવાડિયું હું એને ત્યાં ન ગયો, પણ રોજ એની મુલાકાતના જ ખયાલો મને આવ્યા કરતા. એનો અવાજ, એનું સ્મિત, એના હાવભાવ મારી નજર સામે રમ્યા કરતા. રસ્તે દૂરથી પણ કોઇ સ્ત્રીને જોતો કે લાગલો મારિયા સાથે તેની સરખામણીમાં ઊતરી પડતો. મારિયા વિક્ટોરોવના મને સૌમાં શ્રેષ્ઠ લાગતી. અમારા બંનેના એકબીજાના સાન્નિધ્યનાં રાતે મને સ્વપ્ન આવતાં.

એક સાંજે બરફ પડતો હતો અને જાણે શિયાળો બેસી ચૂકયો હોય એમ ઓતરાદો પવન ફૂંકાતો હતો ત્યારે કામેથી પાછા વળતાં મારિયાને મેં મારી ખોલીમાં બેઠેલી જોઈ.

'હમણાંનો કેમ મળવા નથી આવતો?' મારા ચહેરા સામે તાકતી એ બોલી. આંખો પરથી મારી મૂંઝવણ એ કળી ગઇ હોય એમ લાગતું હતું. 'કેમ હમણાં દેખાતો નથી?' એણે ફરી પૂછ્યું અને પછી ઉમેર્યું: 'તેં આવવાનું મન ન કર્યું તો હું અહીં આવી.'

અને પછી ઊભી થઇ મારી નજીક આવતાં આંખમાં આંસુ સાથે એ બોલી: 'મને તજીશ નહિ; હું એકલી છું—તદ્દન એકલી જ.' એટલું કહેતાંમાં તો એ બે હાથમાં મોં સંતાડી જોરથી રડી પડી અને બોલી: 'એકલી! મારી જિંદગી કપરી—ખૂબ કપરી છે અને આ દુનિયામાં તારા સિવાય મારું કોઈ નથી. . .મને તજી જઇશ નહિ.'

ત્યાર બાદ આંસુ લૂછતાં એણે સ્મિત કર્યું. થોડી વાર અમે શાંત રહ્યાં અને પછી મારા હાથ એને વીંટાળી લઇ મેં એને ચૂમી—એની હૅટ-પિનથી મારો ગાલ ઉઝરડાઇને અંદરથી લોહી ટપક્યું ત્યાં સુધી!

અને અમે એકબીજાની સાથે એવી રીતે વાતચીત કરવા માંડી કે જાણે યુગોના યુગોની અમારી ઓળખાણ ન હોય!

મારિયા ને હું દુબેરન્યા ઊપડયાં. ત્યાં એની જમીન પરની ખેતી પર અમે ધ્યાન આપતાં. મને અકળામણ થતી કે લોકો અમારા બંનેના પ્રેમ વિષે જાણશે તો શું કહેશે? મને સૌથી વધુ અકળામણ તો એ વાતની થતી કે મારી જિંદગી વધુ ને વધુ જટિલ બનતી જતી હતી અને તેને યથાસ્થિત કરવાની મારી બધી જ શક્તિ મેં ગુમાવી દીધી હતી. બલૂનની માફક એ મને વહી જતી હતી—પ્રભુ જાણે કયાં!

સંત ટૉમસ સપ્તાહ પછી થોડા જ સમયમાં દુબેરન્યાથી બે માઈલ દૂર આવેલા કુરીલૉવ્કા ગામના દેવળમાં અમે પરણી ગયાં. લગ્ન વખતે મારી બહેનને મેં ખાસ બોલાવેલી. એ તો અમારા સુખ પર હર્ષઘેલી બની ગઈ. જતાં પહેલાં મને એકાંતમાં એણે કહ્યું, 'બાપાને તેં આ વાતની મુદ્દલ જાણ કરેલી ન હોઇને એમને માઠું લાગ્યું છે ખરું, પરંતુ હકીકતમાં તો આ લગ્નથી એમને ખૂબ આનંદ થયો છે. એ કહે છે કે આ લગ્નથી સમાજની નજરે તારો દરજ્જો ઊંચો આવશે અને મારિયાની અસરથી તું જિંદગીને વધુ ગંભીર નજરે જોતો થઈશ. હમણાં હમણાં તો રોજ સાંજે અમે તારી જ વાતો કરતાં હોઇએ છીએ ને કાલે તો એમણે 'આપણો મિસાઈલ' એવા શબ્દ તારે માટે ખરેખર વાપરેલા! એકબે દિવસમાં તેઓ જાતે જ તને મળવા આવે તો નવાઇ નહિ.'

અને મારા બાપા જ્યારે મળવા આવ્યા ત્યારે મારિયાએ એમને મળવાની ના પાડી દીધી! મને તો એણે વાત કરી ત્યારે જ ખબર પડી! મારા લગ્ન પછી હું પહેલી જ વાર એકાએક ખિન્ન બની ગયો અને ઊંડેઊંડે એવો વિચાર ઘોળાવા માંડચો કે મારી ધારણા મુજબનું જીવન હું કદાચ નહોતો જીવી રહ્યો.

ડૉ. બ્લાગોવો એની બાઇસિકલ પર અહીં આવવા માંડચો એટલે મારી બહેને પણ આવવું શરૂ કર્યું. ફરી પાછી શારીરિક શ્રમ, પ્રગતિ, માનવજાત માટે દૂરદૂરના ભાવિમાં રાહ જોઈ રહેલું સુખનું અકળ સામ્રાજ્ય વગેરેની વાતો ચાલુ થઇ. ડૉકટરને અમારું ખેતીકામ પસંદ નહોતું. તેના કહેવા પ્રમાણે વાવણી, લણણી, ઢોરચરામણી વગેરે કામો 'મુક્ત માનવી'ને છાજે એવાં નહોતાં, અને જીવનસંઘર્ષનું આવું બધું કામ ભવિષ્યમાં યંત્રો ને પશુઓ મારફત જ કરાવવામાં આવશે, જ્યારે મનુષ્યો કેવળ વૈજ્ઞાનિક સંશોધનકાર્યમાં જ પ્રવૃત્ત રહેશે.

પાખીના દિવસે હું ઘેર રહેતો ત્યારે મારી બહેન અને મારી પત્ની મારાથી કંઈ છુપાવતાં હોય એટલું જ નહિ, પરંતુ મારાથી દૂર રહેવા પ્રયત્ન કરતાં હોય એવું મને લાગતું. મારી પત્નીનો ભાવ મારા પ્રત્યે પહેલાંના જેટલો જ કોમળ રહેલો, પરંતુ એને એના પોતાના યે ખયાલો હતા, જે તે મારી પાસે વ્યક્ત ન કરતી. ખેડૂતો સાથેની લમણાંઝીકથી એનો કંટાળો વધતો જતો હતો, જિંદગી એને વધુ ને વધુ નીરસ લાગવા માંડી હતી, અને છતાં મારી સમક્ષ તેની કશી ફરિયાદ એણે નહોતી કરી. તે મારા કરતાં દાકતરની સાથે વાત કરવા હવે વધુ તત્પર રહેતી, જેનું કારણ મારાથી સમજાતું નહોતું.

માત્ર અમારા નહિ પણ આજુબાજુના યે ખેડૂતો અમને હેરાન કરતા. ખોટીખોટી તકરારો ઊભી કરતા. મારી પત્નીએ એમનાં બાળકોને માટે એક શાળા ખોલવાનું નક્કી કરેલું, તે બદલ પણ આથી એ ખેદ અનુભવતી. દાક્તરે એને સમજાવવાનો પ્રયત્ન કરતાં કહ્યું, 'તમે શાળા ખોલશો તે માત્ર ખેડૂતો ખાતર નહિ પરંતુ સંસ્કાર અર્થે, ભવિષ્ય અર્થે. અને ખેડૂતો જેમ વધુ ખરાબ તેમ શાળા ખોલવી વધુ જરૂરી, સમજ્યાં?' પરંતુ એના કથનમાં એના હૃદયની પ્રતીતિનો પડઘો ન હતો. મને થયું કે (મારી પત્ની અને એ) બંને ખેડુવર્ગને અંદરખાનેથી તો ધિક્કારતાં.

મારી બહેન પણ મારાથી કાળજીપૂર્વક છૂપું રાખવામાં આવતું એનું પોતાનું જીવન ગુજારતી. મને એકલા મળતાં એને થતા સંકોચ પરથી મને લાગતું કે એના દિલમાં એવું કંઈક ચાલી રહ્યું છે, જે એને ભયભીત કે લજ્જિત બનાવી રહ્યું હોય.

એક સાંજે એને સફરજનના ઝાડ નીચે એકલી ઊભેલી જોઈ હું ત્યાં પહોંચ્યો. મારી માતાની અને અમારા નાનપણની સ્મૃતિ એકાએક મારા મનમાં જાગી ઊઠી અને અશ્રુપૂર્ણ નયને એને ખભે હાથ મૂકી મેં એને ચુંબન કર્યું. 'શી બીના છે?' મેં એને પૂછી જોયું: 'છેલ્લા કેટલા યે વખતથી તું દુ:ખી જણાય છે. કંઈ બન્યું છે એવું?'

'હું ભયભીત બની ગઈ છું.' તેણે સકંપ જણાવ્યું.

'ભય શાનો? પ્રભુને ખાતર તું ખુલાસાથી વાત કર.'

'હું ખુલાસાથી જ વાત કરીશ. તને બધુંજ કહી સંભળાવીશ. તારાથી કશું પણ છુપાવવું એટલું બધું તો મુશ્કેલ ને દુ:ખકારક છે! મિસાઈલ

હું ચાહું છું...'અવાજને મંદ બનાવતી એ બોલી, 'હું એને ચાહું છું... એને ચાહું છું...હું એથી સુખ અનુભવું છું, પણ મારાથી આટલા ભયભીત કેમ બની જવાય છે?'

ત્યાં તો કશોક પગરવ સંભળાયો અને વૃક્ષો પાછળથી રેશમી ખમીસ અને ઊંચા ટૉપ-બૂટમાં ડૉ. બ્લાગોવો પાધરો થયો. આ સ્થળે એ બંનેએ પોતાની મુલાકાત ગોઠવી હશે એ સ્પષ્ટ હતું. તેને જોતાં જ એ આવેગવશ બની દર્દભરી ચીસ સાથે તેના તરફ ધસી ગઇ, કેમ જાણે એની પાસેથી તેને કોઇ ખૂંચવી લઈ જતું ન હોય?

'વ્લાદીમીર! વ્લાદીમીર!' કહેતી તેને બાઝી પડીને એકીમિત્રે તેનો ચહેરો એ નીરખતી રહી. એ છેલ્લેછેલ્લે કેવી સુકાએલી અને ફિક્કી બની હતી એ તરફ ત્યારે જ મારું ધ્યાન ગયું.

દાક્તરને સહેજ ક્ષોભ તો થયો, પરંતુ પછી એના વાળને ટપારતો તે બોલ્યો, 'આટલા બેબાકળા બનવાનું શું કારણ? હું તો અહીં જ છું.'

અમે મૂંઝવણમાં પડી જઈ એકબીજા સામે તાકતાં ખામોશ ઊભાં રહ્યાં અને પછી પાછાં ફર્યા. હવે દાક્તર બોલ્યો, 'આપણામાં સંસ્કારી જીવનની શરૂઆત હજી નથી થઈ. ઘરડાઓ તો "આજે કશું નથી, પણ પહેલાંના જમાનામાં બધું જ હતું" એવી માન્યતાથી પોતાનું મન મનાવી લે છે, પરંતુ તું ને હું તો જુવાન હોઇ એવી ભ્રાન્તિ વડે આશ્વાસન મેળવી શકીએ તેમ નથી. રશિયાનો પ્રારંભ ઈ. ૮૬૨માં થયો, પરંતુ સંસ્કારી રશિયાનો પ્રારંભ હજુ થવા પામ્યો નથી.'

મને તો એના આ કથનનો મર્મ સમજાયો પણ નહિ. મારી બહેન, મૂંઝાએલી, બીધેલી, કચડાએલી, જકડાએલી છોકરી એવા એક આદમીના પ્રેમમાં પડી હતી જે પરણેલો ને સ-સંતાન હતો. હું ગ્લાનિ અનુભવી રહ્યો, પણ શા માટે તે હું ચોક્કસપણે નહોતો જાણતો. દાક્તરની હાજરી કોઇ કારણે મને હવે અળખામણી થઇ પડી હતી, અને તે બંનેના પ્રેમનો શો નતીજો આવશે તે હું કલ્પી શકતો નહોતો.

ઉનાળો વીતતાં માશા (મારી પત્ની) અને હું કુરીલોવ્કા મુકામે અમારી બંધાવેલી શાળા ખુલ્લી મૂકવા ઊપડયાં. રસ્તામાં એણે મને કહ્યું: 'ઉનાળો ગયો, હવે આપણે આપણા કામનું સરવૈયું કાઢી શકીએ તેમ છીએ. આપણે ખૂબ કામ કર્યું. ચિંતન પણ ખૂબ કર્યું. આપણે આપણી જાતને સુધારવામાં સફળ નીવડયાં છીએ. પરંતુ આપણી સફળતાએ આપણી આસપાસના જીવન પર કશી પ્રત્યક્ષ અસર પાડી છે ખરી? કોઇને એથી કશો લાભ થયો છે ખરો? નહિ. અજ્ઞાન, અસ્વચ્છતા, નશાખોરી, બાળમૃત્યુનું ભયાવહ પ્રમાણ, બધું જેમ હતું તેમનું તેમ રહ્યું છે. તેં ખેતર ખેડયું ને વાવ્યું, અને મેં પૈસા વાવર્યા ને ચોપડીઓ વાંચી. એથી કોઈનો દિ' ઊઘડયો નથી. દેખીતું જ છે કે આપણે માત્ર આપણી જાત માટે જ કામ કરતાં રહ્યાં હતાં અને પ્રગતિશીલ વિચારો પણ માત્ર આપણી જાત પૂરતા જ હતા.'

આ જાતની વિચારણાએ મને મૂંઝવી નાખ્યો અને મારે શું વિચારવું તે જ હું નક્કી ન કરી શકયો. મેં કહ્યું, 'આપણે આદિથી અંત સુધી આપણી નિષ્ઠા જાળવી રાખેલી, ને જે સંનિષ્ઠ છે તે સાચો જ છે.'

'એની કોણ ના પાડે છે? આપણે સાચાં જ હતાં, પરંતુ આપણે જેમાં સાચાં હતાં તે ઉચિતપણે સાધવામાં આપણે સફળ નથી થયાં.'

કુરીલોવ્કા પહોંચતાં સુધી અમારી આ વાતચીત ચાલુ રહી. એ સાંજે તે શહેરમાં જવા ઊપડી. છેલ્લે છેલ્લે તે શહેરમાં વારંવાર જતી અને રાત ત્યાં જ રોકાઈ રહેતી. એની ગેરહાજરીમાં હું સાવ નિશ્ચેતન જેવો બની જતો અને કશું કામ કરી ન શકતો. હું ખેતીકામમાં પડયો હોઉં તો કેવળ એ જ કારણે કે એ તેવું ઇચ્છતી હતી. મને તે ઊંડા કૂવામાં ઊતરીને તે ગાળવાનું કહેત તો હું કશો પ્રશ્ન કર્યા વિના કેડસમાણાં પાણીમાં ઊભો રહી તે પણ કરત. ચાહવું અને ચહાવું એમાં કેટલું અઢળક સુખ રહેલું છે, અને એના ઉચ્ચ શૃંગેથી પોતે નીચે લપસતા હોવાની લાગણી કેટલી ભયાવહ છે!

બીજે દિવસે સાંજે એ પાછી આવી ત્યારે કશાક પર ચિડાએલી હોય એવું લાગતું હતું. પરંતુ એણે એ બીના છુપાવી રાખીને બધી બારીઓ બંધ હોવાથી ગૂંગળામણ થતી હોવાનું જણાવ્યું. મેં બે બારીઓ ઉઘાડી નાખી. અમને ભૂખ નહોતી છતાં અમે જમવા બેઠાં. 'જા તારા હાથ ધોઇ આવ;' મારી પત્નીએ કહ્યું, 'વાસ મારે છે!'

શહેરમાંથી એ કેટલાંક સચિત્ર સામયિકો લાવી હતી જે અમે ખાઇ લીધા પછી જોવા બેઠાં. એ પથારીમાં પડયા પછી પણ હું એ જોતો અને વચ્ચે વચ્ચે એમાંથી કંઇ વાંચી સંભળાવતો બેઠો રહ્યો. એક સામયિકમાંની ફૅશન-પ્લેટ પર ઠરેલી તેની નજર મને યાદ આવી. હું એને ઉઘાડે ખભે બૉલમાં નાચતી કલ્પી રહ્યો. સાહિત્ય સંગીત અને કલામાં એનું નૈપુણ્ય જોતાં હું પોતે તો મુકાબલે કેટલો નજીવો અને કેટલો ઠૂંઠો લાગતો! દુનિયામાં જે કંઈ શ્રેષ્ઠ ગણાય તે એની તહેનાતમાં મોજૂદ હતું. હું તો એને એક પ્રમોદસ્થાનેથી બીજે સ્થાને વહી જનારો માત્ર સ્લેજ–ડ્રાઈવર હતો! હવે એને મારી જરૂર નહોતી રહી. એ ઊડી નીકળતી અને હું એકલો રહી જતો.

સવારે એ પાછી ચાલી ગઈ. દુબેચ્ન્યામાં મેં બીજા ત્રણ દિવસ એની રાહમાં ગાળ્યા અને પછી સઘળો સામાન એક ઓરડામાં ભરી મકાનને તાળું મારી હું શહેર ભણી ચાલી નીકળ્યો. આઝોગિનને ત્યાં ચાલતી એ રીહર્સલમાં હોવાની ભાળ મેળવી હું ત્યાં ગયો. જોયું તો ગરદનના ભાગને વધુ ખુલ્લો રાખતા પોશાકમાં તે પિયાનો પર–

'તેજોમયી કયમ ગમે રજની મને આ' એ ગીત ગાઇ રહીહતી. અમારા સમગ્ર પરિચયમાં મેં એને ગાતી સાંભળી હોય તો આ પહેલી જવાર.

'તું અહીં?' મને ત્યાં જોઇને મારા તરફ હાથ લંબાવતી તે બોલી, 'મારું ગીત સાંભળ્યું? કેવું લાગ્યું?' અને મારા જવાબની રાહ જોયા વિના જ આગળ ચલાવ્યે રાખ્યું; 'બહુ સારું થયું, તું અહીં આવ્યો તે. પણ હું થોડા દિ' માટે આજ રાતે પીટર્સબર્ગ જાઉં છું. વાંધો નથીને?'

મધરાતે હું તેની સાથે સ્ટેશન પર ગયો. એ મને પ્રેમપૂર્વક ભેટી, કદાચ મેં એને બિનજરૂરી પ્રશ્નો ન પૂછયા હોવાની કૃતજ્ઞતાપૂર્વક! એણે મને ત્યાંથી કાગળ લખવાનું વચન આપ્યું. મેં લાંબા સમય સુધી તેના હાથ પકડી રાખ્યા અને તેને ચૂમી. આંખમાં આવતાં આંસુ ખાળવાને અશક્ત બની હું ખામોશ ઊભો રહ્યો.

બીજી સવારે હું રાદિશ સાથે કામ પર ચડી ગયો.

રવિવારે મારી બહેન મને મળવા આવી. એના કહેવા પ્રમાણે એની અરધી જિંદગી મૂંઝવણ અને ભીરુતામાં જ વીતી હતી, પરંતુ મારી પત્ની અને વ્લાદીમીરે હવે એની આંખો ઉઘાડી દીધી હોવાનું એણે જણાવ્યું. 'તને ખબર છે?' તે બોલી, 'એ લોકોએ આઝોગિનને ત્યાં મને નાટકમાં ભૂમિકા સોંપી છે. મારે તખ્તા પર જવું છે. મારે હવે જિંદગી જીવવી છે—સાચું કહું તો તે પૂરેપૂરી માણવી છે. મારામાં બુદ્ધિ બહુ નથી, અને મને સોંપવામાં આવેલો પાઠ પણ ફક્ત દસ જ લીટીનો છે, પરંતુ ઘરમાં ગોંધાઇને દિવસમાં પાંચ વાર ચા રેડરેડ કરવી અને રસોયો વધુ તો ખાઇ નથી જતોને તેની ચોકી રાખ્યા કરવી તેના કરતાં તો તે અપાર સારું અને ઉમદા છે. સૌથી વધુ તો, બાપાને એ ભાન થવા પામશે કે હું પણ વિરોધ ઉઠાવી શકું તેમ છું.'

બે દિવસ રહીને એ આઝોગિનને ત્યાં રીહર્સલ માટે આવી ત્યારે તેના પોશાક અને તેની સજાવટથી હું ઉદ્વિગ્ન બની ઊઠયો. લોકોના ચહેરા પર એને જોઇને હાસ્ય ફરકતું મેં જોયું અને કોઈ તો હસતું હસતું બોલ્યું યે ખરું, 'ઇજિપ્તની ક્લીઓપાત્રા!' એ કૃત્રિમ ને વિચિત્ર લાગતી હતી. એની સરળતા ને મધુરતા એ ખોઈ બેઠી હતી.

એનો પાઠ બોલવાનો આવતાં એ ધ્રૂજી ઊઠી અને એ કશું બોલી જ ન શકી. પાઠ ભજવવાને પણ એ અશક્ત નીવડી. હું એની પાસે જઇ, કાંઇક કહેવા તૈયાર થાઉં ત્યાં તો એ તખ્તા વચ્ચે જ ઢળી પડી અને ડૂસકાં પર ડૂસકાં ભરવા માંડી. શું કરવું તેની વિમાસણમાં ચુપ રહ્યો ત્યાં સુધીમાં તો તેને ઊંચકીને તખ્તા પરથી દૂર લઇ જવામાં આવી.

માદામ આઝોગિન ટૂંકી બાંયના ટૂંકા જાકીટ અને છાતી પર સીગારેટની રાખોડી સાથે ઝડપભેર મારી પાસે આવીને મોં મચકોડતી બોલી: 'ભારે થઇ! ખરેખર, ભારે! તારી બહેનની સ્થિતિ... એને દહાડા જાય છે. અહીંથી તું તેડી જા એને...'

હું મારી બહેનને સાથે લઇને જાહેર માર્ગને બદલે ગલીકુંચીઓમાં થઇને અમારી આયા કાર્પોવનાને ત્યાં ગયો. એ વીસ મિનિટના ગાળામાં તો અમે અમારી આખી જિંદગી વિચારી નાખી. એ હવે રડતી નહોતી, પણ શુષ્ક નજરે મારી સામે જોઈ રહી હતી. અમે નક્કી કર્યું કે આ શહેરમાં પડચા રહેવું અમારા માટે શક્ય નહોતું અને મારી પાસે થોડા પૈસા ભેગા થાય કે બીજે કોઈ સ્થળે ચાલ્યા જવું.

એ હજુ યે વ્લાદીમીરનાં વખાણ કર્યાં કરતી, પણ હું તો હવે એને ધિક્કારતો થયો હતો. મારી બહેનને આશા હતી દાક્તર પાછો આવવાની, અને હું આશા સેવતો હતો માશાના પાછા આવવાની.

એવામાં એક દિવસ કાર્પોવનના પુત્ર પ્રોકોવીએ મને કહ્યું, 'મા તો દયાથી પ્રેરાઇને કશું નહિ બોલે, પણ તારી બહેનની સ્થિતિ જોતાં તમે લોકો અહીંથી બીજે રહેવા જાઓ તો સારું.'

હું એનું કહેવું સમજી ગયો. મારો બધો સામાન મેં પોટકું વાળી ખભે લીધો અને પૈસાના અભાવે ગાડી કરી શકાય તેમ ન હોઇને પગે જ ચાલતાં નીકળી જઈ રાદિશને ત્યાં અમે ધામો નાખ્યો.

છેવટે માશાનો કાગળ આવ્યો, જેમાં એણે પોતાના પિતા સાથે પોતે અમેરિકા ઊપડતી હોવાનું જણાવી આગળ જતાં લખેલું: 'મને મારી સ્વતંત્રતા પાછી આપજે અને હજુ યે આપણને બંનેને સંધાએલાં રાખનાર દોરી સત્વર તોડી નાખજે. તારી સાથેની મુલાકાત અને તારો પરિચય એ મારા અસ્તિત્વને ઉજાળતું એક સ્વર્ગકિરણ હતું, પરંતુ પત્ની થવામાં, તું જાણે છે તેમ, મેં ભૂલ કરી હતી. અને એ ભૂલના ભાનથી પીડાતી હું તને ઘૂંટણીએ પડીને વીનવું છું, મારા ઉદાર મિત્ર! કે હું જહાજ પર પગ મૂકું તે પહેલાં આપણી બંનેની સામાન્ય ભૂલ સુધારવામાં તું સંમત હોવાની મને તાર દ્વારા જલદીમાં જલદી જાણ કર.'

મારી બહેન એક ઓરડામાં સૂતી, જ્યારે ફરી માંદો પડેલો પણ હવે સાજો થએલો રાદિશ બીજા ખંડમાં. મને કાગળ મળ્યો ત્યારે મારી બહેન રાદિશના ઓરડામાં બેઠી બેઠી તેની પાસે ગૉગૉલ વાંચી રહી હતી. આમ એ રોજ ઑસ્ટ્રોવ્સ્કી કે ગૉગૉલ વાંચતી, પણ આજે એક પાનાથી વધુ ન વાંચી શકી. રાદિશ તેનો હાથ પકડી સૂકા હોઠે માંડ સાંભળી શકાય એવા અવાજે બોલ્યો, 'સારા માણસનો આત્મા ચોખ્ખા તેલ જેવો હોય છે, જ્યારે પાપી માણસનો ગૅસટાર જેવો.'

ડૉ. બ્લાગોવો આવી પહોંચ્યો. એણે ડૉક્ટરની ઉપાધિ મેળવી લીધી હતી, પરંતુ ટાઇફસ અને કૉલેરાના વધુ અભ્યાસાર્થે તે પાછો પીટર્સબર્ગ અને ત્યાર બાદ વિદેશ ઊપડવાનો હતો. રાદિશે તો તેને ચોખ્ખેચોખ્ખું કહી દીધું કે 'પ્રભુનું સામ્રાજ્ય તારા માટે નથી.'

'તો પછી લાચાર છીએ!' ડૉક્ટરે આખી વાત મશ્કરીમાં જ ઉડાવતાં કહ્યું, 'નરકમાં પણ કોઇએ તો રહેવું જોઇશે જ ને?'

મારા મનમાં જબરી ગડમથલ ચાલતી હતી. અમે બહાર નીકળી બત્તીના થાંભલા પાસે ઊભા રહ્યા ત્યારે ડૉક્ટરે કહ્યું, 'તારો રાદિશ મને ધિક્કારે છે અને હમેશ એવી રીતે વર્તે છે કે જાણે મેં તારી બહેન સાથે ખરાબ વર્તાવ કર્યો હોય. એના દૃષ્ટિબિંદુથી એ સાચો છે, પરંતુ મારે પણ મારું દૃષ્ટિબિંદુ છે જ; અને જે કંઈ બનવા પામ્યું છે એનો મને કદી પસ્તાવો થાય એમ નથી. પ્રેમ કરવો જ જોઇએ;—કેમ ખરું કે નહિ? પ્રેમ વિના જીવન સંભવે જ નહિ; પ્રેમથી ભય પામનાર કે તેનાથી દૂર નાસનાર મુક્ત માનવી ન હોય.'

ધીમેધીમે અમારી વાતચીત બીજા વિષયો તરફ વળતી ગઈ. એને એના વિષયમાં એટલો બધો રસ હતો કે એને મારી બહેનનો, એના દુ:ખનો કે મારો વિચાર સુદ્ધાં ન આવતો. એના ગયા પછી બત્તીના પ્રકાશમાં મારિયાનો કાગળ મેં ફરી વાંચ્યો. સીધીસાદી ખેડૂત સ્ત્રી બનવાના એના મનોરથની વાત મને તાજી થઈ આવી!

ચિત્તભ્રાન્ત અવસ્થામાં જ ચાલતો ચાલતો હું મારા બાપાના મકાન પર પહોંચી ગયો. નાનપણમાં ઘણી વાર કરતો તેમ વાડ કૂદી જઇને પાછલા રસ્તે હું અંદર ગયો અને રસોડામાં બળતું ફાનસ લઈ એકઢાળિયામાં પહોંચીને ત્યાં જૂનાં છાપાં પાથરી તે પર સૂઇ રહ્યો. થયું કે હમણાં મારી બહેન મારા માટે ખાવાનું લાવશે. પણ પછી મને ખયાલ આવ્યો કે એ તો રાદિશને ત્યાં પથારીમાં પડી હતી. હું આ રીતે વાડ કૂદીને અહીં ઘૂસી આવ્યો એ પણ હવે મને વિચિત્ર લાગ્યું.

અમારે ત્યાં રસોઈ કરતી આક્સીન્યાએ મને જોઈ લીધો અને ત્યાં દોડી આવતી બોલી: 'બેટા આવી ગયો? ક્લીઓપાત્રા ક્યાં છે? તારી ટોપી ક્યાં છે? તારી બૈરી તો, કહે છે કે, પીટર્સબર્ગ ચાલી ગઇ છે?'

મારી માના વખતથી એ અમારા કુટુંબમાં કામ કરતી. એણે મારે વિષે જે કંઈ સાંભળ્યું હતું અને તે પરથી જે કંઈ વિચાર્યું હતું તે મને કહી સંભળાવ્યું. એણે કહ્યું કે ડૉક્ટરને ક્લીઓપાત્રાને પરણવાની ફરજ પાડી શકાય, ફક્ત એને બીક લગાડવી જોઇએ. જો એક અરજી તાબડતોબ લખી દેવામાં આવે તો ધર્માધ્યક્ષ તેનું પહેલું લગ્ન ફોક જાહેર કરી દે એમ હતું. મારે દુબેચ્ન્યા મુકામેની મિલ્કત મારી પત્નીને જણાવ્યા વિના વેચી નાખવી અને તેનાં નાણાં મારા નામે બૅન્કમાં જમા કરાવવાં, અને હું તથા મારી બહેન જો અમારા પિતાની માફી માગીએ તો એ બધું દરગુજર કરી દેવા તૈયાર હતા. 'જા, બેટા, જા!' મારા બાપાની ખાંસીનો અવાજ આવતાં તે બોલી, 'જા, જઇને વાત કર, એમને પગે પડ. એથી, તારું માથું કંઈ ધડ પરથી ગબડી નથી પડવાનું.'

હું ગયો. એ એક મકાનનો નકશો તૈયાર કરી રહ્યા હતા. મારો અવાજ સાંભળી એમણે મારી તરફ નજર નાખી અને પછી એકદમ તે નકશા પર ઠેરવી દીધી. 'કેમ આવ્યો છે?' થોડી વારે એમણે પૂછ્યું.

'હું બહેનના ખરાબ સમાચાર આપવા આવ્યો છું. એ લાંબું જીવી શકે એમ નથી.'

'એ તો જેવું વાવો તેવું લણો.' ચશ્માં ઉતારીને ટેબલ પર મૂકતાં એ બોલ્યા: 'જેવું વાવો તેવું જ લણો.' એમણે પુનરુક્તિ કરી, અને ઊભા થતાં બોલ્યા, 'તને યાદ છે? આજથી બે વરસ પહેલાં આ જ જગ્યાએથી મેં તને તારી રીતભાત સુધારવા, આપણા કુળની મર્યાદા ન લોપવા શિખામણ આપેલી, તને વિનંતી કરેલી. તું મારી શિખામણ તિરસ્કારીને આગ્રહપૂર્વક તારા ગલત ખયાલોને વળગી રહ્યો. એથી યે વધુ ખરાબ તો એ કર્યું કે તારી બહેનને યે તું તારા માર્ગે ખેંચી ગયો ને એનામાંથી નીતિનિયમો પ્રત્યેના આદર અને લજ્જાના ભાવનો લોપ કરી દીધો. હવે તમે બંને એકસરખાં જ થયાં. 'જેવું વાવો તેવું લણો!'

'અને તમારે એ યાદ કરવાની જરૂર છે કે મેં પણ તમને આ જ સ્થળે મને બરાબર સમજવાની વિનંતી કરેલી, જેના જવાબમાં તમે તો મારા દાદા અને પરદાદાની જ વાતો સંભળાવતા રહ્યા. અત્યારે

તમને કહેવામાં આવે છે કે તમારી એકની એક પુત્રી માંદી છે ત્યારે પણ તમે તો તમારા વડવાઓની અને કુટુંબની ચાલી આવતી પરંપરાની વાતોમાંથી હાથ જ નથી કાઢતા...'

'મારે તારું કશું જ નથી સાંભળવું, બદમાશ!' ટેબલમાંથી આંકણી કાઢતાં એ બોલ્યા, 'તું પીધેલો છે અને એવી હાલતમાં મને મળવા આવવા તેં છાતી ચલાવી? મારી પાસેથી કશું મેળવી શકશો નહિ—તું કે તારી બહેન બેમાંથી કોઇ પણ. મેં મારાં દીકરાદીકરીને આ હૃદયમાંથી રુખસદ આપી દીધી છે અને તેમને તેમની ઉચ્છૃંખલતાનાં ફળ ભોગવવાં પડતાં હોય તો તેની મને મુદ્દલ દયા નથી આવતી. જા, જ્યાંથી આવ્યો ત્યાં પાછો ચાલ્યો જા!'

નિરાશ હૃદયે હું ચાલી નીકળ્યો. એ પછી એ રાતે ને બીજા દિવસે શું બન્યું તે યાદ નથી. કહે છે કે રસ્તા પર ઉઘાડે માથે, મોટે સાદે ગાતોગાતો હું નીકળેલો ને છોકરાંનાં ટોળાં મારી પાછળ પડેલાં!

મને મારા માટે વીંટી બનાવવાનું મન થાય તો તે પર હું આ લખાણ કોતરાવું કે, 'કશું એળે નથી જતું.' મને શ્રદ્ધા છે કે કશું જ પોતાની નિશાની મૂકી ગયા વિના એમ ને એમ નથી જતું, અને આપણે લીધેલું દરેક પગલું, એ ગમે તેટલું નાનું હોય તો પણ, આપણા વર્તમાન અને આપણા ભાવિ અસ્તિત્વ માટે સૂચકતા ધરાવતું હોય છે.

મારા પર જે કંઈ વીત્યું છે તે એળે નથી ગયું. મારી મહાન મુસીબતો અને મારું ધૈર્ય લોકોનાં હૃદયને સ્પર્શેલાં છે અને હવે તેઓ મને 'અક્કરમી' તરીકે સંબોધતા કે મારા પર હસતા નથી, કે કોઇ દુકાન આગળથી નીકળતાં મારા પર પાણી નથી ઢોળતા. મારા મજૂરકામથી એ ટેવાઇ ગયા છે અને મને રંગનાં ડબલાં લઈ જતો કે બારીના કાચ બેસાડતો જોવામાં એમને કશી વિચિત્રતા નથી લાગતી. મારા તરફ હવે તેઓ વિનયથી વર્તે છે અને કોઈના ઘેર કામે જતાં મને ચાપાણીનો પણ વિવેક કરે છે. હું હવે ઉમરે વધુ મોટો થયો છું અને વધુ ખામોશ, વધુ કડક અને વધુ રૂઆબદાર બન્યો છું.

મારિયા વિક્ટોરોવના, મારી માજી પત્ની, હાલ વિદેશમાં જ વસે છે, જ્યારે એનો પિતા પૂર્વના કોઇ પ્રાંતમાં રેલવે બાંધે છે અને ત્યાં જમીન જાગીર ખરીદતો રહે છે! ડૉ. બ્લાગોવો પણ પરદેશ ઊપડી ગયો છે. મારા પિતા વયે ખૂબ વૃદ્ધ અને શરીરે બેવડ વળી ગયા છે. સાંજે એમના મકાન આજુબાજુ લટાર મારે છે, પણ હું તેમને મળતો નથી. કાર્પોવના હજી જીવે છે અને હજી ય જ્યારે જ્યારે મને જુએ છે ત્યારે નિસાસો નાખતી બોલી ઊઠે છે: 'તારી જિંદગી બરબાદ ગઈ.'

કામના દિવસોએ તો સવારથી સાંજ સુધી હું કામમાં પરોવાએલો રહું છું, પણ રજાના દિવસોએ મારી નાનકડી ભાણેજ(મારી બહેને તો પુત્રની આશા રાખી હતી)ને સાથે લઇ કબ્રસ્તાન ભણી ફરવા નીકળું છું. ત્યાં લાંબો સમય ઊભાંઊભાં કે બેઠાંબેઠાં, મને અત્યંત પ્રિય એવી મારી બહેનની કબર સામે હું જોયા કરું છું અને પેલી બાળકીને બતાવું છું કે તેની મા અહીં સૂતેલી છે.

ઇચ્છારામ સૂર્યરામ દેસાઈ (અનુસંધાન પૃષ્ટ ૩૭૪થી)

ઉધાર નાણાં લઇને કારખાનું ઊભું કરી ઈ. ૧૯૦૦ની વિજયાદશમીએ તેનું મુહૂર્ત કર્યું. આ છીછરાં પાણીમાં મોટી સ્ટીમર ચાલુ કરવા જેવું હતું, કેમકે પત્ર સંચાલન, મુદ્રણ, પ્રકાશન, પંચાંગ વગેરેમાં નાણાંભીડ હતી, જ તેમાં આ ધંધાએ વિશેષ નાણાંભીડ ઊભી કરી. આ ધંધામાં આખરે નફો જ થશે, એ વાત નાણાંવાળી પાર્ટીને સમજવવાનું તે સમયમાં ઘણું મુશ્કેલ હતું. તેમના મિત્ર સ્વ. મગનલાલ ઠાકોરદાસ મોદીને પણ વિશ્વાસ બેઠો હતો નહિ, છતાં તેમણે થોડાઘણા રૂપિયા અંગત લોન તરીકે ધીર્યા.

છતાં મુશ્કેલીઓ કે નાણાંભીડને ગણકાર્યા વિના ઇચ્છારામે 'ગુજરાતી ટાઈપ ફાઉન્ડરી'ની સ્થાપના કરી. આમાં જે 'ગુજરાતી' શબ્દ છે તે અમારા પિતાશ્રીને કવિ નર્મદાશંકરની બક્ષિશ છે. એટલા માટે જ 'ગુજરાતી પ્રેસ' સાથે પણ તે જોડાયલો રહ્યો હતો, અને 'ગુજરાતી ટાઈપ ફાઉન્ડરી'નું ઉદ્ઘાટન, મંડાણ, કાર્યપ્રવૃત્તિ વગેરે પણ 'ગુજરાતી પ્રેસ'માંથી જ ચાલુ થયા હતાં. અને પ્રારંભનાં બેચાર વર્ષો સર્વ કામકાજ 'ગુજરાતી પ્રેસ'માંથી જ મણિલાલ પોતાની વિદ્યાર્થી અવસ્થા દરમ્યાન ઘણી મુશ્કેલીએ કરતા તેમાં કાલિદાસ પારેખની મદદ હતી. કાલિદાસ અંગ્રેજી ભણેલા નહોતા, તેથી ગુજરાતી કામકાજ, લેવડદેવડ તેઓ સંભાળતા. અને અંગ્રેજી પત્રવહેવાર, ટાઇપોમાં સુધારો, કારીગરોને સમજાવવા વગેરે સ્વ. ઇચ્છારામ અને મણિલાલ સંભાળતા. આ પછી સને ૧૯૦૨ની ૧૨મી ઑક્ટોબરે 'ગુજરાતી ટાઈપ ફાઉન્ડરી'માં બનાવેલા નવી પદ્ધતિના ટાઇપોના નમૂનાની 'પહેલી અપૂર્ણ ચોપડી' 'ગુજરાતી પ્રેસ'માંથી જ અને તેના સરનામાથી જ બહાર પડેલી. આ અપૂર્ણ ચોપડીમાં ધંધાદારીઓને ઉદ્દેશીને જે લખાણ મુ. મણિલાલભાઇએ પ્રસ્તાવના રૂપે લખ્યું છે, એમાંથી હિંદમાં પ્રથમ ટાઈપ સુધારણા કોણે કરી તે વિષેની સર્વ માહિતી મળે છે. તેમજ અમેરિકન 'પૉઈન્ટ–લાઈન–સેટ' સિસ્ટમ ને તાંબામિશ્રિત ટાઈપની ધાતુ સંબંધે ઉલ્લેખ છે.

સને ૧૯૦૮થી કાકા મગનલાલ મોદી પોતાનાં નાણાંના રોકાણને લીધે અને મણિલાલ દેસાઈ 'ગુજરાતી પ્રેસ'માં જોડાવાથી, મગનલાલ મોદીના ભત્રીજા રા. મણિલાલ છગનલાલ મોદી ફાઉન્ડરીમાં જોડાયા. અને ૧૯૨૩ના એપ્રિલથી દેસાઈ અને મોદી કુટુંબ વચ્ચેની ભાગીદારી છૂટી થવાથી મુ. છગનલાલ ઠાકોરદાસ મોદી અને તેમના પુત્રો 'ગુજરાતી ટાઈપ ફાઉન્ડરી'ના એકલા માલિક બન્યા.

મારા પિતાશ્રીની જિંદગીના ત્રણ તબક્કા મને સ્પષ્ટ જણાયા છે. એક ૧૮૫૪ થી ૧૮૮૦ સુધીનો મંથનનો; બીજો ૧૮૮૦ થી ૧૯૦૨ સુધીનો મહાન ઉદ્યોગ અને પુરુષાર્થનો; ત્રીજો ૧૯૦૨ થી ૧૯૧૨ સુધીનો શાંત અનુભવજન્ય જ્ઞાનવૃત્તિનો. પહેલા ભાગમાં ભાવી વટવૃક્ષનાં બીજ નંખાયાં હતાં; ક્ષેત્ર ખેડાઇ તૈયાર થતું હતું; પણ ભયંકર વાવાઝોડા અને ઝાપાતથી તે હલમલી રહ્યું હતું. ૧૮૮૦ થી 'ગુજરાતી' પત્ર દ્વારા ઉદ્યોગ શરૂ થયો. પ્રેસ દ્વારા ક્ષેત્રમાં બીજમાંથી ઉત્તમ વિવિધ પાક ઉતારવા માંડયો અને પરમેશ્વરે તેનાં કર્મોનાં ફળ લોકસંગ્રહ માટે વેરાવ્યાં. માળીને જ્ઞાનબોધ થવા માટે મરકીનો ફટકો પડયો; તે જાગૃત થયો અને તત્ત્વાનુસંધાનમાં લાગી જઈ છેલ્લા દાયકામાં પોતાના ઉદ્યાનમાં ફર્યો. ક્ષેત્રજ્ઞની ૨૫ વર્ષની 'ગુજરાતી' પત્ર દ્વારા કરાએલી લોક અને સાહિત્ય સેવાની કદર બૂઝવા માટે ૧૯૦૪ના જૂન માસમાં સિલ્વર જ્યૂબિલી ઊજવાઈ. 'ગુજરાતી' પ્રેસનાં મીઠાં ફળોનું આસ્વાદન કરનારાઓએ તેને અપૂર્વ માન આપ્યું.

હવે ઇચ્છારામની શારીરિક શક્તિ ક્ષીણ થતી જતી હતી. ડાબા હાથમાં કંપ થતો હતો તેથી લખવાનું કાર્ય છોડી દીધું ને બીજાઓ પાસે લખાવવા લાગ્યા પોતે માત્ર પોતાનાં વાવેલાં વૃક્ષોની નવી કલમો કરતા અને બહુ શાખાવાળા બનાવી પ્રફુલ્લિત કરતા. તેમાં રા. નારાયણ વિસનજી ઠક્કરને વાર્તા લખવાના કાર્યમાં સાધ્યા, અને 'ગુજરાતી' વૃક્ષને ઐતિહાસિક વાર્તાની એક શાખા લગાડી. તે રીતે ૧૯૦૯થી તેને પ્રતિવર્ષ દિવાળીના મંગળ પ્રસંગે સાહિત્યના ખાસ અંકની બીજી શાખા લગાડી. આ પ્રમાણે 'ગુજરાતી'નો વડલો ખીલી રહ્યો.

૧૯૧૦માં એક પરમ મિત્રે સ્નેહભાવથી પુછાવ્યું કે હાલમાં શું કરો છો? તેના ઉત્તરમાં તેમના જ શબ્દોમાં તેમની દિનચર્યા જોઇએ :

'તમે જાણો છો અને ઘણી વાર તમે કહ્યું-કહાવ્યું પણ છે કે હું હીંચકા પર બેહીર હું છું. વાત ખરી છે, પણ નવરાશ બહુ થોડી. દિનચર્યા આ પ્રમાણે છે : ૧૦ બજે ઊઠું છું. એક કલાક ન્યૂસ જોઉં છું, અને બારે જમવા બેસવાને તૈયાર થાઉં એટલામાં ત્રણ-ચાર અને રવિવારે દસ-પંદરની મુલાકાત. કેટલાક સાહિત્ય-શોખીન, કેટલાક સ્વાર્થી, કોઇક સાધુસંત—એમાં લગભગ દોઢ વાગે છે. જમ્યા પછી વખત મળે તો તકિયા ઉપર માથું મૂકી આંખ મીંચી પડી રહું છું-કેમકે આંખ બહુ જ થોડો આરામ મળવાથી દુઃખે છે. ત્રણ સાડાત્રણ વાગે ઑફિસ જવા નીકળું છું-માર્ગમાં પણ કોઇ સાહેબની મુલાકાત હોય જ. ચારે ઑફિસમાં પહોંચું છું. ત્યાં પ્રેસના કામમાં, ટાઇટલ અને ચિત્ર સિવાય બધા કામ પર મારે તપાસ રાખવાની; આવેલાને ઉત્તર આપવો; વાત પૂછે-કહે તેનું ઉત્તર આપવું-સાંભળવું; ત્યાં વાંચી શકાય તે-બહુધા પત્રનું વાંચવું; કાગળ, શાહી, માણસની રીતભાતની ફરિયાદ સાંભળી, કંટ્રાક્ટરોની ફરિયાદ સાંભળી સંતાપ કરવો. રાતના સાડા સાતે નીકળી આઠે ઘેર આવવું. વચ્ચે કાકાને ત્યાં* જવાયું તો ઠીક. વાળુ કર્યું કે ના કર્યું, એકાદ વાતોડો ખબર આપનારો હાજર હોય. ન હોય તો મણિલાલ સાથે કંઈક સંવાદ કે કંઈક વિવાદ થાય. લગભગ રાત્રે ૧૧ વાગે પાછા કામ ઉપર બેસવું તે સવારના ચાર!-પછી પગ પછાડતાં, મોં પર પાણી છાંટતાં, જેમતેમ કરીને ઊંઘવું. હીંચકે બેસનારની આ કહાણી ને આ સુખ ને આ આળસ છે. એ દરમિયાન જે ચિંતા થાય ને તેની મન ઉપર જે અસર થાય તે માટે તમારે જેમ ધારવું હોય એમ ધારો!'

ઇચ્છારામ એક જ્ઞાનદીપક જેવા હતા. તેઓ સ્વયંપ્રકાશી બની બીજાને પ્રકાશમાન કરતા. 'ગુજરાત' પ્રેસ દ્વારા એમણે ગુજરાતી સાહિત્યની કેટલી સેવા કરી તે વિષે તેઓ પોતે જ લખે છે : 'ગુજરાતીને અંગે સાહિત્યના જે ગ્રન્થો બહાર પાડવામાં આવ્યા છે તેણે ગુજરાતી સાહિત્યમાં ઘણો સારો વધારો કીધો છે. સાનંદ સંતોષ સાથે હું જણાવું કે આ ગ્રન્થોની યોગ્યતાની પિછાણ પ્રજાવર્ગમાં બહુ સારી રીતે થઈ છે. વીસ વર્ષ દરમ્યાન 'ગુજરાતી' પ્રેસમાંથી લગભગ ૬૦૦૦ સાહિત્યનાં ફારમો કાઢવામાં આવ્યાં છે. એ ગ્રન્થોની સંખ્યા લગભગ ૭૦ની છે. એમાં ગુજરાતના પ્રાચીન કવિઓનો સંગ્રહ મોટી જગ્યા લે છે. વળી પંચદશી, રામાયણ, ભાગવત, કથાસરિત્સાગરના ચાર મોટા ગ્રન્થો બહાર પાડવામાં આવ્યા છે. મહાભારતના ભાષાંતરનું કામ ચાલુ છે.'

પોતાના રાજકીય વિચારો એ સ્વતંત્રપણે બેધડક જાહેર કરતા. 'સ્વતંત્રતા'માં તેમનો લખેલો પહેલો અપૂર્ણ લેખ પણ તેવો જ પડઘો પાડે છે. ૧૯૧૦માં રાજકીય વિષયો પરત્વેની તેમની લેખપદ્ધતિ સરકારને ગમી નહિ, તેથી તે વર્ષમાં પ્રેસ ઍક્ટ પાસ થતાં સરકારે રૂા. ૨૫૦૦)ની જામીનગીરી લીધી તેનો આઘાત સખત થયો. ૧૯૧૨ના દિવાળીના અંકમાં વર્તમાનપત્રોના ઇતિહાસ સંબંધે લેખ એ સદ્‌ગતનો છેલ્લો લેખ છે. તેમને છાતીના ભાગમાં કોઇકોઈવાર દુઃખારો થઈ આવતો, ને આ જ વ્યાધિ છેવટે પ્રાણઘાતક થઇ પડ્યો. ૫મી ડિસેંબર ૧૯૧૨ને ગુરુવારે રાત્રે એમનું હૃદય કામ કરતું અટકી પડયું ને આત્મા દેહ દ્વારા અભેદભાવને પામ્યો.

પોતાનું જીવન એક નાના છાપા વેચનાર કે લખનાર પોરિયા તરીકે શરૂ કરી, ખંત અને શ્રદ્ધાથી જીવનમાર્ગ વટાવી એક ઉત્તમ નાગરિક, આરૂઢ પત્રકાર, શબ્દબ્રહ્મના મહાન ઉપાસક સાહિત્યકાર, વિવેચક, સંશોધક, સમાજ-સુધારક અને સંરક્ષક, વેદાંતી અને ધાર્મિક સત્યનિષ્ઠ પુરુષ તરીકે તેને ઉજ્જ્વળ બનાવી ગયા.

* તેમના બાળસખા અને પરમ મિત્ર સ્વ. મગનલાલ ઠાકોરદાસ મોદી, સી.આઈ.ઈ.જેમનો તેઓ જિંદગીભર ઉપકાર માનતા, અને જેઓ તરફથી વખતોવખત કીમતી સહાય મળતી અથવા તેઓ અપાવતા તે. તેમને મારા પિતા કાકા કહેતા, કારણ કે અમે છોકરાઓ કાકા કહેતા.

નવાં પુસ્તકો

હિમાલય-યાત્રાનાં સંસ્મરણો-ને રસમય રીતે રજૂ કરવા સાથે એ પ્રવાસને લગતી ઘણી અગત્યની ને ઉપયોગી માહિતીઓ આપતું પુસ્તક, લેખક-પ્રકાશક: સુધાકર રામચંદ્ર હિન્ડીઆ, ૧૫૧ ગોવાલિયા ટૅન્ક રોડ, મુંબઈ, ૫-૦-૦; **હિન્દ-પર્યટન :** લેખકે કરેલાં હિન્દનાં લગભગ સવા ચારસો સ્થળોના પ્રવાસની નોંધો દ્વારા તે તે સ્થળોની ટૂંકી ઉપયોગી માહિતી આપતું પ્રકાશન, લેખક: વીરજી ગંગાજર માહેશ્વર, પ્રકાશક: એન. એમ. ત્રિપાઠી, મુંબઈ-૨, ૪-૮-૦; **વિમાનની વાતો :** વિમાનની શોધખોળના ઇતિહાસ સાથે વર્તમાન વિમાનોનો સરળતાથી પરિચય આપતી સચિત્ર પુસ્તિકા, લેખક: નવલકાંત નેમચંદ ભાવસાર, સંપાદક: રમણલાલ ના. શાહ, ૦-૧૪-૦; **કિશોર ભારત :** બાળભોગ્ય મહાભારત, લેખક: દેસાઈભાઈ પટેલ, ૧-૮-૦; બંનેના પ્રકાશક: ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ; **પલ્લવી :** ઈન્દુલાલ ગાંધીનાં ૨૦૦ ઉપરાંત ગેય કાવ્યોનો અભિનવ સંગ્રહ, પ્રકાશક: એન. એમ. ત્રિપાઠી, મુંબઈ-૨. ૩-૦-૦; **કિસલય :** નર્મદભાઈ જ. ત્રિવેદીનાં કાવ્યો, પ્રકાશક: ભાવનગર સાહિત્ય સભા, ભાવનગર (સૌરાષ્ટ્ર), ૧-૪-૦; **સાહિત્ય પરિચય :** ભાગ ૧, ૨, અને ૩, અનુક્રમે ધોરણ પાંચમા, છઠ્ઠા અને સાતમા માટેનાં ગુજરાતીનાં ત્રણ સચિત્ર પાઠ્ય પુસ્તકો, લેખકો : ધીરુભાઈ દેસાઈ અને રણછોડજી દેસાઈ, પ્રકાશક: મેસર્સ કરસનદાસ નારણદાસ ઍન્ડ સન્સ, સુરત. કિંમત અનુક્રમે ૧-૪-૦, ૧-૫-૦, ૧-૬-૦; **બોધક પ્રસંગો :** જાણીતી વ્યક્તિઓના જીવનમાંથી લીધેલા પ્રેરણાદાયી પ્રસંગો, ૦-૬-૦. **વીર સપૂતો :** બલિદાનની ભાવનાભરી વાર્તાઓ, ૦-૪-૦; **ચતુર કથા :** પ્રાણીઓની ચતુરાઈની બોધક વાતો, ૦-૬-૦; **ખૂંખાર વાઘણ :** સાહસ કથાઓ, ૦-૯-૦; **સુખી થવાની કળા :** બોધક શિખામણો, ૦-૭-૦; **થાથા થૈયા :** કેટલાંક સુંદર બાળગીતો, ૦-૬-૦; છેલ્લા સંગ્રહ તથા ઉપલી બધી પુસ્તિકાના લેખક: જીવરામ જોષી; **મીઠી કહાણી :** કુદરતનો હેતુ સમજાવતી રસિકવાર્તા, લેખકો: જીવરામ જોષી અને દિનુભાઈ જોષી, ૦-૬-૦; આ બધાંના પ્રકાશક: ભારતી સાહિત્ય સંઘ લિ., અમદાવાદ; **ગુલછડી :** ૫-૬ અને ૭મી શ્રેણીનાં બાળકો માટેનું સુંદર સંપાદન, કરનાર: રમણિકલાલ જ. દલાલ, ૧-૦-૦; ત્રણેના પ્રકાશક: ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રસ્તો, અમદાવાદ; Somewhat wild: Bjorustjerne Bjornsonના Synnove Solbakken પર ભગીરથ મહેતાનું વિવેચન, પ્રકાશક: સોમાલાલ મહેતા, ઉનાવા (બાવળા), કલોલ થઇને (ઉ. ગુજ.), ૦-૮-૦; **વિજ્ઞાનજ્યોત :** જગતની કાયાપલટ કરતી શોધખોળ કરનાર વૈજ્ઞાનિકોની પ્રેરક જીવનકથાઓ, લેખક: ચંદુભાઈ ભટ્ટ, પ્રકાશક: પ્રગતિ પ્રકાશન ગૃહ, જવાહર નગર, અમદાવાદ-૭, ૩-૦-૦; For Peace and Friendship: ૧૯૫૩ની ૨૫ થી ૩૦મી જુલાઈ સુધી બુખારેસ્ટમાં મળેલી 'વર્લ્ડ યૂથ કૉંગ્રેસ'ની કાર્યવહી; **ગીતનિર્ઝર :** વાલોડના વિદ્યાર્થી મંડળનાં ગીતો, : પ્ર૦ બાબુ શાહ, વાલોડ, ૦-૬-૦.



માધુકરી

હું યાચતો તારી દુવા રે આપજે એવી યુવા—
કે તાપથી યૌવનતણા બાળું નહીં હું કોઇને;
બસ, હું સદા એવો રહું કે દુઃખ પરનું જોઇને
પીગળી રહું,–
ને આટલેથી હું કદી અટકું નહીં;
દૂર કરવા દુઃખને તત્પર હજો રૂંવેરૂંવાં.
મારી હજો આવી યુવા!—સુરેશ દલાલ

સાર્જંટ બૅલેન્ટાઇન

એક ભુલાઈ ગએલા અંગ્રેજ મિત્રના મૃત્યુને આ વર્ષમાં પચાસ વર્ષ પૂરાં થાય છે! એનું નામ સાર્જંટ બૅલેન્ટાઈન. સત્તાવનના શહીદો આ દેશમાં તો અનેક થયા છે. પણ સાર્જંટ બૅલેન્ટાઇનની શહાદત ઈંગ્લાંડની ભૂમિ ઉપર આલેખાઇ છે.

ગુજરાતના ઇતિહાસ ઉપરની ઘણી ધૂળ ખંખેરવાની હજી બાકી છે. છેક જૂના જમાનાથી માંડીને તે ગઈ કાલ સુધીના અંગ્રેજ શાસનના જમાના સુધીની એ ધૂળ ખંખેરાશે ત્યારે આજે વીસરાઇ ગએલાં કેટલાં યે નામો લોકપૂજાને પાત્ર ગણાઇને ઇતિહાસને પાને ચમકશે. એવું એક નામ છે સાર્જંટ બૅલેન્ટાઈનનું. સાર્જંટની શહાદત સમજવાને થોડોક ઇતિહાસ જોઇએ.

ઈ. ૧૮૫૭નો સ્વાતંત્ર્યસંગ્રામ જ્યારે ભારતભરમાં જાગ્યો ત્યારે એમાં સાથ આપનારા ગુજરાતીઓ પણ હતા. કંઈક સંગ્રામમાં જોડાવાને ચાલી નીકળ્યા હતા, ને કંઇકે સંગ્રામમાં નાણાંની ને સાધનની મદદ કરી હતી.

આવી મદદ કરનારાઓમાં વડોદરાના ગાયકવાડ ખંડેરાવ મહારાજના નાના ભાઈ મલ્હારરાવ ગાયકવાડ અગ્રપદે હતા. આથી એમને વડોદરાના તાબાના ગામ પાદરામાં નજરકેદ કરવામાં આવ્યા હતા. પણ ખંડેરાવ ગાયકવાડ અપુત્ર મરી ગયા. એટલે સીધા નજરકેદની તુરંગમાંથી મલ્હારરાવ ગાયકવાડ વડોદરાની ગાદી ઉપર આવ્યા.

અંગ્રેજોની ગણતરી એવી હતી કે સાત સાત વરસની એકાંત નજરકેદે મલ્હારરાવની ધગશને બુઝાવી નાખી હશે અને બીજા રાજાઓની જેમ હવેથી એ વડોદરાના રેસિડેન્ટનો જીહજૂર બની રહેશે, પણ એ ગણતરી નિષ્ફળ નીવડી.

મલ્હારરાવનો જુસ્સો એવો ને એવો જ હતો. એટલે રાજગાદી ઉપર આવતાં એમણે સત્તાવનના સંગ્રામમાં શહીદ થએલા બળવીરોનાં પાછળ રહેલાં બાળકોની જાહેર દેખભાળ કરવા માંડી. સાથેસાથે સત્તાવનના સંગ્રામમાં દેશદ્રોહી બનીને અંગ્રેજોને સાથ આપનારાઓની ખબર લેવા માંડી. એવા વેપારીઓ પાસેથી રાજખરીદી બંધ કરી, એમનાં ધંધાદારી ગુનાહિત કૃત્યો પકડીને ભારે દંડ ફરમાવ્યા. એવા સરકારી અમલદારોને એમણે નોકરીમાંથી ફારેગ કર્યા. અને પોતાના દીવાન તરીકે બ્રિટિશ રેસિડેન્ટના જીહજૂર એવાને દૂર કરીને દાદાભાઈ નવરોજજીને પસંદ કર્યા. આ બધું સરકારને રુચે એવું ન હતું, છતાં એ ગાયકવાડના અધિકારની અંદરનું હોઇ સરકાર કાંઈ કરી શકે એમ ન હતું.



છેવટે મલ્હારરાવ રાજાના રાજમાં ગેરવહીવટ ચાલે છે એવો આક્ષેપ મૂકીને સરકારે એક તપાસપંચ નીમ્યું. તેની સમક્ષ બ્રિટિશ રેસિડેન્ટે ગેરવહીવટના કેટલાક દાખલાઓ રજૂ કર્યા. પણ તપાસ-પંચની તપાસમાં એ એકેએક દાખલો ઉપજાવી કાઢેલો ને ખોટો માલૂમ પડ્યો. બલ્કે, મલ્હારરાવ ગાયકવાડના વહીવટમાં બ્રિટિશ રેસિડેન્ટ વગરકારણની દખલગીરી કરે છે ને રાજાવિરોધી તત્ત્વોને ઉત્તેજન આપે છે એમ જણાયું.

આપણાં પ્રાણીઓ-૪ વાઘ



કાસ્પિયનના દક્ષિણ કાંઠેથી માંડી મધ્ય એશિયા, દક્ષિણ સાઇબેરિયા, બ્રહ્મદેશ, જાવા-સુમાત્રામાં વસતા વાઘને તો બધા જ જાણે છે. ભારતમાં એ કચ્છ-રાજસ્થાન ને પંજાબ સિવાય બધે થાય છે. ખાવાને પૂરતો શિકાર, પીવાને પાણી ને સૂવાને ટાઢો છાંયો આપી રહે એવાં ગીચ જંગલો, ઘાસ-આચ્છાદિત ખુલ્લાં મેદાનોથી માંડી હિમાલયમાં છેક દસ હજાર ફૂટની ઊંચાઈ સુધી એ જોવા મળે છે. સ્વભાવે એ નિશાચર હોવા છતાં વાદળથી અંધારેલા દિવસે એ શિકારાર્થે નીકળી પડે છે. હરણાં, નીલગાય, દીપડાં, ભૂંડડાં, શાહુડી, મોર-માછલાં ને ભૂખ ન વેઠાય તો મરેલું સડેલું યે એ ખાય છે. હળી જાય તો પાળતુ ઢોરનો ઘાણ બોલાવી દે. વૃદ્ધાવસ્થામાં અશક્તિને તથા શિકારની અતિશય સરળતાને કારણે ઘણી વાર એ માણસમાર પણ બની જાય છે. પોતાનું મારણ ખાધા પછી દિવસ આખો એ ટાઢે છાંયે સૂઈ રહે છે.

દેખાવે એ આગળથી વધુ વિકસિત મોટી ભારે બિલાડી જેવો લાગે. તેનો વાન આછા ધૂળિયાથી માંડી આછા તપખીરી જેવો. હડપચી, ગળું, છાતી ને પેટાળ તદ્દન શ્વેત. નરને કાન પાછળથી ગાલ પર ઝાલર જેવા વાળ. આખે શરીરે કાળા પટ્ટા. કાળા અને સફેદ વાઘ પણ નોંધાયા છે. પણ બધા જ વાઘને શરીરે પટ્ટા તો અચૂક હોવાના જ. માદા નર કરતાં નાની. નર પૂછડી સાથે ૯ થી ૧૦ ફૂટ લાંબો ને વજનમાં ૪૫૦–૫૦૦ રતલનો હોય છે. આટલું ભારે શરીર હોવા છતાં તેનામાં ગજબની ચપળતા હોય છે. તે તરે છે પણ ઘણું સારું ને જરૂર પડે ઝાડ પર પણ ચડી શકે. તેની શ્રવણશક્તિ ને નજર પણ ઘણી જ સારી હોય છે. શરીરને અત્યંત ચોખ્ખું રાખવા તે ટેવાએલો છે.

વરસાદ પછીની ઋતુ એ એનો સંવનનકાળ. ફેબ્રુઆરીથી મે દરમિયાન વાઘણ બેથી માંડી છની સંખ્યામાં બચ્ચાં જણે છે. બચ્ચાં બે એક વર્ષ સુધી અથવા તો મા ફરી અન્ય નરના સમાગમમાં આવે ત્યાં સુધી તેની સાથે રહી તાલીમ મેળવે છે ને પછી સ્વતંત્ર જીવન શરૂ કરે છે. નાનપણથી જ હાથ કરેલાં બચ્ચાંને પાળી પણ શકાય છે.

આ માસ(સપ્ટેમ્બર)ઇતિહાસમાં : દિનવિશેષ · વ્યક્તિવિશેષ · પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ · કામાક્ષી નટરાજન

આ ઉજ્જ્વલ વ્યક્તિત્વશીલ સમર્થ પત્રકારનો જન્મ ઈ. ૧૮૬૮ની ૨૪મી સપ્ટેમ્બરે



મદ્રાસના તાંજોર જિલ્લાના એક ગામમાં ધાર્મિક વિચારવાળા આયર કુટુંબમાં થયો હતો. પ્રાથમિક શિક્ષણ પોતાના ગામમાં, માધ્યમિક શિક્ષણ જિલ્લાની એક શાળામાં અને કૉલેજશિક્ષણ મદ્રાસની કુંભકોનમ કૉલેજમાં પૂરું કરી તેઓ વિખ્યાત 'હિંદુ' પત્રમાં જોડાયા, જેમાંના સમાજસુધારાવાળા ઉગ્ર લેખોએ મદ્રાસના રૂઢિચુસ્ત સમાજને એવો તો ખળભળાથી મૂક્યો કે તેથી 'હિંદુ'ની ગ્રાહકસંખ્યા ઘટી ગઈ, અને મિત્રો સાથે મળીને 'ઇન્ડિયન સોશ્યલ રીફૉર્મર' નામનું નવું જ પત્ર કાઢવાની તેમને ફરજ પડી. શુદ્ધ તર્કશાસ્ત્રથી કુરુઢિઓનું ખંડન કરીને વિદ્વત્તા ને ગાંભીર્યથી ભરેલું નવસમાજનું સર્જન ઉદ્‌બોધતું તે પત્ર એ વખતે દેશભરમાં એની ઉત્કૃષ્ટતા માટે 'એકમેવાદ્વિતીયમ્' હતું ને એનો બધો જ ભાર નટરાજનને શિરે હતો.

દરમિયાન મુંબઈમાં બહેરામજી મલબારીના આગ્રહથી તેમનું પત્ર 'ઇન્ડિયન સ્પેક્ટેટર' સંભાળવાની તેમને જરૂર પડી. એમની પ્રતિભાથી આકર્ષાએલા શ્રી મલબારી, ચંદાવરકર, જસ્ટીસ રાનડે, જસ્ટીસ તેલંગ વગેરેના આગ્રહથી, અને તેમને પોતાને પણ પત્રના વિકાસ તેમજ પ્રચાર માટે મદ્રાસ કરતાં મુંબાઇ વધુ અનુકૂળ લાગતાં તેઓ 'ઇન્ડિયન સોશ્યલ રીફૉર્મર'ને મદ્રાસથી મુંબાઈ લાવ્યા. આ ઉપરાંત છ વર્ષ સુધી મુંબાઈના 'ડેઈલી મેઈલ' પત્રનું તંત્રીપદ પણ તેમણે સંભાળેલું. મુંબાઈના અગ્રણી દૈનિક 'ટાઈમ્સ ઑવ ઇન્ડિયા'માં દેશના અગત્યના પ્રશ્નો પર તેમણે લાગટ ઓગણીસ વર્ષ સુધી ખાસ લેખો અને કેટલીક વાર અગ્રલેખો લખ્યા હતા.

જાહેર જીવનમાં બહુ ભાગ લેતા ન હોવા છતાં તેમણે આફ્રિકા, મલાયા, ફીજી વગેરે દૂર દેશોના હિંદીઓનાં હિતરક્ષણ અને વેપાર વિકાસ માટે આ દેશમાં સ્થપાએલા મંડળના મંત્રી તરીકે વર્ષો સુધી કાર્ય કર્યું હતું. કર્નૂલ, મ્હૈસૂર અને મુંબાઈમાં મળેલી અખિલ હિંદ સમાજસુધારા પરિષદોના પ્રમુખપદેથી તેમણે આપેલાં વ્યાખ્યાનો સમાજસુધારણાના મૂળભૂત સિદ્ધાન્તો અને પદ્ધતિ દર્શાવતા પ્રમાણભૂત લેખો ગણાય છે. રાજકીય બાબતમાં એમના વિચાર વિનીત પક્ષને મળતા હતા, પણ એમનું લક્ષ્ય તો હતું સંપૂર્ણ સ્વરાજ્ય જ. તેથી ૧૯૨૧માં સ્થપાએલા સ્વરાજ્યપક્ષને એમનો સબળ ટેકો મળ્યો. ૧૯૪૮થી એ 'રીફૉર્મર'નું તંત્રીપદ પોતાના પુત્રને સોંપી દઈ જાહેર જીવનથી નિવૃત્ત થયા; છતાં કોઈ વાર 'રેકલૂઝ' અને 'સ્પેક્ટેટર'ને નામે તેઓ તેમાં લખતા, જે લખાણ કોઇને જૂની પ્રણાલિકા તરફ ઢળતું લાગતું, પણ વસ્તુતઃ તે સર્વ પ્રકારના વિચારથી સમૃદ્ધ અને અનુભવપક્વ હતું. ૧૯૩૩માં શિકાગો યુનિવર્સિટીમાં હેસ્કલ વ્યાખ્યાનો આપવાનું આમંત્રણ મળતાં તેઓ અમેરિકા ગએલા. તે પ્રવાસ વિષે તેમણે એક પુસ્તક લખ્યું છે. પત્રકાર તરીકે ઉગ્ર અને કઠોર નટરાજન માનવી તરીકે પણ એટલા જ આદર્શરૂપ હતા. ખોટા આડંબરો કે ધમાલ તેમને રુચતાં નહિ. આથી એમને ઐકાન્તિક અને શાંત જીવન વધુ ગમતું. ઉચ્ચ આદર્શો, ઉત્કટ દેશપ્રેમ, સર્વગ્રાહી ન્યાયબુદ્ધિ અને ઉન્નત આધ્યાત્મિક વૃત્તિપ્રેર્યા આ સમર્થ પત્રકારનું ૧૯૪૮ના એપ્રિલની ૨૯મીએ મુંબાઈ ખાતે અવસાન થયું.

દિનવિશેષ

તા. ૨ પોર્ટુગીઝ ગવર્નર અલબુકર્કે હિંદમાં સૌ પહેલું કારખાનું સ્થાપ્યું, ૧૫૦૩.
તા. ૩ વિદ્વાન ગુર્જર ભાષાશાસ્ત્રી નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયાનો જન્મ, ૧૮૫૯.
તા. ૫ ભારતના શ્રેષ્ઠ તત્ત્વજ્ઞાની અને આજના ઉપરાષ્ટ્રપતિ સર રાધાકૃષ્ણન્‌નો જન્મ, ૧૮૮૮.
તા. ૫ ફ્રેંચોએ જિંજીના સૂબા પાસેથી પૉન્ડીચેરી ખરીદ્યું, ૧૬૭૪.
તા. ૧૦ શાહજહાંના પ્રેમ અશ્રુસમા જગવિખ્યાત મકરબા તાજમહાલનું કામ પૂરું થયું, ૧૬૪૫
તા. ૧૪ ભારતની વિધાનસભામાં હિંદીને 'રાષ્ટ્રભાષા' તરીકે નક્કી કરવામાં આવી, ૧૯૪૯.
તા. ૧૫ રાજસ્થાનના ઇતિહાસમૂર્તિ પંડિત ગૌરીશંકર હીરાચંદ ઓઝાનો જન્મ, ૧૮૬૩.
તા. ૧૮ પ્રથમ અંગ્રેજ કોશકાર અને વિદ્વાન ડૉક્ટર સૅમ્યુઅલ જૉન્સનનો જન્મ, ૧૭૦૯.
તા. ૨૧ મહાન અંગ્રેજ નવલનવેશ, વિજ્ઞાનવિદ્ અને ચિંતક એચ. જી. વેલ્સનો જન્મ, ૧૮૬૬.
તા. ૨૨ વીજળીને નાથવાના પ્રથમ સફળ પ્રયોગો કરનાર : મિશેલ ફેરાડેનો જન્મ, ૧૭૯૧.
તા. ૨૪ પ્રખર રાજકારણશાસ્ત્રી અને ભારતસેવક વી. શ્રીનિવાસ શાસ્ત્રીનો જન્મ, ૧૮૬૯.
તા. ૨૭ ભારતના આધુનિક નવવિધાનના પુરોધા રાજા રામમોહનરાયનું અવસાન, ૧૮૩૩.
તા. ૨૯ ભારતમાં અંગ્રેજી રાજ્યનો પાયો નાખનાર ફૂટનીતિજ્ઞ રૉબર્ટ ક્લાઇવનો જન્મ, ૧૭૨૫.

પ્રસંગ વિશેષ : ઈસ્ટ ઈંડિયા કંપનીનો પાયો નંખાયો : ૨૨મી સપ્ટેમ્બર ૧૫૯૯

સ્પૅનિશ આર્માડા પરની ઇંગ્લંડની ઇ. ૧૫૮૮ની જીત પછી, હૉલૅન્ડ, પોર્ટુગાલ વગેરે દેશોને જોઇને ઇંગ્લંડના વેપારીઓને પણ પૂર્વના સમૃદ્ધ પ્રદેશો સાથે વેપાર કરવાની પ્રેરણા થતાં તેમણે એ માટેની એક શેરયોજના ઘડી કાઢી, અને તેને સારો આવકાર મળતાં ઇ. ૧૫૯૯ના સપ્ટેમ્બરની ૨૨મીએ, લૅાથબરીના ફાઉન્ડર્સ હૉલમાં લૉર્ડ મેયરના પ્રમુખપદે ભેગા મળી 'ઈસ્ટ ઈંડિયા કંપની'નો પાયો નાખ્યો. એ વખતની મહારાણી એલિઝાબેથે તેને 'પૂર્વના પ્રદેશો સાથે ઈંગ્લંડના વેપાર-વિકાસ માટે સ્થપાએલી કંપની' એ મતલબનો દસ્તાવેજી હક્કપત્ર લખી આપ્યો અને તે આખી યોજનાએ ઇ. ૧૬૦૦ના છેલ્લા દિવસે મૂર્ત સ્વરૂપ લીધું. હિંદ આવી કંપનીએ સૌપ્રથમ સુરત, ફૉર્ટ સેન્ટ જ્યૉર્જ (મદ્રાસ), અને હુગલી(બંગાળ)માં કોઠીઓ નાખી, જેમાંથી છેવટે કલકત્તા, મદ્રાસ અને મુંબાઈની તેની કોઠીઓ મુખ્ય રહી.

પણ જતે દહાડે કંપનીએ વેપારની સાથોસાથ તેને જડબેસલાક કરવા રાજ્યસત્તા પણ જમાવવા માટે ભારતનાં નાનાંમોટાં રાજ્યોમાં જે કાવાદાવા આદરેલા તે તો હવે જગજાહેર છે. આવી ફૂટનીતિથી જ દોઢ સૈકા પછી ૧૭૫૭માં 'પલાશીનું યુદ્ધ' જીતીને ક્લાઇવે ભારતમાં એ સત્તાની મેખ મારી, તે પછી ઉત્તરોત્તર સો વર્ષ સુધી તેનો જે સત્તાવિસ્તાર થતો રહ્યો તેમાં અજમાવેલી કુટિલતા, જુલ્મ અને ચૂસણનીતિને પરિણામે કંપની પ્રત્યેનો રોષ વધી જતાં ૧૮૫૭માં ભારતે તે સામે વ્યાપક બળવો પોકાર્યો. વેપારને મજબૂત કરવા વધારેલી રાજ્યસત્તાનો પથારો આમ માથાભારે થઇ જતાં તથા કંપની ખોટમાં જતી લાગતાં ઈ. ૧૮૫૭માં બ્રિટિશ સરકારે તેની બધી સત્તા પોતાને હસ્તક લીધી. આમ, વેપાર માટે આવેલી આ કંપનીએ જ સમગ્ર હિંદનું રાજ્ય મેળવી લઈ બ્રિટિશ સલ્તનતનો પાયો નાખી આપેલો, જેનાં અમુક સારાં પણ વધુ તો માઠાં ફળ ભોગવવાને અંતે ભારતે સ્વરાજ હાંસલ કર્યું.

આમ, મલ્હારરાવ નિર્દોષ ઠર્યા છતાં કાવતરાખોર રેસિડેન્ટ કર્નલ ફેરને ત્યાં જ રાખવામાં આવ્યો. અંતે તેણે, મલ્હારરાવે પોતાને ઝેર દેવાનો પ્રયાસ કર્યો છે એવી ફરિયાદ કરી પાંચ સાહેદો ઊભા કર્યા.

સમસ્ત ભારતમાં તો ઉઘાડી વાત હતી કે કોઈ વકીલ મલ્હારરાવ ગાયકવાડ માટે આગળ આવે એમ નથી. મુંબાઈના પોલીસ અધિકારી સૂટરે આ વાત સ્પષ્ટ કરી હતી એટલે ગાયકવાડ વતી એમનો એક વિશ્વાસુ મિત્ર વકીલ શોધવા લંડન ગયો, પરંતુ ત્યાં પણ સરકાર તરફથી વકીલમંડળમાં છૂપી માહિતી પહોંચાડવામાં આવેલી કે '૫૭-ના સંગ્રામમાં અંગ્રેજોને મારનાર હિન્દીઓના રાજાનો આ રાજદ્વારી કેસ છે; એક અંગ્રેજને ઝેર દેવાનો કેસ છે, એટલે મલ્હારરાવના માણસને લંડનમાંથી પણ વકીલ મળ્યો નહિ. દશ હજાર ગીનીની ફી આપતાં પણ કોઇ વકીલે હા પાડી નહિ.

મલ્હારરાવનો પ્રતિનિધિ છેલ્લે છેલ્લે સાર્જન્ટ બૅલેન્ટાઇન નામના તે જમાનાના પ્રખ્યાત ધારાશાસ્ત્રી પાસે ગયો. આ ધારાશાસ્ત્રીનો પુત્ર પાર્લામેન્ટમાં સભ્ય હતો. એટલે સાર્જન્ટ બૅલેન્ટાઈને પણ ના પાડી. આથી એ માણસ એટલો નિરાશ થયો કે મહારાજાને વીલું મોઢું બતાવવાની નામોશીમાંથી ઊગરવા તે બૅલેન્ટાઈનની ઑફિસમાં જ કાગળો મૂકીને ચાલ્યો ગયો, ફરીને ક્યાંય દેખાયો જ નથી!

પણ એણે મૂકેલાં કાગળિયાં બૅલેન્ટાઇને કૌતુકથી વાંચ્યાં તો મલ્હારરાવની નિર્દોષતાની એને ખાતરી થઈ. બ્રિટિશ રેસિડેન્ટ ને કાવતરાબાજોના કૌભાંડની પણ ખાતરી થઈ.

એટલે ત્યાંના વકીલમંડળ, પોતાના પુત્ર અને ત્યાંની સરકાર, તમામની ઉપરવટ થઈ, સાર્જટ બૅલેન્ટાઇન હિન્દ આવ્યો. મલ્હારરાવની વકીલાત કરીને અજબ એવી ઊલટ તપાસથી એણે કૌભાંડ ફોડી નાખ્યું ને આ આખું કૌભાંડ ઇરાદાપૂર્વક કરવામાં આવ્યું છે એ બતાવી આપ્યું. મલ્હારરાવને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા—કરવા પડ્યા. પરંતુ સમગ્ર રાજનીતિનો એકંદર ખયાલ કરીને, સમગ્ર રીતે જોતાં રાજાના બિનસંતોષકારકરાજવહીવટનેલીધે એમને પદભ્રષ્ટ કરવામાં આવ્યા.

એમની પાછળ વડોદરાની પ્રજાએ વિરોધ ઉઠાવ્યો. સખ્ત હડતાલ પાડી. અંગ્રેજને લાવલશ્કર બોલાવી શહેર ઉપર તોપો માંડવી પડી પણ એ વાત અહીં અપ્રસ્તુત છે. સાર્જન્ટ બૅલેન્ટાઇન કેસ જીતીને રવાના થયા ત્યારે ગાયકવાડે એમને દસ હજારની ફી આપી. પણ એ આખી ફી '૫૭ના સંગ્રામના શહીદોના જે પરિવારને મલ્હારરાવ પોષતા હતા, ને જેમને અંગ્રેજોએ મલ્હારરાવની મિલ્કતનો કબજો લેતી વખતે કાઢી મૂકયાં હતાં તેમનામાં વહેંચી દઇને એગોરો વિલાયત ગયો.

પણ ત્યાં ભારતમાંની અંગ્રેજ રાજનીતિ–કૂટનીતિના એક કલંકિત પ્રકરણને ખુલ્લું કરવાની ધૃષ્ટતા કરવા માટે રૂઢિચુસ્તોના પ્રચારથી પંથ ભૂલેલી જનતાએ એમના ઉપર ભારે રોષ બતાવ્યો. એમનું ઘર સળગાવવામાં આવ્યું. એમને ત્યાર પછી કોઈ વકીલાત ન મળી. એના ઉપરના કરજ માટે એના ઉપર મુકદ્દમાઓ નોંધાવા માંડયાં. પાંચ રૂપિયા કોઈ માગતું હોય તો તરત એના ઉપર દીવાની દાવો નોંધાવે ને પકડવાનું વોરંટ કઢાવે. આખરે સાર્જંટને નાસીને ફ્રાંસમાં ભાગવું પડયું અને ત્યાં કંગાલ હાલતમાં ભીખ માગીને એને નિર્વાહ કરવો પડ્યો.

અને એમ ને એમ આ ન્યાયપ્રિય વકીલનું કરુણ અવસાન થયું ત્યારે એની પાસે એના કફનના યે પૈસા ન હતા. ને ફ્રાંસના માર્સેલ્સમાં સરકારી ધર્માદા કબરમાં એનું નનામું શબ દફનાવાયું. સત્તાવનના આવા એક પરભોમવાસી શહીદના મૃત્યુને આજ પચાસ વર્ષ પૂરાં થાય છે. યાદગીરીની એને આટલી અંજલિ આપીએ. તેની સ્મૃતિરૂપે આજે પણ અમદાવાદમાં ત્રણ દરવાજા પાસે બૅલેન્ટાઈનની હવેલી ઊભી છે.

(જનકલ્યાણ) ગુણવંતરાય આચાર્ય

અંતર પાડી રે સમજીને સવળી આંટી,
માથું જાતાં રે મેલે નહિ તે નર માટી.

—બ્રહ્માનંદ—

શ્રીમંત પણ તપસ્વી સંત શાહ સુજાએ પોતાની ધર્મપરાયણ પુત્રીનો સંબંધ એક અત્યંત સદ્ગુણી પણ તદ્દન ચીંથરેહાલ ફકીર સાથે જોડચો. માત્ર એક પૈસાના લોબાન, એક પૈસાની રોટી અને એક પૈસાની ખાંડ વડે ઊજવાએલી શાદી પછી નવવધૂ ફકીરની ઝૂંપડીમાં દાખલ થઈ ત્યારે તેણે એક ખૂણામાં ચીંથરે વીંટેલા રોટીના કેવળ ત્રણ ટુકડા જોયા. ફકીરે કહ્યું કે રાતના ભોજન માટે એ સાચવી રાખ્યા છે. એ સાંભળતાં જ નવવધૂ ચાલી જવા તૈયાર થઈ. ફકીરે કહ્યું, 'મને શંકા હતી જ કે તને અમીરીમાં રહેનારને અહીં નહિ ફાવે.' નવવધૂએ જવાબ વાળ્યો, 'રખે ધારતા કે હું કંગાલિયતથી ડરી; પણ સાંજના ભોજનની આ ચિંતા જોઇને ખુદા પરની તમારી આસ્થા મને રોટીના એ ત્રણ ટુકડા જેટલી ઓછી લાગી.' ને પોતાની અશ્રદ્ધાથી ચોંકી ઊઠેલા ફકીરે એ ત્રણ ટુકડા રસ્તાના કૂતરાને ખવડાવી દીધા.

અનેકાર્થી શબ્દ : **પારસી**=એક કોમ; ગૂઢ સાંકેતિક બોલી; ધંધાદારી લોકોની સંજ્ઞા (દાખલા તરીકે સોની લોકોની સાંકેતિક ભાષામાં શાકર એટલે દોઢ રૂપિયો); છળકપટ.

કહેવતો : 'નવાબનું નગારું ને પૂંજિયાનું તગારું.'–કોઇ મોટી વ્યક્તિ કે પ્રવૃત્તિની સામે વાદ કે શેખીથી સમાન દેખાવાનો પ્રયત્ન કરવા માટે વપરાતી આ કહેવતનો શબ્દાર્થ કહે છે તેમ નવાબનું નગારું વાગતું હોય તેની સામે પોતાનું તગારું વગાડનાર જેવી એ ચેષ્ટા હોય છે. એવી બીજી કહેવતો : "રાણોજી 'રાજા' તો શેખજી 'સાહેબ';" હોળી-દિવાળી વચ્ચે ઉત્તરાયણ (એ પણ કાંઈ ઓછું પર્વ નથી); વગેરે.

ગણિતગમ્મત: ૭૧૫×૪૬=૩૨૮૯૦ એમાં ગુણ્ય, ગુણક અને ગુણાકારમાં મળીને ૦ થી ૯ સુધીના દસે અંકો આવી જાય છે. એક પણ બાકી નથી તેમજ કોઈ અંક એકથી વધારે વાર આવેલો પણ નથી. (મ. ના. ખત્રી)

સૌરાષ્ટ્રમાં પૈસાના સિક્કાને કાવડિયું કહે છે, તે નામ ઈસ્ટ ઈંડિયા કંપનીના પહેલા સિક્કાપર અદલ ઈન્સાફના પ્રતીક તરીકે ત્રાજવાંની છાપ હતી, તેને ગ્રામલોકો 'કાવડ' તરીકે ઓળખતા હોઇને તેનું નામ 'કાવડિયું' પડેલું, તે હજી ચાલુ છે, —આજે રૂપિયામાં રૂપું ન હોવા છતાં જૂના નામે ઓળખાય છે તેમ.



યૂલાચૅાન (eulachon) નામની આ માછલી ઉત્તર પૅસિફિકના આદિવાસીઓમાં બહુ માનીતી છે. એ ખાવાના કામમાં તો આવે છે જ, પણ સુકાઈ ગયે તેનામાં વાટ પરોવતાં આમ મીણબત્તી પેઠે તેનો ઉપયોગ થઈ શકે છે.

સૌરાષ્ટ્ર વિષે શ્લોકોક્તિ

सौराष्ट्रे पञ्चरत्नानि नदी नारी तुरङ्गमः।
चतुर्थं सोमनाथश्च पञ्चमं हरिदर्शनम् ॥
એમાં **हरिदर्शनम्** દ્વારા દ્વારિકા સૂચિત છે.

આ સદીની શરૂઆતમાં ભારતમાં દર વરસે રોજ ૩૪,૦૦૦ મની ઑર્ડર થતા; તે સંખ્યા વધીને રોજના દોઢ લાખ ને વરસના લગભગ ૫,૬૦,૦૦,૦૦૦ પહોંચી છે. જેની કુલ રકમ ૨૦૦ કરોડ રૂપિયા થાય છે.

સળેખમ ઉપર સાકર અને મીઠાની સમભાગે બારીક ભૂકી રૂના પૂમડામાં નાખી સૂંઘવી.

આરોગ્ય માટે ઉક્તિ

ખાવું તો તોળી તોળી, પીવું તો ઘોળી ઘોળી,
સૂવું તો રોળી રોળી, એ ઓસડ એ ગોળી.

(પ્રમાણમાં પચે તેટલું ખાવું, મોંમાં મમળાવીને પાણી પીવું કે જેથી થૂક સાથે ભળીને પાચક બને-કચરો કસ્તર હોય તો ખબર પડે, અને ડાબાં જમણાં પડખાં ફેરવીને સૂવું—એક જ સ્થિતિમાં કે ચત્તાપાટ નહિ—, આ જ આરોગ્ય માટેનું ખરું ઔષધ છે.)

મહેમાન (ફળિયામાં ઊભેલા છોકરાને): તારા બાપા ઘેર છે કે, છોકરા ?

છોકરો : હા જી.

મહેમાને બહુ વાર બારણું ખખડાવ્યા છતાં કંઇ જવાબ ન મળવાથી છોકરાને પૂછ્યું, 'તેં તો કહ્યું હતું ને, કે તારા બાપા ઘેર છે?'


છોકરો: છે સ્તો; પણ અમે અહીં નથી રહેતા.



←કલાકણિકા : મ્હૈસુરની લાક્ષણિક કારીગરી દર્શાવતો સોનાની તાસકનો એક ભાગ.



સૅમસન અને દલાઈલા : યહૂદીઓના મહાબલિષ્ઠ વીર સૅમસને પોતાનાં પરાક્રમથી ફિલિસ્તિનોને જેર કરેલા તેનું વેર લેવા રૂપવતી દલાઈલાએ તેને વિલાસની જાળમાં ફસાવી જાણી લીધું કે તેના બળનું રહસ્ય ઈશ્વરપ્રીત્યર્થે આજન્મ અખંડ રાખેલા તેના વાળમાં છે; અને તે ઊંઘી જતાં તે કાપી લઇ છુપાએલા જાતભાઈઓને બોલાવી તેને કેદ કરાવી લીધો. વિલાસની એક જ નબળી પળ ગમે તેવી પ્રચંડ શક્તિના પણ નાશ કરવાને પૂરતી છે એ પ્રબોધતું આ આવેગભર્યું ચિત્ર અંગ્રેજ કલાકાર સૉલૉમન જે. સૉલૉમનની કૃતિ છે.



એ કથાના એ જ બોધને કરુણરીતે તાદૃશ કરતું **કેદમાં ચક્કી પીસતા સૅમસન**નું કલાકાર ઈ. આર્મિટેજનું બ્રિટિશ મ્યૂઝિયમમાંનું ચિત્ર

ગુજરાતી ભાષામાં અનન્ય કલાપ્રકાશનો

શિલ્પપરિચય

હિંદી કલાનાં રૂપ અને રહસ્યદર્શનના અગ્રણી આવિષ્કારક તથા 'રૂપમ્'ના તંત્રી, વિખ્યાત કલાવિવેચક શ્રી અર્ધેન્દ્રકુમાર ગાંગુલીએ વિદ્યાર્થીઓ માટે તૈયાર કરેલા મૂળ બંગાળી ગ્રંથનો અનુવાદ. સંખ્યાબંધ દૃષ્ટાંતચિત્રોથી ખીચોખીચ ભરેલું આ પુસ્તક કલાનાં રૂપ-રહસ્યની શાસ્ત્રીય સમજણ આપીને રસદૃષ્ટિ ખીલવવા ઉપરાંત કોઇ પણ કલાપ્રેમી માટે હિંદી કલાની સમજણના એક મહત્ત્વના અભ્યાસરૂપ બની રહેશે. કલારસિકો, રસદૃષ્ટિના અભ્યાસી વિદ્યાર્થીઓ, ચિત્રશિક્ષકો, બધી માધ્યમિક શાળાઓ, પુસ્તકાલયો વગેરેને ઉપયોગી, ખીચોખીચ લખાણ સાથે લગભગ ૨૦૦ ચિત્રોથી ભરચક અતિ મૂલ્યવાન, સંગીન અને સમૃદ્ધ મીમાંસાપોથી કિં રૂ. ૩. (પો. વગેરે ૦॥।)

ગુજરાત કલાકલાપ

સર્વશ્રી રવિશંકર રાવળ, કનુ દેસાઈ, સોમાલાલ શાહ, રસિકલાલ પરીખ, જગન્નાથ અહિવાસી, છગનલાલ જાદવ, ત્રિગુણાતીત પંચોળી, બંસીલાલ વર્મા, શકુન્તલા દીવાનજી આદિ ગુજરાતી કલાકારોનાં પૂર્ણરંગી ચુનંદાં ચિત્રો આર્ટ કાર્ડ પર સુઘડ છપાઈમાં પ્રત્યેક ચિત્રકાર ને ચિત્રના પરિચય સાથે. **કલાપ–૧:** જીવનસંગીત (રવિશંકર રાવળ), નવધાન્ય (રસિકલાલ પરીખ), અર્જુનકર્વેશી (કનુ દેસાઈ) કલાતંતુ (સોમાલાલ શાહ), રંકની કલા (છગનલાલ જાદવ), રાજકુંવરી રૂપાંદે (રવિશંકર રાવળ); **કલાપ–૨:** કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય (રવિશંકર રાવળ), વાસન્તી (જગન્નાથ અહિવાસી), ઝરૂખે (રસિકલાલ પરીખ), પીરની માનતા (છગનલાલ જાદવ), પ્રતીક (કનુ દેસાઈ) ચંદ્રહાસ (પંચોળી); **કલાપ–૩:** ચાંદાચોળી રવિશંકર (રાવળ), કૃષિમહોત્સવ (રસિકલાલ પરીખ), શિશિર વસંત (સોમાલાલ શાહ), જન્મોત્સવ (શકુન્તલા દીવાનજી), ઝૂંપડીની લક્ષ્મી (બસીલાલ વર્મા), આભપરતીનો ઉપાસક (છગનલાલ જાદવ). આવાં, ગુજરાતી કલાનાં પ્રતિનિધિરૂપ છ છ ચિત્રોના દરેક કલાપનો કિંમત રૂા. ૨ (પોસ્ટેજ વગેરે ૦-૧૨-૦)

ભારતીય કલાકલાપ (નવું પ્રકાશન)

ગુજરાતમાં પ્રસિદ્ધ થએલા ચિત્રકળાના સર્વ સંપુટોમાં વૈવિધ્ય અને સર્વગ્રાહિતા માટે લોકપ્રિય, ઉપર્યુક્ત 'ગુજરાત કલાકલાપ'ની ઢબ ઉપર જ સમસ્ત ભારતના નામચીન કલાકારોની કલાના ચુનંદા નમૂનાઓ રજૂ કરતી ત્રણ સંપુટોની આ નવી માળા કેવી અદ્વિતીય અને અનન્ય બની રહેશે તેને વિષે અમે કાંઈ પણ કહીએ તે કરતાં આ નીચેનાં એ ચિત્રો તથા ચિત્રકારોનાં નામ જ તે આપોઆપ કહી રહેશે: **કલાપ–૧:** પ્રણયોત્સવ (અજંતા), બાબરનો દરબાર (મુઘલ), ગોઠડી (કાંગરા), કુણાલ (નંદબાબુ), રાગિણી ગૌરી (પ્રમોદકુમાર), વનભોજન (વનવિહારી); **કલાપ–૨:** રાજરાણી(પોલોમારૂઆ), ચાંદબીબી(દખ્ખણ કલમ), દંપતી(રાજપુત), મહિયારી(નંદબાબુ), ચન્દ્રશેખર (પ્રમોદકુમાર), બુદ્ધ (પુલિન બિહારી); **કલાપ–૩:** જીવનસખ્ય (પુલિન બિહારી), આકાશી ગાન (માસોજી), બાજબહાદુર રૂપમતી (મુઘલ), કમળતળાવડી (રમેન્દ્રનાથ), અંબની લાકડી (દેવવ્રમન), પહાડી ઝરણ (વીરેશ્વર સેન). ટૂંક સમયમાં બહાર પડશે.

અમદાવાદ (ગુજરાતનું પાટનગર)

જેણે પશ્ચિમના સમર્થ કલામીમાંસકોને મુગ્ધ કર્યા છે અને જેની પ્રશસ્તિ સાંભળીને જગત-યાત્રીઓ અમદાવાદ આવે છે, એ શિલ્પ અને સ્થાપત્યનાં કાવ્યો સમાં અમદાવાદનાં બાવન નામચીન સ્થાનોના ફોટોગ્રાફોનું આલ્બમ. ચિત્રોની માહિતીનોંધ તથા અમદાવાદની ચડતીપડતીના વિદ્વત્તાભર્યા નિબંધ સાથે. કિં. રૂ. ૨. (પો. વગેરે ૦॥)

બાલવાર્તાવલિ

વાચન શરૂ કરતાં બાળકોમાં જિજ્ઞાસા પ્રેરીને તેમને વાંચતાં કરે એવો, આપણાં ઘરોઘરમાં પ્રચલિત લોકવાર્તાઓનો શ્રી હંસાબહેન મહેતાએ સંપાદિત કરેલો આ સંગ્રહ, બાળસાહિત્યના પ્રકાશનમાં સીમાચિહ્ન સમો બન્યો છે. નાનાં બાળકો સમજી શકે અને રમૂજ પામે એવાં તદ્દન સાદી રેખાઓમાં કરેલા પાનેપાને પથરાએલાં ઉઠાવદાર આલેખનો તથા ચાર પૂર્ણરંગી ચિત્રો સાથે મોટાં બીબાંમાં છાપેલું પાકા પૂઠાનું આ પુસ્તક કોઇ પણ બાળકની જન્મ-દિવસની કે વારતહેવારની ભેટ બનીને તેને રાજીરાજી કરી મૂકે એવું છે. કિંમત રૂા. ૨. પોસ્ટેજ રૂા. ૦-૧૨-૦

યોગાસનો

શરીર, મન અને જ્ઞાનતંતુઓને એકીસાથે સ્વસ્થ રાખતી અને કોઈ પણ ઉમરના માણસને આરોગ્ય પ્રાપ્ત કરાવી આપનારી આપણી આ પ્રાચીન વ્યાયામપદ્ધતિની સચિત્ર લેખમાળા 'કુમાર'માં ખૂબ લોકપ્રિય થઈ ગઈ. ટૂંક વખતમાં તે નાની અને સસ્તી પુસ્તિકા રૂપે એનાં સર્વ ચિત્રો સાથે પ્રકટ થશે. કિંમત રૂા. ૦॥ (પો. ૦-૧-૦) વી. પી. કરવામાં આવશે નહિ અને ટપાલમાં ટિકિટો મોકલવી સલામત નથી; માટે નાણાં મનીઑર્ડરથી મોકલવાં.

કુમાર કાર્યાલય લિમિટેડ · ૧૪૫૪ રાયપુર · અમદાવાદ